NCERT મુજબ નવા પાઠ્યપુસ્તકના અભ્યાસક્રમ આધારિત

# અલંકાર સ્ટડી મટીરિઅલ

- દરેક એકમની સમજૂતી અને મૂલ્યાંકનલક્ષી પ્રવૃત્તિઓનું સંપૂર્ણ માર્ગદર્શન
- બંને સત્રના આદર્શ પ્રશ્નપત્રો



# આસપાસ

## પર્યાવરણ અભ્યાસ

## ધોરણ - 3


Very unique to learn.....

Alankar® Publication

અલંકાર પબ્લિકેશન

H/75-A, Akshardeep Complex, Shastrinagar, Bhavnagar 364002

9726437575, 9913427575 alankarpublication@yahoo.com www.alankarpublication.com

## પ્રસ્તાવના...

પ્રવૃત્તિલક્ષી શિક્ષણપ્રક્રિયા મુજબ જે તે એકમનું અધ્યયન-અધ્યાપન દરમિયાન ચર્ચા અને ચિંતન થાય છે. સમગ્ર એકમનું મૂલ્યાંકન સરળતાથી થઈ શકે તે માટે મૂલ્યાંકનસામગ્રી હાથવગી હોય તો વિષયવસ્તુના તમામ પાસાઓનું મૂલ્યાંકન સરળ બની રહે અને અધ્યાપન કાર્ય દરમ્યાન તમામ મુદ્દાઓનું ઝીણવટપૂર્વક અધ્યયન કાર્ય થઈ શકે તેવા હેતુથી "અલંકાર સ્ટડી મટીરિઅલ" બનાવવામાં આવ્યું છે.

વિદ્યાર્થી-વાલી અને શિક્ષકને મૂલ્યાંકન સ્વરૂપે સાંકળરૂપ જોડવાનું કાર્ય આ પુસ્તક દ્વારા કર્યું છે. મૂલ્યાંકન પ્રવૃત્તિઓના જવાબો મેળવવા માટે વિદ્યાર્થીને માર્ગદર્શન પૂરું પાડવા પ્રયત્ન થયો છે. તમામ એકમના બધા જ શૈક્ષણિક મુદ્દાઓની વિસ્તૃતસ્વરૂપે અહીં મૂલ્યાંકન પ્રવૃત્તિઓ આપી છે જે એકમ સમજવામાં દરેક સમયનો સાથી બની રહેશે.

અમને વિશ્વાસ છે કે દરેક એકમ શીખવા-સમજવામાં આ પુસ્તક ઉપયોગી બની રહેશે. આપના અભિપ્રાયોનું સ્વાગત કરીએ છીએ.

સ્ટડી મટીરિઅલ બનાવતા ખૂબ જ કાળજી રાખવામાં આવી છે. આમ છતાં, માનવસહજ સરતચૂક કે ટેક્નોલૉજીની ક્ષતિને કારણે વિગતદોષ, માહિતીદોષ કે અન્ય કોઈ વિસંગતતા જણાય તો સત્વરે ધ્યાન દોરવા વિનંતી. આપના યોગ્ય સૂચનોને તજજ્ઞોના માર્ગદર્શન બાદ સુધારી લેવામાં આવશે.

- પ્રકાશક

# અનુક્રમણિકા


| ક્રમ | એકમ | પે.નં. |
|---|---|---|
| ૧ | પૂનમે શું જોયું ? | ૩ |
| ૨ | વનપરી | ૧૨ |
| ૩ | પાણી જ પાણી ! | ૨૬ |
| ૪ | છોટુનું ઘર | ૨૭ |
| ૫ | ઘર એક શાળા | ૩૨ |
| ૬ | ખાધા વિના ન ચાલે | ૩૯ |
| ૭ | અનોખો સંવાદ | ૪૬ |
| ૮ | ફરરરર.... | ૫૧ |
| ૯ | આવ રે વરસાદ | ૫૯ |
| ૧૦ | રસોડાની વાત | ૬૫ |
| ૧૧ | આપણાં વાહનો | ૭૧ |
| ૧૨ | આપણાં કામ | ૭૯ |
| * | મૂલ્યાંકનલક્ષી નમૂનારૂપ આદર્શ પ્રશ્નપત્ર – ૧ | ૯૧ |

| ક્રમ | એકમ | પે.નં. |
|---|---|---|
| ૧૩ | આપણી લાગણીઓની ભાગીદારી ! | ૯૩ |
| ૧૪ | આપણો ખોરાક | ૯૮ |
| ૧૫ | માટીની મજા | ૧૦૪ |
| ૧૬ | મારું ઘર | ૧૧૦ |
| ૧૭ | પત્રનો પ્રવાસ | ૧૧૬ |
| ૧૮ | રમતાં – રમતાં | ૧૨૩ |
| ૧૯ | આપણાં સાથી | ૧૨૯ |
| ૨૦ | કેટલાં રે કેટલાં | ૧૩૫ |
| ૨૧ | પાણી બચાવીએ | ૧૪૧ |
| ૨૨ | ડાબું – જમણું | ૧૪૮ |
| ૨૩ | સુંદર કપડાં | ૧૫૮ |
| ૨૪ | જીવનનું જાળું | ૧૬૩ |
| ૨૫ | મારો તાલુકો | ૧૬૭ |
| * | મૂલ્યાંકનલક્ષી નમૂનારૂપ આદર્શ પ્રશ્નપત્ર – ૨ | ૧૭૩ |



No part of this publication can be reproduced, store in a retrieval system or transmitted in any from or by any means-electronic, mechanical, photo-typing, recording or otherwise without the prior written permission of the publishers. All right of export of this book is reserved with the publisher. Any person who does any un-authorised act in relation to this publication will be liable to legal prosecution and civil claims for damages.

# ૧. પૂનમે શું જોયું ?

**ચર્ચા ✻ કહો ✻ લખો ✻ વિચારો ✻ બનાવો ✻ શોધી કાઢો**

પૂનમ બીમારીના કારણે ઘરની બહાર ખાટલા ઉપર સૂતી હતી. તેણે અચાનક ઝાડ ઉપર જોયું. ઝાડ ઉપર પ્રાણીઓ, પક્ષીઓ અને જંતુઓને જોયાં. પંખી અને પ્રાણીઓના અવાજ સાંભળ્યા. પંખી અને પ્રાણીઓ જુદી જુદી રીતે ચાલતાં હતાં.

પૂનમ તળાવે ગઈ, ત્યાં પણ પૂનમે જુદાં જુદાં પંખી-પ્રાણીઓ જોયાં. તેને ઘણું બધું જાણવાની ઇચ્છા થઈ. આ રીતે આ એકમમાં વિવિધ પ્રકારના જીવ વિશે જાણકારી આપવામાં આવી છે.

**● આ એકમમાં શીખવાના મુખ્ય મુદ્દાઓ :**

- આપણી આસપાસનાં પશુ-પક્ષી અને જીવ-જંતુઓની યાદી
- આપણી આસપાસનાં પશુ-પક્ષી અને જીવ-જંતુઓનાં રહેઠાણો
- પશુ-પક્ષીઓના જુદા જુદા અવાજ
- પ્રાણીઓના કદમાં વિવિધતા

**● એકમની સમજ આપતી મુખ્ય પ્રશ્નોત્તરી :**

**૧. તમે જોયેલાં પંખીઓનાં નામ લખો.**

**ઉત્તર:** જોયેલાં પંખી - કાગડો, મોર, ચકલી, કાબર, બતક, કબૂતર, દેવચકલી, હોલો, સારસ વગેરે છે.

**૨. તળાવની આસપાસ પૂનમે કયાં પ્રાણીઓ જોયાં હશે ?**

**ઉત્તર:** તળાવની આસપાસ પૂનમે બકરી, ભેંસ, દેડકો, કાચબો વગેરે પ્રાણી જોયાં હશે.

**૩. તમે તળાવ પાસે જોયેલાં પ્રાણીઓની જેમ કામ કરી શકો ?**

**ઉત્તર:** ના, તળાવ પાસે જોયેલાં પ્રાણીઓની જેમ કામ કરી શકાય નહીં.

**૪. કયું પ્રાણી કેવો અવાજ કાઢે છે અને કેવી રીતે હલનચલન કરે છે ?**

**ઉત્તર:** દેડકો ડ્રાંઉં ડ્રાંઉં કરે અને કૂદકા મારીને ચાલે છે, કાગડો કા...કા... કરે છે અને ઊડાઊડ કરે છે. બકરી બેં...બેં... કરે છે ને બે પગે ચાલીને એક જગ્યાએથી બીજી જગ્યાએ જાય છે. વાંદરો હૂપ..હૂપ.. કરે છે, તે ઝાડની એક ડાળી ઉપરથી બીજી ડાળીએ

જાય છે. ખિસકોલી ખિલ ખિલ કરે છે ને એક ડાળી ઉપરથી બીજી ડાળીએ જાય છે. હોલો ઘૂ..ઘૂ.. કરે છે ને એક ઝાડ ઉપરથી બીજા ઝાડ ઉપર ઊડીને જાય છે. કબૂતર ઘૂ ઘૂ ઘૂ કરે છે ને એક ઝાડ ઉપરથી બીજા ઝાડ ઉપર ઊડીને જાય છે. મોર ટેંહુક ટેંહુક કરે છે ને ઝાડ ઉપર અથવા ઝાડ નીચે જોવા મળે છે. પતંગિયું એક ફૂલ ઉપરથી બીજા ફૂલ ઉપર જાય છે. ગરોળી ભીંત ઉપર સરકીને જાય છે. કરોળિયો જાળું બાંધીને રહે છે. ઉંદર એક જગ્યાએથી બીજી જગ્યાએ જઈને દરમાં પેસી જાય છે.

**૫. પ્રાણીઓનાં રહેઠાણ :**

| દરમાં રહેતાં | માળામાં રહેતાં | ઘરમાં રહેતાં | પાણીમાં રહેતાં |
|---|---|---|---|
| ઉંદર | ચકલી | ઉંદર | હંસ, બતક |
| સાપ | કબૂતર | કરોળિયો | માછલી |
| કીડી | હોલો | ગરોળી | કાચબો |
| મંકોડો | કાગડો | છછૂંદર | મગર |
| અજગર | પોપટ | બિલાડી | દેડકો |

**૬. યાદ કરો અને લખો.**

**ઊડી શકે તેવાં** : કાગડો, ચકલી, કબૂતર, હોલો, સારસ, સમડી, ગીધ

**પગથી ચાલી શકે તેવાં** : ગાય, ભેંસ, બકરી, કૂતરો, નોળિયો, હરણ, ભૂંડ

**પેટ ઘસડીને ચાલી શકે તેવાં** : સાપ, અજગર, અળસિયું.

**કૂદકા મારી ચાલી શકે તેવાં** : દેડકો, ચકલી, વાંદરો

**પૂછડી હોય તેવાં** : કૂતરો, ઘોડો, ગાય, ભેંસ, બકરી, હાથી, શિયાળ, સસલું, હરણ, ઝીબ્રા, ઊંટ

**માથે શિંગડાં હોય તેવાં** : ગાય, ભેંસ, બકરી, ઘેટું, હરણ, કાળિયાર.

**દીવાલ પર ચાલી શકે તેવાં** : ગરોળી, કરોળિયો, કીડી, માખી

## ૭. શોધો અને લખો.

(૧) મને કેળું ખાવું ખૂબ ગમે છે. હું કૂદવામાં અને લટકવામાં સમય વિતાવું છું. **- વાંદરો**

(૨) હું દીવાલ પર જાળું બનાવું છું. જેમાં જીવજંતુ ચોંટે તે મારો ખોરાક છે. **-કરોળિયો**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ક્ષ | ત | ચા | અ | બા | લે | સી |
| વાં | દ | રો | ખા | તી | પા | ળ |
| પા | ર | સિ | દે | વા | પી | ળ |
| ઉ | ઘુ | વ | ડ | ર | વા | જ |
| ક | રા | બી | કો | મા | ત | ગ |
| રો | સિ | રિ | કુ | તા | ર | થ |
| ળિ | વા | સા | ડી | કા | ચ | બો |
| યો | બ | અ | ળ | સિ | યું | ગો |

(૩) હું આખી રાત જાગું છું અને દિવસે અજવાળામાં સૂઈ જાઉં છું. **- ઘુવડ**

(૪) ડ્રાંઉં ડ્રાંઉં મારો અવાજ છે. હું પાણી અને જમીન ઉપર જોવા મળું છું. **- દેડકો**

(૫) હું વરસાદ પછી જોવા મળું છું. મારે પગ નથી, હું પેટ ઘસડીને ચાલું છું. **-અળસિયું**

(૬) મારી ગતિ ધીમી છે. હું પાણી અને જમીનમાં રહું છું. **- કાચબો**

## ૮. વૃક્ષ નીચે થોડો સમય પસાર કરો. અહીંથી જોઈ શકાતાં પ્રાણીઓને નિહાળો. જે પ્રાણીઓ દેખાયા હોય તેમનાં નામ લખો.

(૧) થડ ઉપર : **ખિસકોલી, કાંચીડો, વાંદરો.**

(૨) જમીન ઉપર : **ગાય, બકરી, ઘેટું**

(૩) ડાળી ઉપર : **વાંદરો, ઉંદર, ગરોળી**

(૪) પાંદડાંઓ ઉપર : **કીડી, જીવ-જંતુ, ઈયળ**

(૫) વૃક્ષની આજુબાજુ : **કાચબો, કૂતરો, ભેંસ**

(૬) અન્ય સ્થળે જોયેલાં: **ભૂંડ, હરણ, જિરાફ**

## ૯. જોયેલાં પ્રાણીઓને તેમનાં કદના આધારે ગોઠવો.

(૧) ગરોળી (૨) ઉંદર (૩) છછૂંદર (૪) સસલું (૫) કૂતરો (૬) ઘેટું (૭) બકરી (૮) ગાય (૯) ભેંસ (૧૦) ઊંટ (૧૧) હાથી

## મૂલ્યાંકનલક્ષી વિશેષ પ્રવૃત્તિઓ

**૧. નીચે આપેલાં ચિત્રો જોઈ તેનાં નામ લખો.**

| | | | |
|---|---|---|---|
|  |  |  |  |
| **ખિસકોલી** | **ઘુવડ** | **કોયલ** | **મંકોડો** |
|  |  |  |  |
| **કીડી** | **મચ્છર** | **બગલો** | **ગરોળી** |
|  |  |  |  |
| **જિરાફ** | **કાચબો** | **ગીધ** | **મરઘી** |

**(મરઘી, ગીધ, કાચબો, જિરાફ, ગરોળી, બગલો, મચ્છર, કીડી, મંકોડો, કોયલ, ઘુવડ, ખિસકોલી)**

**૨. નીચેના પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરી તેનો ક્રમ લખો.**

**(૧) નીચેનામાંથી કયું પ્રાણી ઝાડ ઉપર રહે છે ?**

**(અ) વાંદરો** (બ) બળદ (ક) હાથી (ડ) કૂતરો

**(૨) નીચેનામાંથી કયું પ્રાણી દર બનાવીને રહે છે ?**

(અ) કાચબો **(બ) ઉંદર** (ક) માખી (ડ) કબૂતર

**(૩) નીચેનામાંથી કયું પક્ષી ઝાડ ઉપર માળો બાંધીને રહે છે ?**

(અ) પતંગિયું (બ) કરોળિયો **(ક) કાગડો** (ડ) બતક

**(૪) નીચેનામાંથી કયું જંતુ ઊડી શકે છે ?**

(અ) અળસિયું (બ) વીંછી (ક) દેડકો **(ડ) પતંગિયું**

**(૫) નીચેનામાંથી કયું પ્રાણી પાણીમાં અને જમીન ઉપર એમ બંને જગ્યાએ રહે છે ?**

(અ) બકરી **(બ) મગર** (ક) બળદ (ડ) માછલી

### ૩. કૌંસમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલીજગ્યા પૂરો.

(૧) પૂનમ ઉપર પક્ષી **ચરકી** ગયું. (સરકી, **ચરકી**)

(૨) **દેડકો** પ્રાણી કૂદકા મારીને ચાલે છે. (**દેડકો,** ગરોળી)

(૩) **હાથી** પ્રાણીને સૂપડા જેવા કાન છે. (જિરાફ, **હાથી**)

(૪) **અજગર** પ્રાણી પેટે સરકીને ચાલે છે. (કાચીંડો, **અજગર**)

(૫) આપણાં ઘરમાં દૂધ પી જતું પ્રાણી **બિલાડી** છે. (કૂતરો, **બિલાડી**)

### ૪. નીચે આપેલાં વિધાનો સામે ☑ ખરાં કે ☒ ખોટાંની નિશાની કરો.

(૧) કેટલાક લોકો કૂતરાને પાળે છે. - ☑

(૨) સવારે વહેલાં બોલતું પક્ષી કાગડો છે. - ☒

(૩) વંદો દીવાલ ઉપર જાળું બનાવે છે. - ☒

(૪) ઘુવડ (પક્ષી) આખી રાત જાગે છે. - ☑

(૫) કાચબો પાણી અને જમીન ઉપર રહે છે. - ☑

### ૫. ખોટા શબ્દ પર ચેકો મારો

(૧) વાંદરાને ~~**જામફળ**~~ / **કેળું** બહુ ભાવે છે.

(૨) ઘુવડની આંખો **મોટી** / ~~**નાની**~~ હોય છે.

(૩) કરોળિયો ~~**ફ્રિજ**~~ / **દીવાલ** ઉપર જાળું બનાવે છે.

(૪) **કાગડો** / ~~**ગીધ**~~ ચતુર પક્ષી છે.

(૫) **પોપટ** / ~~**ગરુડ**~~ નો રંગ લીલો હોય છે.

### ૬. દરેકના બે - બે નામ લખો.

| | | | |
|---|---|---|---|
| (૧) | પાણીમાં તરતાં પક્ષી | : (૧) **બતક** | (૨) **હંસ** |
| (૨) | ફળ ખાતાં પક્ષી | : (૧) **પોપટ** | (૨) **કોયલ** |
| (૩) | પૂછડી ન હોય તેવા જીવ | : (૧) **કરોળિયો** | (૨) **માખી** |
| (૪) | મીઠું બોલતાં પક્ષી | : (૧) **કોયલ** | (૨) **મોર** |
| (૫) | કર્કશ બોલતાં પક્ષી | : (૧) **કાગડો** | (૨) **ઘુવડ** |
| (૬) | નાની પાંખોવાળાં પક્ષી | : (૧) **ચકલી** | (૨) **કોયલ** |
| (૭) | મોટી પાંખોવાળાં પક્ષી | : (૧) **સારસ** | (૨) **ગીધ** |

(૮) તીક્ષ્ણ ચાંચવાળાં પક્ષી : (૧) **કાગડો** (૨) **સમડી**
(૯) માણસને ઉપયોગી પ્રાણી : (૧) **ગધેડો** (૨) **ઊંટ**
(૧૦) સુંદર નૃત્ય કરતા પક્ષી : (૧) **મોર** (૨) **સારસ**

**૭. નીચેનાં પ્રાણીઓનો એક - એક ઉપયોગ લખો.**

**(૧) ઊંટ :** રણમાં મુસાફરી કરવા માટે, ઊંટગાડીમાં સામાન એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવા માટે.

**(૨) હાથી :** મુસાફરી કરવા માટે, જંગલમાં મોટાં લાકડાં એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવા માટે.

**(૩) ઘોડો :** મુસાફરી કરવા માટે, ઘોડાગાડીમાં એક જગ્યાએથી બીજી જગ્યાએ મુસાફરને લઈ જવા માટે.

**(૪) ગધેડો:** કુંભાર તેની પીઠ ઉપર દૂરથી માટી લાવવા ઉપયોગ કરે છે. ક્યારેક ધોબી તેની પીઠ ઉપર ધોવાના ઘણાં કપડાં લાદીને તળાવે લઈ જાય છે.

**(૫) કૂતરો:** ઘરની ચોકી કરે છે. પોલીસ ટ્રેનિંગ મેળવેલાં કૂતરાનો ઉપયોગ ચોરને પકડવામાં કરે છે.

**(૬) ગાય :** ગાયનું દૂધ પૌષ્ટિક છે, તેથી લોકો તેને પાળે છે. ગાયના દૂધમાંથી માખણ, ઘી અને છાશ બને છે જે પચવામાં હલકાં છે.

**૮. 'હા' કે 'ના' લખો.**

(૧) ઘોડો ઘોડારમાં જોવા મળે છે. - **હા**
(૨) જિરાફ ઉપર ગૂણ નાખવામાં આવે છે. - **ના**
(૩) ગાય ધણમાં જોવા મળે છે. - **હા**
(૪) હિપોપોટેમસ જંગલમાં જોવા મળે છે. - **હા**
(૫) ભેંસ ખાડુંમાં જોવા મળે છે. - **હા**

**૯. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો.**

**(૧) કયા પ્રાણીને ફેણ હોય છે ?**

**ઉત્તર:** સાપ (નાગ)ને ફેણ હોય છે.

**(૨) કયા પ્રાણીના પગ થાંભલા જેવા જાડા હોય છે ?**

**ઉત્તર:** હાથીના પગ થાંભલા જેવા જાડા હોય છે.

**(૩) કયું પ્રાણી દૂરની સવારી માટે વપરાય છે ?**

**ઉત્તર:** ઘોડો દૂરની સવારી માટે વપરાય છે.

**(૪) કયા પ્રાણીની પીઠ ઉપર સુંવાળા ત્રણ-ચાર પટ્ટા હોય છે ?**

**ઉત્તર:** ખિસકોલીની પીઠ ઉપર સુંવાળા ત્રણ-ચાર પટ્ટા હોય છે.

**(૫) કયું પ્રાણી ખેતર ખેડવા માટે ઉપયોગી છે ?**

**ઉત્તર:** બળદ ખેતર ખેડવા માટે ઉપયોગી છે.

**૧૦. તફાવતના બે - બે મુદ્દાઓ લખો.**

| પ્રાણી | પક્ષી |
|---|---|
| ૧. પ્રાણીઓને આંચળ હોય છે. | ૧. પક્ષીઓને આંચળ હોતા નથી. |
| ૨. પ્રાણીઓને ચાર પગ હોય છે. | ૨. પક્ષીઓને બે પગ હોય છે. |
| ૩. પ્રાણીઓ ઊડી શકતાં નથી | ૩. પક્ષીઓ ઊડી શકે છે. |
| ૪. પ્રાણીઓને ચાંચ હોતી નથી. | ૪. પક્ષીઓને ચાંચ હોય છે. |

**૧૧. તમને મનગમતું સુવાક્ય નીચે લખો. (દા.ત. 'પ્રાણીઓ આપણા મિત્ર')**

- **"પાણી બચાવો, પાણી આપણને બચાવશે."**

## ચાલો, પ્રવૃત્તિ કરીએ :

**(૧) અહીં પ્રાણીઓનાં અધૂરાં ચિત્રો આપેલાં છે. ચિત્રો દોરી પૂર્ણ કરો.**



(૨) જે જીભથી પાણી પીતાં હોય ત્યાં ☑ કરો.



(૩) નીચેનાં ચિત્રો જોઈને દરેક ચિત્રનું એક એક અંગ લઈને એક નવું ચિત્ર બનાવો.



(૪) ૧૦×૧૦ સેમીના ચિત્રનું કટિંગ કરીને વિવિધ ટુકડાઓ ચીપકાવો.



## પ્રોજેક્ટવર્ક

➥ તમારા ઘરમાં ન રહેતાં હોય તેવાં પ્રાણીઓમાં રંગ પૂરો.



## વિદ્યાર્થીઓ આ એકમમાંથી શું શીખે છે, જાણે છે.

૧. પ્રાણીઓ અને પક્ષીઓના ચિત્રોને ઓળખી તેના નામ લખે છે.
૨. કયા કયા પક્ષીઓ માળામાં ઈંડાં મૂકે છે તે જાણે છે.
૩. પ્રાણીઓ અને પક્ષીઓની વિશેષતાઓને ઓળખે છે.
૪. પેટ ઘસડીને ચાલી શકે તેવા જીવને ઓળખે છે.
૫. પક્ષી-પ્રાણીઓના અવાજને ઓળખે છે.
૬. પેન્સિલથી અધૂરું ચિત્ર પૂર્ણ કરતા શીખે છે.
૭. પ્રાણી-પક્ષીઓના તફાવત જાણે છે.
૮. કોયડાની રમત શીખે છે.

# ૨. વનપરી

**ચર્ચા ✻ કહો ✻ લખો ✻ વિચારો ✻ બનાવો ✻ શોધી કાઢો**

રવિવારની રજામાં અમુ, શબનમ, માઈકલ, દયારામ અને દીદી સંતાકૂકડી અને અંતાક્ષરી રમ્યાં.

દીદી વનપરી બન્યાં. તેમણે એક વસ્તુ અડવા કહ્યું. બગીચામાં અમુએ ગલગોટો પકડ્યો. શબનમે જાસ્મીનના છોડને પકડ્યો, માઈકલે મહેંદીના છોડને પકડ્યો, દયારામે લીમડાના વૃક્ષને પકડી લીધું.

બાળકોએ બગીચામાં વૃક્ષ, છોડ વિશે જાણ્યું. વૃક્ષોનાં પાંદડાં વિશે બધું જાણ્યું. પાંદડાંઓના રંગ, આકાર, કિનારી વિશે બાળકોને જાણવાની મજા આવી.

**● આ એકમમાં શીખવાના મુખ્ય મુદ્દાઓ :**

- બગીચામાં છોડ અને વૃક્ષની જાણકારી.
- બગીચામાં છોડ અને વૃક્ષનાં પાંદડાં અને તેની ખાસીયતો.
- જોયેલાં પાંદડાં અને ન જોયેલાં પાંદડાંની માહિતી.
- ગંધથી ઓળખી શકાય તેવાં પર્ણો.
- સૂકાઈ ગયેલાં પર્ણોમાંથી જુદા જુદા આકારો અને ડિઝાઈન.
- પર્ણોની છાપની જાણકારી.
- ટુવાલ, સાડી, પડદા, ઓશિકાનાં કવર ઉપર ફૂલ-પર્ણોની ડિઝાઈનની જાણકારી.
- છોડ અને વૃક્ષના તફાવતની જાણકારી.

## • એકમની સમજ આપતી મુખ્ય પ્રશ્નોત્તરી :

**૧. તમે જોયેલાં પાન લખો.**

**ઉત્તર:** અમે કેળનાં પાન, લીમડાનાં પાન, વડના પાન, બાવળના પાન, આંબાના પાન, આસોપાલવના પાન, મહેંદીના પાન, તુલસીના પાન જોયાં છે.

**૨. બગીચામાં શું શું જોવા મળે છે ?**

**ઉત્તર:** બગીચામાં હીંચકા, લપસણી, ફુવારો, છોડ, વૃક્ષ, બેસવાનો બાંકડો, વેલ, પક્ષીઓ, પ્રાણીઓ વગેરે જોવા મળે છે.

**૩. બધાં જ વૃક્ષની છાલ સરખી હોય તો શું થાય ?**

**ઉત્તર:** બધાં જ વૃક્ષની છાલ સરખી હોય તો વૃક્ષને ઓળખી ન શકાય.

**૪. કયા વૃક્ષની છાલની છાપ પાડી શકાય નહીં ? શા માટે ?**

**ઉત્તર:** બાવળ અને બોરડીને કાંટા હોય છે તેથી તેની છાલની છાપ પાડી શકાય નહીં.

**૫. ઘરમાં જે વસ્તુઓ પર પર્ણો અને ફૂલોની છાપ હોય તેમના નામ લખો.**

**ઉત્તર:** ઘરમાં ઓછાડ, ટુવાલ, ઓશિકાનાં કવર, બારીના પડદામાં વગેરે વસ્તુઓ પર પર્ણો અને ફૂલોની છાપ હોય છે.

**૬. તમે જોયેલાં કેટલાંક વૃક્ષોનાં નામ લખો.**

**ઉત્તર:** અમે આંબો, લીમડો, બાવળ, વડ, આસોપાલવ વગેરે વૃક્ષો જોયાં છે.

**૭. શું કોઈ એવા છોડ છે જે વિશે તમે સાંભળ્યું છે પણ જોયાં નથી ? તેનાં નામ લખો.**

**ઉત્તર:** અમે અઘેડો, શણ, ભીંડી, ઈલાયચીનો છોડ, ખસખસનો છોડ જોયાં નથી.

**૮. અત્યારે જોવા મળતાં ન હોય તેવાં વૃક્ષના નામ લખો.**

**ઉત્તર:** અત્યારે જોવા ન મળતાં વૃક્ષો - દેવદાર, અંજીર, એખરો, સમડો, ગરણ, કાંચનાર, ધાવડી છે.

**૯. વડીલોને પૂછો કે કયાં વૃક્ષો અત્યારે છે, પરંતુ પહેલાં ન હતાં ?**

**ઉત્તર:** અત્યારે છે અને પહેલાં ન હતાં તેવા વૃક્ષો - શરુ, અરણિ, કરેણ, બકુલ, સરગવો, પપૈયાનું ઝાડ, દાડમડી, અરીઠો, ખેર, સોપારીનું ઝાડ વગેરે છે.

**૧૦. મિત્ર વૃક્ષ શાનું છે ?**

**ઉત્તર:** વિદ્યાર્થી એક વૃક્ષને પસંદ કરે અને તેનું બરાબર જતન કરે તે તેનું મિત્ર વૃક્ષ છે.

**૧૧. શું તમે તમારા વૃક્ષ મિત્રને કોઈ ખાસ નામ આપવાનું પસંદ કરશો?**

**ઉત્તર:** હા, હું મારા વૃક્ષ મિત્રને 'અલંકાર' નામ આપવાનું પસંદ કરીશ. કારણ કે મેં તે સૂકાં પર્ણોની ડિઝાઈનથી શણગાર્યું છે.

**૧૨. તમે તમારા વૃક્ષમિત્રને શું નામ આપશો ?**

**ઉત્તર:** હું મારા વૃક્ષ મિત્રને 'અલંકાર' નામ આપીશ.

**૧૩. તમારું મિત્ર વૃક્ષ કયા ફૂલ અને ફળ આપશે ?**

**ઉત્તર:** મારું મિત્ર વૃક્ષ આંબાનો મોર આપશે અને કેરી-ફળ આપશે.

**૧૪. તમારાં મિત્ર વૃક્ષનાં પર્ણો કેવાં દેખાય છે ?**

**ઉત્તર:** મારા મિત્ર વૃક્ષનાં પર્ણોનો આકાર ત્રિકોણ જેવો છે.

**૧૫. કયાં પ્રાણીઓ વૃક્ષો પર રહે છે ?**

**ઉત્તર:** વૃક્ષો ઉપર રહેતાં પ્રાણીઓ વાંદરો, ખિસકોલી, કાચીંડો, સાપ વગેરે.

## મૂલ્યાંકનલક્ષી વિશેષ પ્રવૃત્તિઓ

**૧. નીચે આપેલાં ચિત્રો જોઈ તેનાં નામ લખો.**

| | | |
|---|---|---|
|  |  |  |
| વડનું ઝાડ | લીમડાનું ઝાડ | વૃક્ષની છાલ |
|  |  |  |
| આસોપાલવનું પાન | ગલગોટો | જાસૂદનું ફૂલ |



પીપળાનું પાન



લીમડાનું પાન

**(લીમડાનુ પાન, પીપળાનું પાન, જાસૂદનું ફૂલ, ગલગોટો, આસોપાલવનું પાન, વૃક્ષની છાલ, લીમડાનું ઝાડ, વડનું ઝાડ)**

**૨. નીચેના પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરી તેનો ક્રમ લખો.**

**(૧) દયારામે કયા વૃક્ષને પકડ્યું ?**

**(અ) લીમડાના** (બ) આસોપાલવના

(ક) વડના (ડ) આંબાના

**(૨) કેરી કયા ઝાડ પર થાય છે ?**

(અ) લીંબુડી (બ) ગૂંદી (ક) નાળિયેરી **(ડ) આંબો**

**(૩) પાણીમાં થતી વનસ્પતિનાં પાન કેવાં હોય છે ?**

(અ) ખરબચડાં **(બ) લીસાં અને ચીકણાં**

(ક) કાળા રંગનાં (ડ) અણીદાર

**(૪) લીમડાનો મોર સ્વાદમાં કેવો લાગે છે ?**

(અ) મીઠો (બ) ખાટો **(ક) કડવો** (ડ) તીખો

**(૫) બારી-બારણાંના પડદા પર મોટે ભાગે શેની છાપ વધારે જોવા મળે છે ?**

(અ) પ્રાણીઓની **(બ) ફૂલ અને પાનની**

(ક) પેન-પેન્સિલની (ડ) રમકડાંની

**૩. કૌંસમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલીજગ્યા પૂરો.**

(૧) લીમડાનું પાન **ત્રિકોણ** આકારનું હોય છે. (ગોળ, **ત્રિકોણ**)

(૨) મોટે ભાગે પાંદડાંનો રંગ **લીલો** હોય છે. (**લીલો**, પીળો)

(૩) **તાડ**નું વૃક્ષ ઊંચું હોય છે. (ખીજડો, **તાડ**)

(૪) **લીમડા**ના વૃક્ષની છાલ ખૂબ જ કડવી હોય છે. (બાવળ, **લીમડા**)

(૫) **બોરડી**ના ઝાડ ઉપર કાંટા હોય છે. (**બોરડી**, આંબલી)

**૪. નીચે આપેલાં વિધાનો સામે [✓] ખરાં કે [✗] ખોટાંની નિશાની કરો.**

(૧) ટુવાલ ઉપર પર્ણની છાપ જોવા મળે છે. - [✓]
(૨) તરબૂચ છોડ ઉપર થાય છે. - [✗]
(૩) વાંદરો છોડ ઉપર રહે છે. - [✗]
(૪) કપાસ (રૂ) છોડ ઉપર થાય છે. - [✓]
(૫) વૃક્ષ કરતાં છોડના થડ પાતળા હોય છે. - [✓]

**૫. ખોટા શબ્દ પર ચેકો મારો**

(૧) તુલસીનો **છોડ** / ~~**વૃક્ષ**~~ હોય છે.
(૨) જૈન સાધુઓનું ભીક્ષાપાત્ર ~~**ત્રાંબાનું**~~ / **લાકડાનું** હોય છે.
(૩) શાળા અને મંદિર નજીક **વડ** / ~~**કોઠી**~~ નું ઝાડ હોય છે.
(૪) કમળનું ફૂલ ~~**સફેદ**~~ / **લાલ** રંગનું હોય છે.
(૫) થોરના પાંદડાં ઉપર **કાંટા** / ~~**લીટા**~~ હોય છે.

**૬. યોગ્ય જોડકાં જોડો.**

| અ | | ઉત્તર | બ |
|---|---|---|---|
| (૧) આંબાનું ફળ | – | **કેરી** | (ક) નાળિયેર |
| (૨) આમલીનું ફળ | – | **આમળું** | (ખ) બોર |
| (૩) નાળિયેરીનું ફળ | – | **નાળિયેર** | (ગ) ગૂંદું |
| (૪) ગૂંદીનું ફળ | – | **ગૂંદું** | (ઘ) આમળું |
| (૫) બોરડીનું ફળ | – | **બોર** | (છ) કેરી |

**૭. દરેકના બે - બે નામ લખો.**

(૧) તમે ન જોયેલાં વૃક્ષનાં નામ : (૧) **અરણિ** (૨) **ઉદુંબર**
(૨) તમે જોયેલાં છોડનાં નામ : (૧) **તુલસી** (૨) **કપાસ**
(૩) વૃક્ષ ઉપર ન રહેતાં પ્રાણીઓનાં નામ: (૧) **કૂતરો** (૨) **બિલાડી**
(૪) તમે ન જોયેલાં પાનનાં નામ : (૧) **પીલુડીનું પાન**
(૨) **વાંસનું પાન**
(૫) તમે જોયેલાં ફળનાં નામ : (૧) **સફરજન** (૨) **કેળું**
(૬) ઘેરા લીલા રંગનાં પર્ણો : (૧) **કેળ** (૨) **આંબો**

**(નોંધ : વનસ્પતિના પાન સૂકાય ત્યારે તેનો રંગ બદલે છે.)**

## ૮. મને ઓળખી મારું નામ લખો.

(૧) મારાં ફળનો ઉપયોગ શરબત બનાવવામાં થાય છે. : **લીંબુડી**

(૨) મારાં પાંદડાંનો લોકો ચા બનાવવામાં ઉપયોગ કરે છે. : **તુલસી**

(૩) મારાં ફળનો ઉપયોગ ઉનાળામાં રસ તરીકે લોકો કરે છે.: **આંબો**

(૪) મારાં પાન ખૂબ જ મોટાં હોય છે. : **કેળ**

(૫) હું સુગંધ વગરનું સફેદ ફૂલ છું. : **ધતૂરો**

## ૯. નીચેના પ્રશ્નોના એક બે વાક્યમાં જવાબ લખો.

**(૧) વૃક્ષના ઉપયોગો લખો.**

**ઉત્તર:** વૃક્ષના લાકડામાંથી ફર્નિચર, ખાટલો, ટિપાઈ, ટેબલ, ખુરશી, ઓરસિયો, વેલણ વગેરે ઘણુંબધું બને છે. બળતણ તરીકે પણ તેનો ઉપયોગ થાય છે.

## ૧૦. 'હા' કે 'ના' લખો.

(૧) સરગવાના ઝાડનું થડ ખૂબ જ જાડું હોય છે. - **ના**

(૨) લીમડાના પાનની કિનારી કરવતી જેવી હોય છે. - **હા**

(૩) વડના પાન ગોળાકાર હોય છે. - **હા**

(૪) તુલસીનો છોડ ખૂબ જ મોટો હોય છે. - **ના**

(૫) ફુદીનાનું પર્ણ સુગંધવાળું હોય છે. - **હા**

## ૧૧. તફાવતના બે - બે મુદ્દાઓ લખો.

| વૃક્ષ | છોડ |
|---|---|
| ૧. વૃક્ષ મોટાં હોય છે. | ૧. છોડ નાનાં હોય છે. |
| ૨. વૃક્ષની ઊંચાઈ વધુ હોય છે. | ૨. છોડની ઊંચાઈ ઓછી હોય છે. |
| ૩. વૃક્ષનું થડ જાડું હોય છે. | ૩. છોડનું થડ પાતળું હોય છે. |
| ૪. વૃક્ષનું આયુષ્ય વધુ હોય છે. | ૪. છોડનું આયુષ્ય ઓછું હોય છે. |

## ૧૨. અધૂરું વાક્ય પૂર્ણ કરો.

(૧) અમુએ પકડ્યો તે **ગલગોટો.**

(૨) શબનમે બેસીને **જાસ્મીનના છોડને સ્પર્શ કર્યો.**

(૩) દયારામે **લીમડાના વૃક્ષના થડને પકડ્યું.**

(૪) માઈકલે **મહેંદીના છોડને સ્પર્શ કર્યો.**

(૫) શબનમે બૂમ પાડી, **"અમારે પણ વનપરી બનવું છે."**

## ચાલો, પ્રવૃત્તિ કરીએ :

**૧. અલગ અલગ કિનારીવાળાં પાંદડાં દોરો.**



**૨. નીચે આપેલું ચિત્ર જુઓ. તેમાં શું શું દેખાય છે તેનાં નામ લખો.**



• ચાદર • તકિયો • પડદો • ફોટોફ્રેમ • ગાલીચો

• ગાદલાનો ઓછાડ • સૂરવાલ

## પ્રોજેક્ટવર્ક

➥ તમારા મિત્ર વૃક્ષનું ચિત્ર દોરો અને રંગ પૂરો.



## વિદ્યાર્થીઓ આ એકમમાંથી શું શીખે છે, જાણે છે.

૧. બાળક જોયેલાં અને ન જોયેલાં વૃક્ષોના નામને જાણે છે.

૨. જુદાં જુદાં વૃક્ષનાં પર્ણોના આકારો અને રંગ વિશે જાણે છે.

૩. છોડ અને વૃક્ષના તફાવતને જાણે છે.

૪. બગીચામાં શું શું જોવા મળે છે તે જાણે છે.

૫. સૂકાં પર્ણોમાંથી પ્રાણી-પક્ષી બનાવતાં શીખે છે.

૬. વૃક્ષ અને તેના ફળ વિશે જાણે છે.

૭. વૃક્ષની જુદી જુદી છાલ કેવી હોય છે તે જાણે છે.

# 3. પાણી જ પાણી

**ચર્ચા ✻ કહો ✻ લખો ✻ વિચારો ✻ બનાવો ✻ શોધી કાઢો**

પાણી અણમોલ છે માટે તેને બગાડવું જોઈએ નહીં, પાણી પૃથ્વી ઉપર વરસાદ સ્વરૂપે આવે છે. નદી, તળાવ, ઝરણાં, સાગરને ભરી દે છે.

પાણી હિમાલયની ટોચે બરફના સ્વરૂપે છે અને રસોડામાં વરાળ-સ્વરૂપે છે.

પશુ-પંખી-માનવી-જીવજંતુઓને પોષવાનું કામ પાણી કરે છે. વરસાદ ખૂબ જ ઓછો પડે ત્યારે દુકાળના દુઃખના દિવસો દેખાડે છે તો ક્યારેક ખૂબ જ વરસાદ પડે તો પૂરની ભયંકરતા પણ પાણી દેખાડે છે.

**● આ એકમમાં શીખવાના મુખ્ય મુદ્દાઓ :**

- પાણી વગર દરેક જીવનું જીવવું અશક્ય છે.
- પાણી અણમોલ છે માટે તેનો બગાડ કરવો જોઈએ નહીં.
- પાણી વરસાદ સ્વરૂપે આપણને મળે છે.
- નદી, તળાવ, કૂવો, સાગર, સરોવર, ઝરણાં પાણીનાં પ્રપ્તિસ્થાનો છે.
- પાણી જીવ-જંતુ, પશુ-પંખી, માનવીને પોષે છે.
- વરસાદ ખૂબ જ ઓછો પડે ત્યારે દુકાળ પડે છે.
- વરસાદ ખૂબ જ વધુ પડે ત્યારે તારાજી સર્જાય છે.
- પાણીની શક્તિ પ્રચંડ છે.

**● એકમની સમજ આપતી મુખ્ય પ્રશ્નોત્તરી :**

**૧. શું તમે પાણી પર કોઈ ગીત કે કવિતા જાણો છો ?**

**ઉત્તરઃ** હા, 'પાની રે પાની તેરા રંગ કૈસા' એ ગીત રેડિયા ઉપર સાંભળેલું છે.

**૨. પાણી શું કરી શકે તેની કવિતામાં કઈ કઈ બાબતો છે ?**

**ઉત્તરઃ** ચોમાસામાં પાણીના પ્રચંડ પૂરથી જાન-માલને નુકસાન થાય છે. દુકાળમાં પાણી વગર માણસ દુઃખી થઈ જાય છે.

**૩. જ્યાં પાણી જરૂરી હોય તેના માટે ☑ નું ચિહ્ન કરો.**

**ઉત્તરઃ** રમત રમવામાં ☐ ગાવામાં ☐ હોડીની હારમાળા બનાવવાં ☑ લખવામાં ☐ ચા બનાવવામાં ☑ માટી ગૂંદવા ☑ તોફાન કરવા ☐ ચિત્ર બનાવવામાં ☑ વૃક્ષો ઉગાડવામાં ☑

**૪. પાણી વગર તમને શી મુશ્કેલી પડે ?**

**ઉત્તર:** કાચાં ફળ ખાવાં પડે. પાણી વગર સ્નાન વગર ચલાવી લેવું પડે. રાંધેલા ખોરાક વગર મુશ્કેલી પડે. ત્રણ-ચાર દિવસે કપડાં ધોવા પડે.

**૫. પાણી વગર તમે શું ન કરી શકો ?**

**ઉત્તર:** પાણી વગર ખોરાક રાંધી ન શકાય. સ્નાન કર્યા વગર ચાલવવું પડે, ગંદાં પકડાં ધોઈ ન શકીએ. ગંદાં વાસણ પાણી વગર સાફ ન થઈ શકે.

**૬. પાણી ક્યાંથી મળે ? (વપરાશ માટે પાણી ક્યાંથી મેળવો છો ? પાણી મેળવવા તમારા ઘર કે આજુબાજુ જે જગ્યાઓ હોય તેના પર ( ) કરો.)**

**ઉત્તર:** (તળાવ) (કૂવો) (ટ્યૂબવેલ) જળધોધ (હેન્ડપંપ) નદી ઝરણું (નળ) (ટાંકી) દરિયો સરોવર ગરમ પાણીનું ઝરણું

**૭. શું તમે જમીનમાંથી ગરમ પાણી બહાર આવતું જોયું છે ? ક્યાં ?**

**ઉત્તર:** હા, ગુજરાતના લસુંદ્રામાં ગરમ પાણી બહાર આવતું જોયું છે.

**૮. તમારા શહેરમાંથી કે ગામમાંથી કોઈ નદી પસાર થાય છે ? આ નદીનું નામ લખો.**

**ઉત્તર:** અમદાવાદ પાસેથી સાબરમતી નદી પસાર થાય છે.

**૯. તમે જાણતાં હો તેવી નદીઓનાં નામ લખો.**

**ઉત્તર:** તાપી, સાબરમતી, ભોગાવો, મચ્છુ, આજી, નર્મદા વગેરે નદીઓના નામ અમે જાણીએ છીએ.

**૧૦. ઘરમાં તમે પીવાનું પાણી ક્યાંથી મેળવો છો ?**

**ઉત્તર:** ઘરમાં અમે પીવાનું પાણી નળમાંથી મેળવીએ છીએ. જે બોરવેલમાંથી આવે છે. ઘરમાં અમે પીવાનું પાણી કૂવેથી પણ લાવીએ છીએ.

**૧૧. તમારે પાણી મેળવવા ક્યાં જવું પડે છે ?**

**ઉત્તર:** અમારે પાણી મેળવવા કૂવા પાસે, તળાવ પાસે અને જ્યાં પાણીના નળ હોય ત્યાં જવું પડે છે.

**૧૨. તમને પાણી લાવવા માટે કેટલો સમય લાગે છે ?**

**ઉત્તર:** અમને પાણી લાવવા માટે અડધો કલાક જેટલો સમય લાગે છે.

**૧૩. આપણે પાણીનો સંગ્રહ કરવાની જરૂર કેમ છે ?**

**ઉત્તર:** ગામડામાં ક્યારેક વીજપુરવઠો ખોરવાઈ જાય છે ત્યારે નળમાં પાણી આવતું નથી. તેથી પાણીનો સંગ્રહ કરવાની જરૂર પડે છે.

**૧૪. તમારા ઘરમાં પાણીનો સંગ્રહ ક્યાં થાય છે ?**

**ઉત્તર:** અમારા ઘરમાં પાણીનો સંગ્રહ ભૂગર્ભ-ટાંકા અને બહાર મોટી ટાંકીમાં થાય છે.

**૧૫. શું તમારી અને પડોશીની પાણી લાવવાની જગ્યા જુદી જુદી છે ? કેમ ?**

**ઉત્તર:** હા, પાણીના નળના કારણે અમારી અને પડોશીની પાણી લાવવાની જગ્યા જુદી જુદી છે. ગામનો બોરવેલ છે જે એક જ છે.

**૧૬. જ્યાંથી પાણી મળી આવે છે તેવા સ્રોતનાં નામ બોક્સમાંથી શોધી તેના પર ▭ કરો.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ક | જ | ળ | ધો | ધ | પા |
| ઝ | મ | વા | ત | ળા | વ |
| ર | લા | દ | રિ | યો | ન |
| ણું | કૂ | વો | પિ | સ | દી |
| રા | ટ | યૂ | બ | વે | લ |

(૧) જળધોધ
(૨) નદી
(૩) તળાવ
(૪) દરિયો
(૫) કૂવો
(૬) ઝરણું

**૧૭. અલગ પડતા શબ્દ પર ▭ કરો.**

(૧) નદી, ખેતર, તળાવ, ઝરણું, સાગર
(૨) માછલી, બતક, વાંદરો, મગર, કાચબો
(૩) મોટરગાડી, હોડી, આગગાડી, સાઈકલ, રિક્ષા

## મૂલ્યાંકનલક્ષી વિશેષ પ્રવૃત્તિઓ

**૧. નીચે આપેલાં ચિત્રો જોઈ તેનાં નામ લખો.**






| તળાવ | દરિયો | નદી | કૂવો |
|---|---|---|---|

**કૂવો, દરિયો, તળાવ, નદી**

**૨. નીચેના પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરી તેનો ક્રમ લખો.**

**(૧) આપણને પાણી વધુ ક્યાં જોવા મળે છે ?**

(અ) કૂવામાં (બ) નદીમાં (ક) તળાવમાં **(ડ) દરિયામાં**

**(૨) મોટી સ્ટીમર ક્યાં જોવા મળે છે ?**

**(અ) દરિયામાં** (બ) ઝરણામાં (ક) કૂવામાં (ડ) નદીમાં

**(૩) નીચેનામાંથી કોનું પાણી સ્થિર જોવા મળે છે ?**

**(અ) કૂવાનું** (બ) દરિયાનું (ક) નદીનું (ડ) ઝરણાંનું

**(૪) નીચેનામાંથી કોનું પાણી પીવાલાયક નથી હોતું ?**

(અ) કૂવાનું **(બ) દરિયાનું** (ક) નદીનું (ડ) સરોવરનું

**(૫) નીચેનામાંથી કોનું પાણી ખૂબ જ ઊંડું હોય છે ?**

**(અ) દરિયાનું** (બ) તળાવનું (ક) નદીનું (ડ) કૂવાનું

**૩. કૌંસમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલીજગ્યા પૂરો.**

(૧) આપણે **પાણી**નો બગાડ કરવો જોઈએ નહીં. (**પાણી**, પ્રકાશ)

(૨) પર્વતમાંથી **ઝરણાં** નીકળે છે. (તળાવ, **ઝરણાં**)

(૩) પાણી **અણમોલ** છે. (**અણમોલ** મેગામોલ)

(૪) જમીનનું પાણી **ડંકી**થી ઉપર આવે છે. (કૂવા, **ડંકી**)

(૫) પાણીને ઉકાળવાથી **વરાળ** બને છે. (**વરાળ**, બરફ)

**૪. નીચે આપેલાં વિધાનો સામે ☑ ખરાં કે ☒ ખોટાંની નિશાની કરો.**

(૧) સાગરમાં પાણી મોજાં થઈ ઊછળે છે. – ☑

(૨) રમત રમવામાં પાણીની જરૂર પડે છે. – ☒

(૩) વૃક્ષો ઊગાડવા છાશની જરૂર પડે છે. – ☒

(૪) માટી ગૂંદવા પાણીની જરૂર પડતી નથી. – ☒

(૫) ગીત ગાવામાં પાણીની જરૂર પડે છે. – ☒

**૫. ખોટા શબ્દ પર ચેકો મારો**

(૧) **હોડી** / ~~**હોળી**~~ ની હારમાળા બનાવવા પાણીની જરૂર પડે છે.

(૨) ~~**તળાવ**~~ / **નદી** માં પાણીથી પૂર આવે છે.

(૩) ~~**મિત્ર**~~ / **ચિત્ર** બનાવવા પાણીની જરૂર પડે છે.

(૪) લખવામાં ~~**પાણી**~~ / **પેન** વપરાય છે.

(૫) **ચા** / ~~**જ્યૂસ**~~ બનાવવા પાણીની જરૂર પડે છે.

**૬. યોગ્ય જોડકાં જોડો.**

| અ | | ઉત્તર | બ |
|---|---|---|---|
| (૧) ખૂબ જ પાણી | – | **સાગર** | (ક) ઝરણું |
| (૨) બરફ થઈ બેસતું પાણી | – | **હિમાલય** | (ખ) નદી |
| (૩) ઓછું પાણી | – | **તલાવડી** | (ગ) હિમાલય |
| (૪) પૂર લાવતું પાણી | – | **નદી** | (ઘ) સાગર |
| (૫) ખળખળ વહેતું પાણી | – | **ઝરણું** | (છ) તલાવડી |

**૭. દરેકનાં બે - બે નામ લખો.**

(૧) પાણી ભરવાનાં પાત્રો : (૧) **ઘડો** (૨) **માટલું**

(૨) કુદરતમાં પાણી મેવવવાના સ્રોતો : (૧) **કૂવો** (૨) **તળાવ**

(૩) પાણીના ઉપયોગો : (૧) **નહાવા** (૨) **કપડાં ધોવા**

(૪) વરસાદી પાણી છલકાવે છે : (૧) **નદી** (૨) **ડેમ**

(૫) નદીઓનાં નામ : (૧) **તાપી** (૨) **સાબરમતી**

**૮. મને ઓળખી મારું નામ લખો.**

(૧) મારું બીજું નામ હિમગિરિ છે. : **હિમાલય**

(૨) હું ચોમાસામાં ખળખળ વહી જાઉં છું. : **ઝરણાં**

(૩) તમારા ઘરના નળમાંથી હું બહાર આવું છું. : **પાણી**

(૪) હું પાણીનો અખૂટ ભંડાર છું. : **સાગર (દરિયો)**

**૯. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો.**

**(૧) પાણીની જરૂર ક્યાં નથી પડતી ?**

**ઉત્તરઃ** લખવામાં, રમવામાં, ઊંઘવામાં, ટીવી જોવામાં પાણીની જરૂર પડતી નથી.

**૧૦. યોગ્ય કારણ લખો.**

(૧) **આપણે પાણીનો બગાડ કરવો જોઈએ નહીં, કારણ કે...** દર વર્ષે પાણીની જરૂરિયાત વધતી જાય છે અને પાણીનો જથ્થો ઘટતો જાય છે. પાણી મેળવવું ઘણું ખર્ચાળ બનતું જાય છે. આથી શુદ્ધ અને પીવાલાયક પાણી વેડફાઈ ન જાય તેની તકેદારી રાખવી જોઈએ.

દરેક કામ માટે જરૂર પૂરતું જ પાણી વાપરવું જોઈએ. ભવિષ્યમાં પાણીની તંગી ન સર્જાય માટે આપણે પાણીનો બગાડ કરવો જોઈએ નહીં.

## ચાલો, પ્રવૃત્તિ કરીએ :

**૧, તમારા ઘરમાં પાણીનો સંગ્રહ કરવા વપરાતાં વાસણમાં રંગ પૂરો.**



**૨. ચિત્રો જોઈને : જો આપણે તેમાં પાણી ભરીએ તો...**

(૧) **સૌથી ઓછા પાણીનો સંગ્રહ શામાં થાય છે ?** સૌથી ઓછા પાણીનો સંગ્રહ નાના કળશ માં થાય છે.

(૨) **સૌથી વધારે પાણીનો સંગ્રહ શામાં થાય છે ?** સૌથી વધારે પાણીનો સંગ્રહ મોટા પીપમાં, મોટી માટલી કે બાલદીમાં થાય છે.

(૩) **કયા-કયા પાત્રમાં સરખા પ્રમાણમાં પાણી ભરી શકાય ?** ડોલ અને કેનમાં સરખાં પ્રમાણમાં પાણી ભરી શકાય છે.

૧. રંગની રમત



૨. માટલાના ચિત્રમાં રંગ પૂરો.



૩. નીચેની પ્રવૃત્તિઓને પાણીની જરૂરિયાત મુજબ ગોઠવો. જે કામમાં વધારે પાણી જોઈએ તેનાથી શરૂઆત કરો.

સ્નાન કરવા, પીવા, ઘર સાફ કરવા, ખેતરના પાક માટે, માટી ગૂંદવા, રસોઈ કરવા

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | ખેતરના પાક માટે | ૨ | સ્નાન કરવા | ૩ | માટી ગૂંદવા |
| ૪ | રસોઈ કરવા | ૫ | ઘર સાફ કરવા | ૬ | પીવા |

## વિદ્યાર્થીઓ આ એકમમાંથી શું શીખે છે, જાણે છે.

૧. જીવનમાં પાણીનું મહત્ત્વ સમજે છે.
૨. પાણીના જુદા જુદા પ્રાપ્તિસ્થાનોની જાણકારી મેળવે છે.
૩. પાણી વિશેની કવિતા કે ગીત વિશે જાણે છે.
૪. પાણીથી આવતાં પૂર કે પાણી વગર દુકાળની પરિસ્થિતિ વિશે જાણે છે.
૫. ઘરમાં પાણી ભરવાનાં સાધનોનાં નામ જાણે છે.
૬. કોયડો ઉકેલી શકે છે.
૭. ચિત્રકામની જાણકારી મેળવે છે અને રંગ પૂરે છે.

લેખન કૌશલ્યના વિકાસ હેતુ
**અલંકાર પબ્લિકેશન**ના
નિબંધલેખન માટેના પુસ્તકો

## અલંકાર
## ગુજરાતી નિબંધલેખન

ધોરણ 1 થી 8




## અલંકાર
## હિન્દી નિબંધલેખન

ધોરણ 4 થી 8




## અલંકાર
## ESSAY WRITING

Std. - 4 to 8




**નોંધપાત્ર વિશેષતાઓ :**

- પાઠ્યપુસ્તકના નવા અભ્યાસક્રમને અનુરૂપ લેખનસામગ્રી.
- વિદ્યાર્થીઓની મૌલિકશકિતના વિકાસ માટે માર્ગદર્શકરૂપ વિષય વૈવિધ્ય.
- સુંદર અને આકર્ષક ચિત્રો દ્વારા કલ્પનાશકિતની ઉત્સાહપૂર્વક ખીલવણી.
- લેખનકાર્ય માટે મોકળાશભરી જગ્યા, ભૂલ સુધારણા માટે યોગ્ય જગ્યા.
- લેખન કૌશલ્યના વિકાસ માટે જરૂરી માર્ગદર્શન.
- શિક્ષકના સૂચનો અને ગુણ / ગ્રેડીંગ વડે વિદ્યાર્થીઓને ઉત્સાહ પ્રેરક મૂલ્યાંકન.
- સેમેસ્ટર પ્રમાણે મૂલ્યાંકન થઇ શકે તેવી અનુક્રમણિકા.

Very unique to learn...
Alankar™
Publication

# ૪. છોટુનું ઘર

**ચર્ચા ✻ કહો ✻ લખો ✻ વિચારો ✻ બનાવો ✻ શોધી કાઢો**

પહેલી વખત છોટુએ અમદાવાદ જોયું. અમદાવાદમાં રહેવું ક્યાં ? તે વિચારે ચડ્યો. અચાનક તેની નજર મોટા પાઈપ ઉપર ગઈ. તેણે પાઈપમાં જઈને ચોખ્ખાઈ કરી નાખી. આજુબાજુ ગંદકી હતી, ગંદકી પણ તેણે દૂર કરી નાખી.

પાઈપમાં તે આરામ કરતો હતો ત્યાં એની નજર તેના ગામના છોકરા મોનુ ઉપર પડી. તેણે મોનુને પણ અંદર બોલાવી લીધો. બંને પાઈપમાં રહેવા લાગ્યા. પાઈપ જ તેમનું ઘર બની ગયું.

**• એકમની સમજ આપતી મુખ્ય પ્રશ્નોત્તરી :**

**૧. છોટુ પાઈપ સામે જોઈને શું વિચારતો હતો ?**

**ઉત્તર:** પાઈપમાં ઘર બનાવીએ તો કેવું સારું, પાઈપમાં હું જઈને ઊંઘી જાઉં, પાઈપમાં બાળકોની સાથે રમત રમું.

**૨. છોટુ પાઈપનો ઉપયોગ કેવી રીતે કરતો હતો ?**

**ઉત્તર:** છોટુ પાઈપમાં જઈને ઊંઘી જતો હતો.

**૩. છોટુએ પાઈપ અને આજુબાજુના વિસ્તારને કેવી રીતે અલગ અલગ કર્યું ?**

**ઉત્તર:** છોટુએ પાઈપ પાસેની રિક્ષા દૂર મૂકી દીધી. તેણે પાઈપને ચોખ્ખી કરી નાખી. છોટુએ આજુબાજુથી ઇંટો લાવી પાઈપની બાજુમાં ચૂલો કર્યો.

**૪. છોટુ ઘરની કઈ બાજુના ભાગને પસંદ કરે છે ?**

**ઉત્તર:** છોટુ ઘરની પાછળના ભાગને (પછીતને) પસંદ કરે છે.

**૫. મોનુને પાઈપમાં રહેવા આવવા માટે છોટુ કેમ બોલાવે છે ?**

**ઉત્તર:** વરસાદ પડે છે માટે છોટુ મોનુને પાઈપમાં રહેવા માટે બોલાવે છે.

**૬. તમે છોટુ હો તો પાઈપમાં કેવી રીતે ઘર બનાવીને રહો ?**

**ઉત્તર:** અમે છોટુ હોઈએ તો પાઈપની બંને બાજુ ખુલ્લી જગ્યામાં કપડાં ઢાંકી દઈને ઘર બનાવીને રહીએ.

**૭. તમારી સાથે ઘરમાં કોણ કોણ રહે છે ?**

**ઉત્તરઃ** દાદા, દાદી, પપ્પા, મમ્મી, નાની બહેન, મોટો ભાઈ, કાકા, કાકી

**૮. છોટુએ પાઈપને બે જુદા જુદા ભાગમાં વહેંચી, તમારા ઘરના જુદા જુદા ભાગો વિશે લખો.**

**ઉત્તરઃ** ઘરનો પાછળનો ભાગ જે પછીત કહેવાય. ઘરનો આગળનો ભાગ જે ઓસરી કહેવાય. ઘરનો અંદરનો રૂમ જેને ઓરડો કહેવાય. ઘરમાં રસોઈ બને તેને રસોડું કહેવાય.

**૯. તમે દિવસમાં કેટલો સમય ઘરના વિવિધ ભાગમાં વિતાવો છો ?**

**ઉત્તરઃ** અમે રસોડામાં એક કલાક, ઘરના ઓરડામાં ચાર કલાક, ઘરની ઓસરીમાં એક કલાક, ઘરની પાછળ પછીતના ભાગમાં એક કલાક વિતાવીએ છીએ.

**૧૦. તમારા ઘરમાં કોઈ એવો ભાગ છે જ્યાં કોઈ સભ્ય વધુ સમય વિતાવે છે ?**

**ઉત્તરઃ** અમારા ઘરમાં ઘરના ઓરડાના ભાગમાં ઘરના સભ્ય વધુ સમય વિતાવે છે.

**૧૧. તમારા ઘરમાં કોઈ એવો ભાગ છે જ્યાં તમારા કુટુંબનાં કોઈ સભ્ય જવાનું પસંદ કરતા નથી ?**

**ઉત્તરઃ** ઘરની વખાર છે જ્યાં ઘરની વધારાની વસ્તુઓ પડી રહેતી હોય ત્યાં અમારા કુટુંબના કોઈ સભ્ય જવાનું પસંદ કરતા નથી.

**૧૨. તમે તમારા ઘરને કેવું રાખો છો ?**

**ઉત્તરઃ** અમે અમારા ઘરને સ્વચ્છ અને ખૂબ જ સુઘડ રાખીએ છીએ.

**૧૩. તમે તમારા ઘરનો કચરો ક્યાં ફેંકો છો ?**

**ઉત્તરઃ** અમે અમારા ઘરનો તમામ નાનો-મોટો કચરો કચરાપેટીમાં નાખીએ છીએ. પછી કચરાપેટીનું ઢાંકણ બંધ કરી દઈએ છીએ.

**૧૪. શું તમારા ઘરની આસપાસનો વિસ્તાર સ્વચ્છ છે ?**

**ઉત્તરઃ** હા, અમારા ઘરની આસપાસનો વિસ્તાર ઘણો જ સ્વચ્છ છે.

**૧૫. તમારું ઘર સ્વચ્છ રાખવામાં કોણ કોણ મદદ કરે છે ?**

**ઉત્તરઃ** અમારું ઘર સ્વચ્છ રાખવામાં દાદા, દાદી, મમ્મી, પપ્પા, કાકા, કાકી, નાની બહેન અને મોટો ભાઈ મદદ કરે છે.

૧૬. **શું તમારા ઘરને શણગારવાની કોઈ બીજી રીત છે ? જો હા તો કઈ રીત છે ?**

**ઉત્તરઃ** રંગોળીની જુદી જુદી ડિઝાઈનો, જાડા ડ્રૉઈંગ કાગળમાં કોતરેલી છે. તે બારણાં પાસે અને ફળિયામાં મૂકીને તેની ઉપર ઘઉંનો લોટ ભભરાવીએ છીએ એટલે સરસ રંગોળી બની જાય છે.

૧૭. **તમારા મિત્રને પૂછો, તેઓ ક્યારે અને કેવી રીતે ઘરને શણગારે છે?**

**ઉત્તરઃ** મિત્રો, તહેવારના દિવસે કે કોઈના જન્મદિવસે ઘરનાં બારણાં ઉપર આસોપાલવનાં તોરણ બાંધે છે અને બારણાં પાસે રંગોળી અચૂક પૂરે છે.

૧૮. **તમે ઘરને શણગારવામાં કઈ કઈ વસ્તુઓનો ઉપયોગ કરો છો. તેનાં નામ લખો.**

૧. આસોપાલવનાં પાન ૨. સૂતળી ૩. સૂયો ૪. રંગ ૫. સોય ૬. દોરો ૭. ફૂલ ૮. ચંદરવો ૯. મોતી ૧૦. રંગોળી

## મૂલ્યાંકનલક્ષી વિશેષ પ્રવૃત્તિઓ

૧. **નીચે આપેલાં ચિત્રો જોઈ તેનાં નામ લખો.**

   

| માળો | ઝૂંપડી | મહેલ | દર |
|---|---|---|---|

દર, માળો, મહેલ, ઝૂંપડી

૨. **નીચેના પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરી તેનો ક્રમ લખો.**

(૧) **અમદાવાદમાં પહેલીવાર કોણ આવ્યું ?**

(અ) રશ્મિ (બ) લતા (ક) મોનુ **(ડ) છોટુ**

(૨) **ઘરમાં બારણાં ઉપર શું રાખવામાં આવે છે ?**

(અ) ફૂલદાની **(બ) તોરણ** (ક) રંગોળી (ડ) કુંજો

(૩) **ઘરનો મુખ્ય ઓરડો જ્યાં બધાં જ બેસે છે તે...**

(અ) રસોડું **(બ) બેઠકરૂમ** (ક) બાથરૂમ (ડ) અગાસી

(૪) **કચરો ભરવા વપરાતું સાધન....**

**(અ) કચરાપેટી** (બ) માટલું (ક) ટબલર (ડ) તાસક

૩. **કૌંસમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલીજગ્યા પૂરો.**

(૧) **ઉંદર**ની સ્વાદની ઈન્દ્રિય ઉત્તમ હોય છે ? (ઉંદર, બિલાડી)

(૨) કચરાપેટીમાં **કચરો** હોય છે. (**કચરો**, ફૂલ)

(૩) **છોટુ** પાઈપની સામે જોઈને વિચારતો હતો. (**છોટુ**, મોટુ)

(૪) ઉંદરની **આંખો** નબળી હોય છે. (પૂછડી, **આંખો**)

(૫) ઘરને **સ્વચ્છ** રખાય. (અસ્વચ્છ, **સ્વચ્છ**)

૪. **નીચે આપેલાં વિધાનો સામે ☑ ખરાં કે ☒ ખોટાંની નિશાની કરો.**

(૧) છાપરું ઘરનો ભાગ કહેવાય છે. – ☑

(૨) છોટુ અમદાવાદ પહેલીવાર આવ્યો. – ☑

(૩) તોરણ ઘરના બારણા ઉપર હોય છે. – ☑

(૪) વડનાં પર્ણોનું તોરણ બને છે. – ☒

(૫) લતાનું ઘર શણગારેલું હતું. – ☑

૫. **ખોટા શબ્દ પર ચેકો મારો**

(૧) ઉંદર / ~~બિલાડી~~ ની આંખો નબળી હોય છે.

(૨) મોનુને પાઈપમાં રહેવા આવવા **છોટુ** / ~~મોટુ~~ બોલાવે છે.

(૩) આપણે ~~દર~~ / **ઘર**માં રહીએ છીએ.

(૪) રંગોળી **ઘર** / ~~મસ્જિદ~~ માં જોવા મળે છે.

(૫) ~~મીની~~ / **કીડી** હારબંધ જોવા મળે છે.

૬. **યોગ્ય જોડકાં જોડો.**

| અ | | ઉત્તર | બ |
|---|---|---|---|
| (૧) રંગબેરંગી | – | **રંગોળી** | (ક) ભમે |
| (૨) કાળી કીડીઓ | – | **હારબંધ** | (ખ) સરકે |
| (૩) કરોળિયો | – | **ભમે** | (ગ) રંગોળી |
| (૪) ગરોળી | – | **સરકે** | (ઘ) પકડાપકડી રમે |
| (૫) ઉંદરડાં | – | **પકડાપકડી રમે** | (છ) હારબંધ |

૭. **દરેકનાં બે - બે નામ લખો.**

(૧) ઘરમાં રહેતાં પ્રાણી : (૧) **ઉંદર** (૨) **ગરોળી**

(૨) આંગણામાં આવતાં પંખી : (૧) **ચકલી** (૨) **કાબર**

(૩) ઘરમાં મળતી સુવિધાઓ :(૧) **ઊંઘવાની** (૨) **ખાવાની**

(૪) ઘરમાં જોવા મળતાં જંતુઓ :(૧) **કીડી** (૨) **મંકોડો**

(૫) ઘરના વિવિધ ભાગો :(૧) **ઓસરી** (૨) **આંગણું**

**૮. મને ઓળખી મારું નામ લખો.**

(૧) હું ઘરની ભીંત ઉપર સરકીને ચાલું છું. - **ગરોળી**

(૨) અમે ઘરમાં પકડા-પકડીની રમત રમીએ છીએ. - **ઉંદરડા**

(૩) હું ઘરમાં જાળું બનાવું છું. - **કરોળિયો**

(૪) અમે આંગણામાં ચણ ચણીએ છીએ. - **પંખીઓ**

(૫) હું નબળી આંખોવાળું ઘરનું પ્રાણી છું. - **ઉંદર**

**૯. અલગ પડતાં શબ્દ ફરતે ☐ કરો.**

(૧) જુવાર, બાજરી, [દાદા], મકાઈ

(૨) સાપ, કીડી, મંકોડો, [મચ્છર]

(૩) ચકલી, કબૂતર, [ઘુવડ], કાબર

(૪) ફૂલ, તોરણ, રંગોળી, [ટીવી]

(૫) સુગંધ, સ્પર્શ, [દર્પણ], સ્વાદ

## ચાલો, પ્રવૃત્તિ કરીએ :

**૧. ઘરનું ચિત્ર દોરો અને રંગ પૂરો.**



## પ્રોજેક્ટવર્ક

૧. આસોપાલવનું તોરણ બનાવો.



૨. ઘરમાં જોવા મળતા અન્ય બે જીવના ચિત્રો દોરો.



## વિદ્યાર્થીઓ આ એકમમાંથી શું શીખે છે, જાણે છે.

૧. ઘરમાં રહેતાં સભ્યોને ઓળખે છે.
૨. ઘરના વિવિધ ભાગોની જાણકારી મેળવે છે.
૩. ઘરમાં રહેતાં જીવો વિશે જાણે છે.
૪. જોડકાં હોશે હોશે વાંચે છે અને સમજે છે.
૫. ઘરના જીવોનું ચિત્રકામ કરતા શીખે છે.
૬. કચરો કયાં નખાય તેની જાણકારી મેળવે છે.
૭. ઘરને સ્વચ્છ રાખવામાં મદદરૂપ બને છે.
૮. ઘર શણગારવા કઈ વસ્તુઓ જોઈએ તેની જાણકારી મેળવે છે.
૯. ઘર ક્યારે શણગારાય છે તે સમજે છે.
૧૦. રંગોળી બનાવવામાં મદદરૂપ થાય છે.

# ૫. ઘર એક શાળા

**ચર્ચા ✻ કહો ✻ લખો ✻ વિચારો ✻ બનાવો ✻ શોધી કાઢો**

ઘરના કુટુંબના સભ્યો પાસેથી બાળક ઘણું શીખે છે. કુટુંબના સભ્યો સાથે કેવું વર્તન કરાય. કુટુંબના સભ્યોને કેવી રીતે બોલાવાય. ઘરના વડીલો પાસેથી વાર્તાઓનો ખજાનો બાળકને મળે છે. ઘરના સભ્યો બાળકને ધીમે ધીમે પોતાના કામમાં જોડે છે. માટે જ ઘર એક શાળા છે.

## • એકમની સમજ આપતી મુખ્ય પ્રશ્નોત્તરી :

**૧. તમારા કુટુંબમાં કોણ કોણ છે ? તેઓનાં નામ અને તેમની સાથેનો સંબંધ લખો.**

| ક્રમ | નામ | સંબંધ |
|---|---|---|
| ૧ | સંજયભાઈ | પપ્પા |
| ૨ | નિહારિકાબેન | મમ્મી |
| ૩ | ધ્વનિબેન | મોટા બેન |
| ૪ | અંજનીબેન | નાની બેન |
| ૫ | ચંદુભાઈ | દાદા |
| ૬ | વિમળાબા | દાદી |

**૨. તમારા કુટુંબમાં કોઈપણ બે સભ્યો વચ્ચેનો સંબંધ લખો.**

**પતિ - પત્ની ભાઈ - બહેન માતા - દીકરી (પુત્રી)**

| ક્રમ | તમારા કુટુંબના બે સભ્યોનાં નામ | સગપણ |
|---|---|---|
| ૧ | જયેશભાઈ - રૂપેશભાઈ | મામા - ભાણેજ |
| ૨ | મનસુખલાલ - ખ્યાતિ | દાદા - પૌત્રી |
| ૩ | સમતાબેન - વિનોદભાઈ | માતા - પુત્ર |
| ૪ | નૂતનબેન - ઈશાનભાઈ | ફોઈ - ભત્રીજો |

**૩. તમારું હુલામણું નામ શું છે ?**

**ઉત્તર:** મારું સાચું નામ તો હિમાંશુ છે અને હુલામણું નામ શંભુ છે.

**૪. કુટુંબના સભ્યો લાડથી તમને શું કહે છે ?**

**ઉત્તર:** કુટુંબના સભ્યો લાડથી મને શંભુ કહે છે.

**૫. તમે તમારા કુટુંબના સભ્યોને કેવી રીતે બોલાવો છો ?**

**ઉત્તર:** હું મારા કુટુંબના સભ્યોને માન આપીને આદરભાવથી બોલાવું છું.

**૬. પાઠ્ય પુસ્તક પાના નં. ૩૪ પર આપેલા ચિત્રને સાવચેતીપૂર્વક જુઓ. ચિત્રમાં કઈ બે વ્યક્તિઓ સરખા જેવી દેખાય છે ?**

**ઉત્તર:** માતા અને દીકરી એક જ સરખી દેખાય છે.

**૭. શું તમારી અને તમારા કુટુંબના કોઈ સભ્યો વચ્ચે વાત કરવામાં, ચાલવામાં, હસવામાં અથવા દેખાવમાં કોઈ સમાનતા છે ? કોની સાથે અને કેવી રીતે ?**

**ઉત્તર:** અમારા કુટુંબમાં (૧) મારાં પપ્પાનો ચહેરો મારા દાદા જેવો છે. (૨) હું ખ્યાતિ મારી મમ્મી વૈશાલીબેન જેવી જ દેખાઉં છું. (૩) મારો ભાઈ ઈશાન અને મારાં પપ્પાના વાળ એકસરખાં લાગે છે. (૪) હું હસું છું તો ગાલ ઉપર ખાડાં પડે છે; મારાં દાદી હસે ત્યારે પણ ગાલ ઉપર ખાડાં પડે છે.

**૮. શું આપનું કુટુંબ પણ કોઈ કામ સાથે જોડાયેલું છે ? જો હા તો કયું?**

**ઉત્તર:** હા, મારું કુટુંબ પાપડ બનાવવાના ઉદ્યોગ સાથે જોડાયેલું છે. મારા મમ્મી અને મોટા બેન દરરોજ બપોરે ચાર કલાક પાપડ વણવાનું કામ કરે છે.

**૯. તમે ઘરમાં ક્યા-ક્યા કામમાં મદદ કરો છો ?**

**ઉત્તર:** હું ઘરમાં નાની-મોટી વસ્તુઓ ચોક્કસ જગ્યાએ મૂકી દઉં છું. ઘરમાં ક્યારેક કચરો પણ સાફ કરી નાખું છું. ઘરમાં સૂકાઈ ગયેલાં કપડાં વાળીને મૂકી દઉં છું.

**૧૦. તમે પણ તમારા કુટુંબ પાસેથી ઘણું શીખ્યા હશો ? તમે કયા કામ કોની જોડેથી શીખ્યા ? શું તમારી પાસેથી કોઈ કશું શીખે છે ?**

**ઉત્તર:** મારું નામ મેઘા. મને ચિત્રો દોરતાં ખૂબ જ સારાં આવડે છે. તે જોઈને મારી મોટી બેન માનસી પણ મારાં જેવા જ ચિત્રો દોરતાં શીખી ગઈ.

**૧૧. વિચારો અને લખો. : કોને ક્યારે મળો છો ?**

(ક) જ્યારે ઉદાસ હોઉં છું ત્યારે **મમ્મી** પાસે જાઉં છું.

(ખ) હું ભૂતકાળ વિશે જાણવા માગું છું ત્યારે **દાદા** પાસે જાઉં છું.

(ગ) મારે ખાનગી વાત કહેવી હોય ત્યારે **પપ્પા** પાસે જાઉં છું.

(ઘ) જ્યારે મારાથી કંઈ ખોટું થાય ત્યારે **મોટા ભાઈ** પાસે જાઉં છું.

**૧૨. શું તમારા ઘરમાં કોઈ નિયમો પાળવામાં આવે છે ? તે કયા-કયા છે ?**

**ઉત્તર:** હા, અમારાં ઘરમાં નીચે મુજબ નિયમો પાળવામાં આવે છે.

(૧) સવારમાં બ્રશ-સ્નાન કર્યા પછી ભગવાનની પૂજા થાય છે.

(૨) પછી ચા-નાસ્તો કરવા બધાં સાથે જ બેસીએ છીએ.

(૩) ઘરમાં ભણતાં બાળકો બે કલાક લખવા-વાંચવા બેસે છે.

(૪) દાદા-દાદી દરરોજ છાપું વાચે છે.

**૧૩. તમારા ઘરના કયા સભ્યોને ખુશ હોય ત્યારે હસવાની આદત છે ?**

**ઉત્તર:** અમારા ઘરમાં દાદા ખુશ હોય ત્યારે જરૂર હસે છે.

**૧૪. તમે ખુશ હો ત્યારે શું કરો છો ?**

**ઉત્તર:** હું ખુશ હોવ ત્યારે મમ્મી પાસે જઈને લાડ કરું છું.

**૧૫. હસવા ઉપરાંત ખુશ થનાર વ્યક્તિ બીજું શું શું કરે છે ?**

**ઉત્તર:** હસવા ઉપરાંત ખુશ થનાર વ્યક્તિ ઘરમાં સારું રચનાત્મક કામ કરે છે.

**૧૬. તમે તમારા ઘરનાં કયાં-કયાં વડીલોને કેવી રીતે માન આપો છો ?**

**ઉત્તર:** અમારા ઘરનાં વડીલો દાદા-દાદી, પપ્પા-મમ્મીને હું સ્નાન કર્યા પછી વંદન કરું છું.

**૧૭. તમારી આસપાસ જુઓ અને જાણો કે બીજા કેવી રીતે અન્યને માન આપે છે ?**

**ઉત્તર:** મારાં ઘરની સામે દિપ્તી રહે છે, તે એના પપ્પા વજુભાઈને બાપુજી કહીને માન આપે છે. તે તેની માતા શોભાબેનને બા કહીને બોલાવે છે.

**૧૮. ઘરના વડીલો નાના હતા ત્યારે શું શું કરતા હતાં ?**

**ઉત્તર:** ઘરના વડીલો નાનાં હતાં ત્યારે ખૂબ જ મહેનત કરતા હતાં. તેઓ સંપથી રહેતાં હતાં. મુશ્કેલી આવે ત્યારે બધાં સાથે મળીને તેનો સામનો કરતા હતાં.

**૧૯. તમે સાંભળેલી રમૂજી ઘટના તમારા શબ્દોમાં લખો.**

**ઉત્તર:** હું લગભગ આઠ-નવ વર્ષનો હતો. તે વખતે અમારા ઘર માટીની ભીંતના (દેશી ઘર) હતાં. ઉપર દેશી નળિયાં હતાં, તે સમયે અમારા ઘરમાં ઉંદરોનો ત્રાસ વધુ હતો. ઘરમાં ઉંદરોએ દર પણ ઘણાં જ બનાવ્યાં હતાં. ઉંદરોને પકડવા માટે ઘરમાં એક પાંજરું હતું. તેમાં ક્યારેક ઉંદર આવી જાય, ક્યારેક ન પણ આવે. અમારાં ઘરનાં બધા જ સભ્યોએ નક્કી કર્યું હતું કે હવે ઉંદરોને પકડી પાડવા. એક વખત મેં ઉંદરને દરમાં જતો જોયો. તેની પૂછડી થોડીક બહાર હતી. હું ચુપચાપ સાણસી લઈ આવ્યો. મેં ખૂબ જ ધીરજથી સાણસીથી ઉંદરને પકડી પાડ્યો. મમ્મીએ મને બહાર વાડામાં મૂકી આવવા કહ્યું. હું વાડા તરફ ગયો. એવામાં સાણસીની લંબાઈ ઓછી હોવાના કારણે ઉંદરે મારા અંગૂઠા ઉપર જોરથી બચકું ભરી લીધું. મારા હાથમાંથી સાણસી છૂટી ગઈ. અંગૂઠામાંથી લોહી નીકળવા લાગ્યું. હું રડતો રડતો મમ્મી પાસે ગયો. તેણે રૂ દાબીને અંગૂઠા ઉપર લગાવી પાટો બાંધ્યો. આ ઘટના મને આજે પણ યાદ છે.

# મૂલ્યાંકનલક્ષી વિશેષ પ્રવૃત્તિઓ

**૧. નીચે આપેલાં ચિત્રો જોઈ તેનાં નામ લખો.**

| | | | |
|---|---|---|---|
|  |  |  |  |
| **ચંપલ** | **કચરાપેટી** | **ચશ્માં** | **ફૂલદાની** |
|  |  |  |  |
| **ટૂથબ્રશ** | **તકિયો** | **સૂડી** | **જગ** |

**( ચશ્માં, ટૂથબ્રશ, ચંપલ, તકિયો, સૂડી, જગ, કચરાપેટી, ફૂલદાની )**

**૨. નીચેના પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરી તેનો ક્રમ લખો.**

**(૧) ઘરના વડીલ પાસે નીચેની કઈ વસ્તુ હોય છે ?**

(અ) ઈસ્ત્રી (બ) સૂડી (ક) કમ્પ્યૂટર **(ડ) ચશ્માં**

**(૨) ઘરમાં નીચેનું કયું કામ થતું નથી ?**

(અ) કપડાં ધોવાનું **(બ) વાળ કાપવાનું**

(ક) સફાઈનું (ડ) ઈસ્ત્રી કરવાનું

**(૩) નીચેનામાંથી કઈ ટેવ ખરાબ છે ?**

**(અ) જ્યાં-ત્યાં થૂંકવું** (બ) આરતી કરવી

(ક) હાથ-પગ ધોવા (ડ) બ્રશ કરવું

**(૪) નીચેનામાંથી કઈ જોડ ખોટી છે ?**

(અ) દાદા-દાદી **(બ) મામા-માસી**

(ક) ભાઈ-ભાભી (ડ) કાકા-કાકી

**(૫) નીચેનામાંથી વાર્તાઓનો ખજાનો કોની પાસે હોય છે ?**

(અ) પપ્પા (બ) કાકા (ક) ભાઈ **(ડ) દાદા**

**૩. કૌંસમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલીજગ્યા પૂરો.**

(૧) ઘરમાં મોટી ઉંમરનાને **વડીલ** કહેવાય. (મિત્ર, **વડીલ**)

(૨) રમૂજી ઘટનાઓ **ઘર**માંથી સાંભળવા મળે. (**ઘર**, મંદિર)

(૩) જૂની વાર્તાને **ભૂતકાળ** કહેવાય. (વર્તમાન, **ભૂતકાળ**)

(૪) ઘર આપણી પ્રથમ **શાળા** છે. (**શાળા**, આરતી)

**૪. નીચે આપેલાં વિધાનો સામે ☑ ખરાં કે ☒ ખોટાંની નિશાની કરો.**

(૧) ચંપલ ઘરના રસોડામાં પહેરાય. – ☒

(૨) ઘરમાં કોઈનું મૃત્યુ થવું તે દુખદ કહેવાય. – ☑

(૩) ઘરમાં મમ્મી સૌથી વધુ લાડ લડાવે છે. – ☑

(૪) ઘરના વડીલો રમૂજી ટુચકા સંભળાવે છે. – ☑

(૫) મમ્મી સાથે કપડાં ધોવા મારી મોટી બહેન બેસે છે. – ☑

**૫. ખોટા શબ્દ પર ચેકો મારો**

(૧) ઘરમાં જ્યાં ત્યાં ~~**થૂંકાય**~~ / **ન થૂંકાય.**

(૨) કચરો **કચરાપેટીમાં** / ~~**કાનપેટીમાં**~~ નખાય.

(૩) ધ્યાન ન રાખીએ તો ~~**પ્લાસ્ટિક**~~ / **કાચ** ની બરણી તૂટી જાય.

(૪) ઘરમાં દાદા વહેલા **ઊઠે છે.** / ~~**મોડા ઊઠે**~~ છે.

(૫) ~~**કપડાં**~~ / **પુસ્તકો** દફતરમાં જ રખાય.

**૬. યોગ્ય જોડકાં જોડો.**

| | અ | | ઉત્તર | | બ |
|---|---|---|---|---|---|
| (૧) | પપ્પાના નાના ભાઈ | – | **કાકા** | (ક) | દાદી |
| (૨) | પપ્પાની બહેન | – | **ફોઈ** | (ખ) | ભાભી |
| (૩) | પપ્પાના પપ્પા | – | **દાદા** | (ગ) | ફોઈ |
| (૪) | પપ્પાના મમ્મી | – | **દાદી** | (ઘ) | દાદા |
| (૫) | મોટા ભાઈની પત્ની | – | **ભાભી** | (છ) | કાકા |

**૭. દરેકનાં બે - બે નામ લખો.**

(૧) ઘરનાં કામ : (૧) **રસોઈકામ**
(૨) **સફાઈકામ**

(૨) કુટુંબમાંથી શીખવા મળે તે : (૧) **સંપ** (૨) **શિસ્ત**

(૩) ઘરના વડીલ પાસે બે વસ્તુઓ હોય: (૧) **ચશ્માં** (૨) **ડાયરી**

(૪) ઘરમાં થતી પ્રવૃત્તિ : (૧) **કપડાં ધોવાની પ્રવૃત્તિ**
(૨) **સુશોભન-પ્રવૃત્તિ**

(૫) ઘરની સારી બાબતો : (૧) **સ્વચ્છતા**
(૨) **સારું વર્તન**

**૮. મને ઓળખી મારું નામ લખો.**

(૧) હું કપડાં ધોવાનો ધંધો કરું છું. : **ધોબી**

(૨) હું માટીમાંથી વાસણો બનાવું છું. : **કુંભાર**

(૩) હું વાળ કાપવાનું કામ કરું છું. : **વાળંદ**

(૪) હું શાકભાજી વેચું છું. : **કાછિયો**

(૫) હું ફૂલ અને ફૂલના હાર વેચું છું. : **માળી**

## ચાલો, પ્રવૃત્તિ કરીએ :

**૧. નીચેના શબ્દોમાંથી ઘરના ભાગોનાં નામ શોધીને લખો.**

( અગાસી, ડામચિયો, ખીંટી, તકિયો, ફૂલદાની, જાળિયું, વાટણિયો, ઘંટડી, ચરખો, આંગણું, અભેરાઈ, છાપરું, ફિનાઈલ, ઝરૂખો, ગાદલું, ખડિયો, પિચકારી, બ્રશ, ઓરડો, સૂડી, કોઠાર, કચરાપેટી, દંતમંજન, ધુમાડિયું, કોડિયું, રસોડું, ગલેફ, ચાળણી )

| | | |
|---|---|---|
| ૧. **અગાસી** | ૨. **આંગણું** | ૩. **છાપરું** |
| ૪. **ઓરડો** | ૫. **કોઠાર** | ૬. **રસોડું** |

## વિદ્યાર્થીઓ આ એકમમાંથી શું શીખે છે, જાણે છે.

૧. ઘરમાંથી જ બાળક ઘણું બધું શીખે છે.

૨. ઘરના સભ્યોને ઓળખે છે.

૩. ઘરના સભ્યોના સંબંધ વિશે જાણકારી મેળવે છે.

૪. ઘરનાં દાદા-દાદી સાથે વાર્તાઓ સાંભળે છે.

૫. ઘરના કામમાં કઈ રીતે મદદરૂપ થવાય તે જાણે છે.

૬. ઘરના વડીલો નાના હતાં ત્યારે શું કરતા તે જાણે છે.

૭. ઘરના સભ્યો ક્યારે ખુશ થઈ જાય છે તે જાણે છે.

૮. ઘરના સભ્યોની સાથે હળી-મળી જતાં શીખે છે.

૯. ઘરના નિયમની જાણકારી મેળવે છે.

# ૬. ખાધા વિના ન ચાલે

ચર્ચા ✻ કહો ✻ લખો ✻ વિચારો ✻ બનાવો ✻ શોધી કાઢો

બાળકો બગીચામાં બેઠાં બેઠાં ચર્ચા કરે છે. એક બાળકે બાજરીનો રોટલો અને ગોળ ખાધો હતો. એક બાળકે દાળભાત ખાધાં હતાં. એક બાળકના ઘરે તો જમવાનું બન્યું ન હતું. તો એકે પૂડલા ખાધા હતા, તો એકે ઇડલી ખાધી હતી અને એકે વળી દાબેલી ખાધી હતી.

વિપુલના ઘરમાં ચાર સભ્યો છે તેના દાદી ખાંડવાળી દાળ ખાય છે. વિપુલ મકાઈડોડો ખાતો હતો. વિપુલના દાદી મકાઈડોડો ખાઈ શકતાં નથી. વિપુલની નાની બહેન દૂધ જ પીએ છે.

**● એકમની સમજ આપતી મુખ્ય પ્રશ્નોત્તરી :**

**૧. ગઈકાલે રાત્રે તમે શું જમ્યાં હતાં ?**

**ઉત્તર:** ગઈકાલે રાત્રે હું ખીચડી, કઢી અને ભાખરી જમ્યો હતો.

**૨. તમને કેવી રીતે ખબર પડે કે તમને ભૂખ લાગી છે ?**

**ઉત્તર:** પેટ ખાલી થઈ જાય છે. શરીરમાં બેચેની લાગે છે. એટલે ખબર પડી જાય છે કે હવે ભૂખ લાગી છે.

**૩. શું તમારા ઘરે જમવાનું બન્યું ન હોય તેવું થયું છે ?**

**ઉત્તર:** હા, એકવાર મારા દાદા મૃત્યુ પામ્યાં હતાં તે દિવસે જમવાનું બન્યું ન હતું.

**૪. એક બાળકના ઘરમાં જમવાનું બન્યું ન હોય એનું કારણ શું હોઈ શકે ?**

**ઉત્તર:** ગરીબાઈના કારણે અથવા બાળકની માતા બીમાર હોય તો તેના ઘરમાં ખાવાનું ન બને એવું બની શકે.

**૫. શું બધાં બાળકોએ ગઈકાલે એકસરખો ખોરાક ખાધો હતો ? કેમ ?**

**ઉત્તર:** ના, બધાં બાળકોએ ગઈકાલે એકસરખો ખોરાક ખાધો ન હતો. કારણ કે દરેક ઘરના લોકો પોતાની રીતે જમવાનું બનાવતાં હોય છે.

**૬. જ્યારે તમે ખૂબ જ ભૂખ્યા હોવ અને ખાવા માટે કંઈ જ ન હોય તો તમે શું કરો ?**

**ઉત્તર:** ઘરમાંથી થોડોક ગોળ અથવા ખાંડ ખાઈને પછી એક ગ્લાસ પાણી પી લઈએ છીએ.

**૭. દાદી કેમ જલદી દાદર ચઢી શકતાં નથી ?**

**ઉત્તર:** દાદી ઘરડાં થઈ ગયાં છે. તેમનાં હાડકાં હવે મજબૂત નથી. તેથી તેઓ દાદર ચડી શકતાં નથી.

**૮. દાદીને કેવી દાળ પસંદ છે ?**

**ઉત્તર:** દાદીને ખાંડ નાખેલી દાળ વધુ પસંદ છે.

**૯. તમને કેવી દાળ ભાવે છે ?**

**ઉત્તર:** ખૂબ તીખી ન હોય, પરંતુ સ્વાદિષ્ટ હોય તેવી દાળ મને ભાવે છે.

**૧૦. વાર્તામાંના કેટલા સભ્યો મકાઈડોડા ખાઈ શકે છે ? કેમ ?**

**ઉત્તર:** વાર્તામાંનાં ત્રણ સભ્યો મકાઈડોડા ખાઈ શકે છે, કારણ કે તે દાદી જેવા ઘરડાં નથી.

**૧૧. શું ઘરડાં લોકો મકાઈડોડા ખાઈ શકે ? કેમ ?**

**ઉત્તર:** ઘરડાં લોકો મકાઈડોડા ખાઈ શકતાં નથી, કારણ કે તેમને દાંત હોતા નથી તો કેટલાકનાં દાંત નબળા પડી ગયાં હોય છે.

**૧૨. ચાર મહિનાની મુન્ની તેના માતાનાં દૂધ પર રહે છે એ તેનો એકમાત્ર ખોરાક કેમ હશે ?**

**ઉત્તર:** ચાર મહિનાની મુન્નીનો ખોરાક તેની માતાનું દૂધ છે. કારણ કે તેમાંથી તેને પૂરેપૂરાં પૌષ્ટિક તત્ત્વો મળી રહે છે.

**૧૩. તમને ભાવતી વસ્તુ ઉપર ( ) કરો.**

(૧) (ભાત) (૨) (ઘઉં) (૩) જવ (૪) (ચણા)

(૫) મકાઈ (૬) (બાજરી) (૭) સાબુદાણા (૮) નાગલી

**૧૪. તમને જમવામાં પસંદ હોય તેવી વાનગીઓનાં નામ લખો.**

**ઉત્તર:** **૧.** પૂરણપોળી **૨.** લાડવા **૩.** શીરો **૪.** દૂધપાક

**૧૫. તમને જમવામાં નાપસંદ હોય તેવી વાનગીઓનાં નામ લખો.**

**ઉત્તર:** **૧.** રીંગણનું શાક **૨.** કારેલાંનું શાક **૩.** રોટલો **૪.** ઘેંશ

**૧૬. જમવામાં તમારા મિત્રોની અને તમારી પસંદગી સરખી છે ?**

**ઉત્તર:** જમવામાં મારા મિત્રોની અને મારી પસંદગી સરખી નથી.

**૧૭. જમવામાં તમારા કુટુંબના સભ્યોની પસંદગી સરખી છે ?**

**ઉત્તર:** હા, અમારા કુટુંબના સભ્યોની પસંદગી જમવાની બાબતમાં સરખી છે.

**૧૮. તમારા કુટુંબના કયા સભ્યોની જમવામાં પસંદગી જુદી છે ?**

**ઉત્તર:** અમારા કુટુંબમાં અંજની અને ધ્વનિને ફક્ત બટાકાનું જ શાક ભાવે છે.

૧૯. **એવી વસ્તુઓનાં નામ લખો જે તમે ક્યારેય ખાધી ન હોય, પરંતુ ખાવા ઈચ્છતા હોવ.**

**ઉત્તર:** બાસુંદી, કોઠમડી, પુલાવ, દાબેલી, પાંઉભાજી, જીરારાઈસ, બ્રેડપકોડા, વડાપાઉં.

## મૂલ્યાંકનલક્ષી વિશેષ પ્રવૃત્તિઓ

૧. **નીચે ખાઈ શકાય તેવી વસ્તુઓનાં ચિત્રો છે. તેને ઓળખીને તેનું નામ લખો.**

| | | | |
|---|---|---|---|
|  |  |  |  |
| રોટલી | ગોળ | ભાત | પૂરી |
|  |  |  |  |
| ભાખરી | ઢોકળાં | દૂધ | ઈડલી |
|  |  |  |  |
| જલેબી | ગાંઠિયા | મકાઈડોડો | રોટલો |
|  |  |  |  |
| પેંડા | લાડવો | કઢી | ખીચડી |

ભાત, ઈડલી, રોટલી, ઢોકળાં, દૂધ, રોટલો, મકાઈ ડોડો, જલેબી, ભાખરી, ગોળ, ગાંઠિયા, પૂરી, પેંડા, લાડવા, કઢી, ખીચડી

૨. **નીચેના પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરી તેનો ક્રમ લખો.**

**(૧) હિન્દુ ધર્મના લોકો પૂજા કરવા ક્યાં જાય છે ?**

(અ) ગુરુદ્વારામાં (બ) મસ્જિદમાં **(ક) મંદિરમાં** (ડ) ચર્ચમાં

**(૨) દાળ સાથે કઈ વાનગી ખાવાની મજા પડે ?**

(અ) ગાંઠિયા (બ) ઢોકળાં **(ક) ભાત** (ડ) શીરો

**(૩) શીખ લોકો પૂજા કરવા ક્યાં જાય છે ?**

(અ) ચર્ચમાં (બ) મંદિરમાં **(ક) ગુરુદ્વારામાં** (ડ) મસ્જિદમાં

**(૪) ખીરની સાથે કઈ વાનગી ખાવાની મજા પડે ?**

(અ) ઢોકળાં (બ) ભજિયાં **(ક) પૂરી** (ડ) ઇડલી

**(૫) મુસ્લિમો નમાજ ક્યાં પઢે છે ?**

**(અ) મસ્જિદમાં** (બ) ચર્ચમાં (ક) મંદિરમાં (ડ) ગિરજાઘરમાં

૩. **કૌંસમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલીજગ્યા પૂરો.**

(૧) વિપુલના ઘરમાં **ચાર** સભ્યો છે. (**ચાર**, પાંચ)

(૨) **મકાઈ**ના ડોડા હોય છે. (શેરડી, **મકાઈ**)

(૩) **ચોખા**ના લોટની વડી બને. (મગ, **ચોખા**)

(૪) શેકીને કડક કરેલી રોટલીને **ખાખરો** કહે છે. (**ખાખરો**, ભાખરી)

(૫) **તુવેર**ના દાણાને તૂરા કહે છે. (**તુવેર**, મકાઈ)

૪. **નીચે આપેલાં વિધાનો સામે ☑ ખરાં કે ☒ ખોટાંની નિશાની કરો.**

(૧) ગુરુદ્વારામાં દાળ, ભાત, શાક, રોટલી જમવા અપાય છે. – ☒

(૨) દાળના ભૂકાને કોરમું કહે છે. – ☑

(૩) ઘરડાં લોકો મકાઈડોડો ખાઈ શકે છે. – ☒

(૪) કળથી પચવામાં ભારે કઠોળ છે. – ☑

(૫) મગની દાળ અને ચોખામાંથી ખીચડી બને છે. – ☑

૫. **ખોટા શબ્દ પર ચેકો મારો**

(૧) મકાઈડોડા ~~લાલ~~ / **પીળા** રંગના હોય છે.

(૨) ઘેંશ **હલકી** / ~~ભારે~~ વાનગી છે.

(૩) **ઘઉં** / ~~ચોખા~~ ના ભરડેલા નાના કકડાની વાનગીને થૂલી કહે છે.

(૪) નાનું બાળક **શીરો** / ~~મકાઈડોડો~~ ખાઈ શકે છે.

(૫) **ચણા** / ~~મકાઈ~~ ના શેકેલા પોપટાને ઓળો કહે છે.

૬. યોગ્ય જોડકાં જોડો.

| અ | | ઉત્તર | બ |
|---|---|---|---|
| (૧) ઘઉં | – | **રોટલી** | (ક) પુલાવ |
| (૨) ચોખા | – | **ખીચડી** | (ખ) ખીચડી |
| (૩) બાજરી | – | **રોટલો** | (ગ) ધાણી |
| (૪) સાબુદાણા | – | **પુલાવ** | (ઘ) રોટલો |
| (૫) મકાઈ | – | **ધાણી** | (છ) રોટલી |

## ૭. દરેકનાં બે - બે નામ લખો.

(૧) ગુરુદ્વારામાં મળતું જમણ :(૧) **રોટલી** (૨) **દાળ**

(૨) નાનું બાળક ખાઈ શકે તે ખોરાક :(૧) **શીરો** (૨) **રાબ**

(૩) યુવાન ખાઈ શકે તે ખોરાક :(૧) **લાડવો** (૨) **રોટલો**

(૪) વૃદ્ધ ખાઈ શકે તે ખોરાક :(૧) **દાળભાત** (૨) **ખીચડી**

(૫) તુવેરની દાળમાંથી બનતી વાનગી:(૧) **પૂરણપોળી**(૨) **દાળ**

## ૮. મને ઓળખી મારું નામ લખો.

(૧) હું શીખ લોકોનું યાત્રાધામ છું. : **અમૃતસર**

(૨) હું ઘઉંના બાફેલા દાણાં છું. : **ટોઠાં**

(૩) મારામાંથી બળી બને છે. : **ખીરું (દૂધ)**

(૪) હું ચોખાનો બાફેલો લોટ છું. : **ખિચું**

(૫) હું ચણાના શેકેલા પોપટા છું. : **ઓળો**

**૯. ઘઉંમાંથી બનતી વાનગીઓનાં નામ લખો.**

**ઉત્તર:** ૧. **શીરો** ૨. **રોટલી** ૩. **ટોઠાં** ૪. **લાડવા**

**૧૦. ચોખામાંથી બનતી વાનગીઓનાં નામ લખો.**

**ઉત્તર:** ૧. **ભાત** ૨. **ઢોકળાં** ૩. **ખીર** ૪. **બટાકાપૌંઆ**

**૧૧. નીચેના પ્રશ્નોના બે ત્રણ વાક્યોમાં જવાબ લખો.**

**(૧) હેન્સી ક્યાંની છે ? તેને શું શું ભાવે છે ?**

**ઉત્તર:** હેન્સી ગુજરાતના વલસાડ ગામની છે. તેને ઉંબાડિયું ખૂબ જ ભાવે છે.

**(૨) જૂલી ક્યાંની છે ? તેને શું શું ભાવે છે ?**

**ઉત્તર:** જૂલી કાશ્મીરની છે. તેને રાઈના તેલમાં બનાવેલી માછલી બહુ ભાવે છે.

**(૩) થોમસ ક્યાંનો છે ? તેને શું શું ભાવે છે ?**

**ઉત્તર:** થોમસ કેરળનો છે. તેને બાફેલા સાબુદાણા અને નાળિયેરમાંથી બનાવેલી કઢી બહુ જ ભાવે છે.

## ચાલો, પ્રવૃત્તિ કરીએ :

**૧. પૂછો અને લખો.**

| | શું ખાઈ શકે ? | | શું ન ખાઈ શકે ? | |
|---|---|---|---|---|
| બાળક | ૧.રાબ | ૨. શીરો | ૧. ભાખરી | ૨. રોટલી |
| યુવાન | ૧.દાળભાત | ૨. શાક-રોટલી | ૧. રાબ | ૨. ઘેંશ |
| વૃદ્ધ | ૧.રાબ | ૨. ઘેંશ | ૧. ભાખરી | ૨. મકાઈડોડો |

**૨. નીચે કેટલીક વસ્તુઓનાં નામ આપેલાં છે. જે ખાઈ શકાય તેની સામે ☑ અને જે ના ખાઈ શકાય તેની સામે ☒ ની નિશાની કરો.**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| કેળનાં ફૂલો | ☒ | ઉંદર | ☒ | ઘાસ | ☒ | અખરોટ | ☑ |
| સરગવાનાં ફૂલો | ☒ | માછલી | ☒ | નાળિયેર તેલ | ☒ | કોઠમડી | ☑ |
| મશરૂમ | ☑ | દેડકો | ☒ | રોટલી | ☑ | નાળિયેર | ☑ |
| કમળની ડાંડી | ☒ | આમળાં | ☑ | દાળ | ☑ | આમળું | ☑ |
| લાલ કીડી | ☒ | રોટલો | ☑ | ભાત | ☑ | અરીઠું | ☒ |
| વાસી રોટલી | ☒ | ફ્લાવર | ☑ | સોપારી | ☑ | અંગૂર | ☑ |
| ઊંટડીનું દૂધ | ☑ | માંસ | ☒ | જામફળ | ☑ | ખસખસ | ☑ |
| મરઘીનાં ઈંડાં | ☒ | ડુંગળી | ☑ | રતાળું | ☑ | આમલી | ☑ |
| અળવીનાં પાન | ☒ | કરચલો | ☒ | કેળું | ☑ | લીંબુ | ☑ |

## પ્રોજેક્ટવર્ક

નીચેના અડધાં ચિત્રો પૂરાં કરી તે ચિત્રનાં નામ લખો.



મકાઈનો ડોડો



દાડમ



કમળ



માછલી

## વિદ્યાર્થીઓ આ એકમમાંથી શું શીખે છે, જાણે છે.

૧. લંગર કોને કહેવાય તે સમજે છે.
૨. ઇડલી કેવી વાનગી છે, શેમાંથી બને છે તે જાણે છે.
૩. દરેકના ઘરે સરખું જમવાનું બનતું નથી તેની ખબર પડે છે.
૪. ઘરડા લોકો મકાઈડોડો ખાઈ શકતાં નથી તેનું કારણ જાણે છે.
૫. ઘરડા લોકો ઝડપી ચાલી નથી શકતાં તે જાણે છે.
૬. નાના બાળકનો ખોરાક માતાનું દૂધ જ હોય છે તે સમજે છે.
૭. ઘઉં, ચોખા, મકાઈમાંથી શું શું બને છે તે સમજે છે.
૮. ઉંબાડિયું એટલે શું તેની ખબર પડે છે.
૯. નાળિયેરના તેલમાંથી વાનગી બને છે તે સમજે છે.
૧૦. શાકાહારી - માંસાહારી વિશે જાણે છે.

# ૭. અનોખો સંવાદ

**ચર્ચા ✻ કહો ✻ લખો ✻ વિચારો ✻ બનાવો ✻ શોધી કાઢો**

બાળકો ભેગાં થઈને અનોખી રમત રમે છે. શિક્ષક દરેક જૂથને એક ચિઠ્ઠી આપે છે. ચિઠ્ઠી વાંચીને બાળક મૂક-અભિનય કરે છે. બાળકોને બોલવાનું નથી, ચહેરાના, શરીરના હાવભાવથી, મૂક-અભિનયથી બીજા બાળકોને ખબર પડી જાય છે.

સમાજમાં ઘણાં બાળકો બોલી શકતાં નથી, સાંભળી પણ શકતાં નથી. આવાં બાળકો મૂક-અભિનયથી, ઈશારાથી, સંકેતથી વાતચીત કરી લે છે.

● **એકમની સમજ આપતી મુખ્ય પ્રશ્નોત્તરી :**

**૧. મૂક-અભિનય રમત તમને કેવી લાગી ?**

**ઉત્તર:** મૂક-અભિનયની રમતથી સામેની વ્યક્તિ સમજી શકે છે.

**૨. શું તમને બોલ્યા વગર અભિનયથી રજૂ કરવાનું મુશ્કેલ લાગ્યું ?**

**ઉત્તર:** હા, બોલ્યા વગર અભિનયથી રજૂ કરવાનું મુશ્કેલ લાગ્યું.

**૩. શું તમે કોઈને અભિનય દ્વારા વાત કરતા જોયાં છે ?**

**ઉત્તર:** હા, અમદાવાદમાં બહેરા-મૂંગાની શાળામાં બહાર અભિનયથી વાત કરતા જોયાં છે.

**૪. લોકો આ રીતે ક્યારે વાત કરે છે ?**

**ઉત્તર:** જે લોકો બોલી શકતાં નથી તેમજ સાંભળી શકતાં નથી તેઓ આ રીતે વાત કરે છે.

**૫. ૬ થી ૮ મહિનાનું બાળક અભિનય દ્વારા શું શું સમજાવી શકે છે ?**

**ઉત્તર:** ૬ થી ૮ મહિનાનું બાળક ભૂખ્યું થયું હોય, તરસ લાગી હોય તો તે અભિનય કે હવાભાવ દ્વારા સમજાવી શકે છે.

## મૂલ્યાંકનલક્ષી વિશેષ પ્રવૃત્તિઓ

**૧. નીચે આપેલાં ચિત્રો બનાવો**



રહસ્યમય



આનંદિત




**૨. નીચેના પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરી તેનો ક્રમ લખો.**

**(૧) વર્ગમાં ગુરુજીની રજા લેવા માટે શું લખાય ?**

(અ) કાગળ (બ) કવર (ક) ટપાલ **(ડ) ચિઠ્ઠી**

**(૨) મૂકબધિર કઈ રીતે વાત કરે છે ?**

(અ) અભિનયથી (બ) બોલીને **(ક) સંકેતથી** (ડ) કાનમાં કહીને

## ૩. કૌંસમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલીજગ્યા પૂરો.

(૧) જે બોલી - સાંભળી શકતા નથી તેમને શાળામાં **ઈશારાની** ભાષાથી શીખવાડાય છે. (ગુજરાતી, **ઈશારાની**)

(૨) **ઋત્વા**થી અથાણાની બરણી પડી અને તૂટી ગઈ (જૂલી, **ઋત્વા**)

(૩) રેહાનાને **કૂતરા**થી ડર લાગે છે. (વંદા, **કૂતરા**)

(૪) પિયાનો **સંગીતનું** સાધન છે. (**સંગીતનું**, રમતનું)

(૫) આપણે **નૃત્ય** દ્વારા વાત કરી શકીએ. (**નૃત્ય**, સંગીત)

**૪. નીચે આપેલાં વિધાનો સામે ☑ ખરાં કે ☒ ખોટાંની નિશાની કરો.**

(૧) બોલ્યા વગર જે કહેવું હોય તે મૂક-અભિનયથી થઈ શકે. – ☑

(૨) માણસ ખુશ છે તે તેના ચહેરાથી ખબર પડે. – ☑

(૩) થાળી ચડાવીને વગાડાતું સાધન ગ્રામોફોન છે. – ☑

(૪) આફતાબથી રમકડું પડી ગયું અને તૂટી ગયું. – ☑

(૫) આપણી આંખો ઘણું બધું કહે છે. – ☑

## ૫. ખોટા શબ્દ પર ચેકો મારો

(૧) ચકુ ~~**વાંસળી**~~ / **પિયાનો** વગાડતી હતી.

(૨) નૃત્યમાં હાથની લાગણીને **મુદ્રા** / ~~**ભાવ**~~ કહે છે.

(૩) મરઘાની જોડ **હોય છે.** / ~~**હોતી નથી.**~~

(૪) ઢોલ **મોટો** / ~~**નાનો**~~ હોય છે.

(૫) નૃત્યમાં ચહેરાની લાગણીને ~~**મુદ્રા**~~ / **ભાવ** કહે છે.

## ૬. યોગ્ય જોડકાં જોડો.

| | અ | | ઉત્તર | | બ |
|---|---|---|---|---|---|
| (૧) | ઢોલ વગાડનાર | – | **ઢોલી** | (ક) | તબલચી |
| (૨) | તબલાં વગાડનાર | – | **તબલચી** | (ખ) | સિતારવાદક |
| (૩) | શરણાઈ વગાડનાર | – | **શરણાઈવાદક** | (ગ) | પડઘમચી |
| (૪) | પડઘમ વગાડનાર | – | **પડઘમચી** | (ઘ) | ઢોલી |
| (૫) | સિતાર વગાડનાર | – | **સિતારવાદક** | (છ) | શરણાઈવાદક |

## ૭. દરેકનાં બે - બે નામ લખો.

(૧) ક્રિયા દ્વારા થતી વાતો : (૧) **હાવભાવ** (૨) **મુદ્રા**

(૨) સંગીતનાં સાધનો : (૧) **વાંસળી** (૨) **પિયાનો**

(૩) મૂક-અભિનય : (૧) **ઈશારો** (૨) **મુદ્રા**

(૪) ડર લાગે તેવાં પ્રાણીઓ : (૧) **સિંહ** (૨) **વાઘ**

(૫) અથાણાં : (૧) **કેરીનું** (૨) **લીંબુનું**

## ૮. મને ઓળખી મારું નામ લખો.

(૧) હું ન લખી શકાય તેવી ભાષા છું. : **ઈશારો**

(૨) મેં કાળા રંગનાં ચશ્માં પહેર્યાં છે. : **નંદુ**

(૩) હું આપનો અરીસો છું. : **ચહેરો**

(૪) મારા ઘરે મારી નાની બહેનનો જન્મ થયો. : **જૂલી**

(૫) હું સરસ પિયાનો વગાડું છું. : **ચકુ**

## ચાલો, પ્રવૃત્તિ કરીએ :

**૧. ચિત્રો પરથી વિચાર કરીને તમારી પોતાની વાર્તા બનાવો.**



એક ખિસકોલી હતી. તે ઝાડ ઉપર વારંવાર ચડતી-ઉતરતી હતી. તેમાં તેને આનંદ મળતો હતો. તેના પગ અને પૂછડી તે આમતેમ ફેરવતી હતી.

એકવાર ખિસકોલીને પૂરી ખાવાની ઈચ્છા થઈ. તે નાની કઢાઈ લઈ આવી. તેમાં તેણે તેલ નાખ્યું. તેણે પૂરી બનાવીને તેલમાં તળી.





બીજી વાર ખિસકોલીને ભાત ખાવાની ઈચ્છા થઈ. તેને જમીન ઉપર ચૂલો બનાવ્યો. તપેલીમાં તેણે ચોખા અને પાણી લીધાં. પછી તેને ચૂલા ઉપર મૂકી તેણે ચૂલો સળગાવ્યો.

કાગડો અને કાબર તરસ્યાં થયાં તે બંને એક ખાડા પાસે આવ્યાં. ત્યાં થોડુંક પાણી હતું. બંને સાથે પાણી પીવા લાગ્યાં. તેમની બાજુમાં ચાર તરસ્યાં ઉંદર પણ પાણી પીવા આવ્યાં હતાં.



## પ્રોજેક્ટવર્ક

**૧. નીચેની નૃત્યની મુદ્રા જોઈને બે - બે વાક્યો લખો.**



આ જમણાં હાથનું ચિત્ર છે. જમણાં હાથના પાંચ આંગળાં ભેગાં કરેલા છે. થોડીક વસ્તુ બતાવવા માટે હાવભાવની મુદ્રા કરેલી છે. આ મુદ્રામાં ઈશ્વરને વિનંતી કરવામાં આવી છે.



આ જમણાં હાથનું ચિત્ર છે. કટોરો ભરાય તેટલી વસ્તુનો ભાવ રજૂ કર્યો છે. મૂકબધિર લોકો આ ભાવ જલદી સમજી જાય છે.



આ જમણાં હાથનું ચિત્ર છે. પ્રાણીઓના મુખનું ચિત્ર આંગળા વડે બનાવેલું છે. હાથની પ્રથમ અને છેલ્લી આંગળી પ્રાણીના બે કાનની મુદ્રા છે.



આ ચિત્રમાં બંને હાથ ભેગા કરેલા છે. નૃત્યની આ ભાવમુદ્રા છે. ઈશ્વરને વિનંતી કરવાનો.... પ્રાર્થના કરવાનો ભાવ છે.

## વિદ્યાર્થીઓ આ એકમમાંથી શું શીખે છે, જાણે છે.

૧. મૂક-અભિનય કરવાનો પ્રયત્ન કરે છે.
૨. બોલ્યા વગર રહેવા માટેનો પ્રયત્ન કરે છે.
૩. ઈશારાની, હાવભાવની ભાષા સમજે છે.
૪. ચહેરો આપણો અરીસો છે તે સમજે છે.
૫. આંખ, નાક વગરનો ચહેરો દોરવા પ્રયત્ન કરે છે.
૬. હાથની વિવિધ મુદ્રાઓને સમજવા પ્રયત્ન કરે છે.
૭. હાથની વિવિધ મુદ્રાઓનું અનુકરણ કરે છે.
૮. ચિત્ર જોઈને વાર્તા બોલે છે, લખે છે.

કમ્પ્યૂટર વિશે અવનવું શીખવતી પુસ્તક શ્રેણી

# અલંકાર કમ્પ્યૂટરની દુનિયા

ભાગ
1 થી 8



**નોંધપાત્ર વિશેષતાઓ :**

- બાળમાનસને અનુરૂપ શીખવવા જરૂરી સુંદર, આકર્ષક ચિત્રો અને સ્ક્રીન શોટસ્.
- પુસ્તકની અંદર જ લખવાની પૂરતી જગ્યા.
- બહુવિકલ્પવાળા પ્રશ્નો દ્વારા સ્વાધ્યાય.
- સેમેસ્ટર પદ્ધતિ મુજબ અભ્યાસક્રમનું વિભાજન.
- યુનિટ ટેસ્ટ અને પુનરાવર્તન વડે ભાગ 1 થી 8 નો ક્રમબદ્ધ અભ્યાસક્રમ.
- નાના ભૂલકાઓને માઉસ પકડાવવા થી શરૂ કરીને ભાગ 8 સુધીમાં કમ્પ્યૂટર માસ્ટર્સ બનાવતા તમામ બેઝીક કોર્ષને આવરી લઈ તૈયાર કરવામાં આવેલી અદ્યતન આવૃત્તિઓ.
- પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ કમ્પ્યૂટરના વિષયાંગોને (કોર્ષ) પણ અલંકાર કમ્પ્યૂટરની દુનિયા ભાગ 5 થી 8માં સમાવેશ કરી લેવામાં આવ્યા છે.

Very unique to learn...
Alankar™
Publication

# ૮. ફરરરર...

ચર્ચા ✻ કહો ✻ લખો ✻ વિચારો ✻ બનાવો ✻ શોધી કાઢો

મોરના માથે કલગી એ મુગટ છે. તે ચોમાસામાં ટહુકે છે. સમડીની પૂછડી લાંબી છે. તેનો ખોરાક ઉંદર છે. તે ખૂબ ઊપર ઊડે છે. પોપટના પીંછાં લીલા રંગના છે, તેનો ખોરાક જામફળ અને લીલાં મરચાં છે. પોપટ અવાજની નકલ કરે છે. કાગડાના પીંછાં કાળા રંગના છે. આખો દિવસ કાઉં...કાઉં.. બોલ્યા કરે છે. કોયલ કૂ..ઉ...કૂં...ઉં.. બોલે છે. તેનો મીઠો અવાજ સૌને ગમે છે. ગીધ એ પંખીઓનો રાજા છે. તે હંમેશાં મરેલાં જીવો ખાય છે. તે ઊંચે ઊડે છે. કબૂતરની ચાંચ ગુલાબી રંગની છે. તેનાં પીંછાં ભૂખરાં રંગનાં છે. તે ગૂટર...ગું... બોલે છે. સુગરી પંખી પાંદડાં સીવીને માળો બનાવે છે, તેની ચાંચ બહુ તીણી છે. ઝાડના થડને કાણું પાડીને તેમાં રહેલી જીવાતને ખાવાનું કામ લક્કડખોદ પક્ષી કરે છે. રાત્રે જાગતું પક્ષી ઘુવડ છે.

કેટલાંક પક્ષીઓની ચાલવાની અને ઊડવાની રીત અલગ છે. મેના પક્ષી તેની ડોક આગળ અને પાછળ આંચકાથી હલાવે છે. ઘુવડ તેની ડોક પાછળ ફેરવી શકે છે.

પંખીઓનાં પીંછાં તેનું ઠંડી અને ગરમીમાં રક્ષણ કરે છે. ક્યારેક પંખીઓ જૂનાં પીછાં ખેરવી નાખે છે પછી તેને નવાં પીછાં આવે છે.

## • એકમની સમજ આપતી મુખ્ય પ્રશ્નોત્તરી :

૧. મારે માથે મુગટ છે, હું નૃત્ય કરું છું, પીંછાંનો મને ગર્વ છે. વરસાદ પહેલાં હું ટહુકું છું. લખો હું **મોર** છું.

૨. પૂછડી મારી લાંબી છે. પૂછડીમાં મારે ખાંચા છે. હું આકાશમાં ઊંચે ઊડું છું. ઊંદરને હું ખાઉં છું. લખો હું **સમડી** છું.

૩. મારાં પીંછાં લીલા રંગનાં, ચાંચનો રંગ લાલ છે. જામફળ ને લીલાં મરચાં ભાવે. અવાજની નકલ મને ખૂબ ફાવે, લખો હું **પોપટ** છું.

૪. પીંછાં મારા કાળા રંગનાં, કાળો મારો રંગ છે. આખો દિવસ કાંઉં..કાંઉં... બોલું, રંગ મારો ચમકે છે. લખો હું **કાગડો** છું.

૫. કૂ...ઉ...કૂ...ઉ. હું બોલું છું, બધેય જોવા મળું છું. મારો અવાજ ઓળખ અપાવે, હું તો મીઠું ટહુકું છું. લખો હું **કોયલ** છું.

૬. મરેલાં જીવોને ખાઉં છું. ગંદકી સાફ કરું છું. ઊંચે ઊંચે ઊડું છું. હું પંખીઓનો રાજા છું. લખો હું **ગીધ** છું.
૭. ચાંચ મારી ખૂબ તીણી છે. ચાંચની સોય જ વાપરું છું. પાંદડાં સીવી ઘર બનાવું છું. હું અનોખું પંખી કહેવાઉં. લખો હું **સુગરી** છું
૮. ચાંચ મારી ગુલાબી છે. પીંછાં મારાં ભૂખરાં છે. ગૂટર...ગૂ.. હું બોલ્યાં કરું. હું માણસોના ઘરમાં મારું ઘર બનાવું લખો હું **કબૂતર** છું.
૯. ઝાડના થડને કાણું કરું. છુપાયેલાં કીડાથી પેટ ભરું, આખો દિવસ ટક..ટક.. કરું, લાકડું ખોદવાનું હું કામ કરું. લખો હું **લક્કડખોદ** છું.

**૧૦. ફરરર... પાઠમાં બતાવેલ કયાં પંખીઓ તમે જોયાં છે ? તેમનાં નામ લખો.**

**ઉત્તરઃ** ફરરર... પાઠમાં બતાવેલ પંખી ઘુવડ, લક્કડખોદ, સુગરી, બતક મેં જોયાં છે.

**૧૧. તમે બહાર કેટલાં પંખીઓ જોઈ શકો છો ?**

**ઉત્તરઃ** અમે બહાર ચકલી, કબૂતર, કાગડો, મોર, બતક, બગલો, પોપટ, ગીધ, કાબર વગેરે પંખીઓ જોઈ શકીએ છીએ.

**૧૨. તેમાંથી કેટલાં પંખીઓને તમે ઓળખો છો ?**

**ઉત્તરઃ** તેમાંથી ચકલી, કબૂતર, કાગડો, મોર, બતક, બગલો, પોપટ, કાબરને ઓળખીએ છીએ.

**૧૩. પંખીઓ સિવાય એવાં ક્યા પ્રાણીઓ છે જે ઊડી શકે છે ?**

**ઉત્તરઃ** પંખીઓ સિવાય ચામાચીડિયું પ્રાણી ઊડી શકે છે.

**૧૪. તમે પંખીની જેમ ઊડી શકો તો ક્યાં જવા માગશો ? બીજું તમે શું કરશો ?**

**ઉત્તરઃ** હું પંખીની જેમ ઊડી શકું તો હિમાલયની પરિક્રમા કરવાની ઈચ્છા છે. એ પછી મારા બધા મિત્રોને હિમાલયની રસપ્રદ વાર્તા કહીશ.

**૧૫. જો પંખીઓ ઊડી ન શકતાં હોત અને તેમના પગ પર જ ચાલતાં હોત તો શું થાત ?**

**ઉત્તરઃ** જો પંખીઓ ઊડી ન શકતાં હોત તો તેમનો શિકાર વધુ થાત અને ઘણાં બધાં પક્ષીઓ લુપ્ત થઈ જવાનો ખતરો રહે.

# મૂલ્યાંકનલક્ષી વિશેષ પ્રવૃત્તિઓ

૧. નીચે પક્ષીઓનાં ચિત્રો છે. તેને ઓળખીને તેનું નામ લખો.

| | | | |
|---|---|---|---|
|  |  |  |  |
| મોર | ચકલી | કબૂતર | કાગડો |
|  |  |  |  |
| પોપટ | કોયલ | ગીધ | લક્કડખોદ |
|  |  |  |  |
| સુગરી | ઘુવડ | સારસ | કાબર |
|  |  |  |  |
| સમડી | શાહમૃગ | બતક | ગરુડ |

કબૂતર, પોપટ, ગીધ, મોર, સુગરી, સારસ, ચકલી, કાગડો, લક્કડખોદ, કોયલ, શાહમૃગ, ઘુવડ, કાબર, સમડી, બતક, ગરુડ

**૨. નીચેના પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરી તેનો ક્રમ લખો.**

**(૧) નીચેનામાંથી કયું પંખી સુંદર અને રંગબેરંગી છે ?**

(અ) ચકલી (બ) ઘુવડ **(ક) મોર** (ડ) સમડી

**(૨) નીચેનામાંથી કયું પક્ષી મગ ખાય છે ?**

**(અ) કબૂતર** (બ) ચકલી (ક) પોપટ (ડ) હોલો

**(૩) નીચેનામાંથી કયા પંખીની ચાંચ સોય જેવી છે ?**

(અ) ખેરખટ્ટો (બ) મોર (ક) કાગડો **(ડ) સુગરી**

**(૪) નીચેનામાંથી કયું પંખી લીલાં મરચાં ખાય છે ?**

**(અ) પોપટ** (બ) કાગડો (ક) કબૂતર (ડ) ચકલી

**(૫) નીચેનામાંથી કયા પંખીનો અવાજ મધુર છે ?**

(અ) કાગડો **(બ) કોયલ** (ક) કબૂતર (ડ) ચકલી

**૩. કૌંસમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલીજગ્યા પૂરો.**

(૧) ગુલાબી ચાંચ ભૂખરાં પીંછાંવાળું પંખી **કબૂતર** છે. (**કબૂતર**, હોલો)

(૨) લાકડા ખોદે તે પંખી **લક્કડખોદ** છે. (ઘુવડ, **લક્કડખોદ**)

(૩) **મેના** પંખી તેની ડોક આગળ-પાછળ આંચકાથી હલાવે છે. (**મેના**, શક્કરખોરો)

(૪) **મોર** પંખીને લાંબા રંગીન પીંછાં છે. (**મોર**, શકરોબાજ)

(૫) **ઘુવડ** પંખી આવે એટલે બધાં પંખીઓ શોર મચાવે છે. (**ઘુવડ**, મોર)

**૪. નીચે આપેલાં વિધાનો સામે ☑ ખરાં કે ☒ ખોટાંની નિશાની કરો.**

(૧) ઘુવડ પંખી તેની ડોક પાછળ ફેરવી શકે છે. – ☑

(૨) ઝાડના થડ ઉપર ટકટક કરતું પંખી ગયણો છે. – ☒

(૩) ગરુડ પંખીને હરિવાહન પણ કહે છે. – ☑

(૪) કાગડાને એકાક્ષી પણ કહે છે. – ☑

(૫) ચાતક પક્ષી વરસાદનું પાણી પીતું નથી. – ☒

**૫. ખોટા શબ્દ પર ચેકો મારો**

(૧) ટિટોડીનાં ઈંડાં **કાબરચીતરાં** / ~~**લીલા**~~ રંગનાં હોય છે.

(૨) શાહમૃગ પંખીનું ઈંડું ~~**નાનું**~~ / **મોટું** હોય છે.

(૩) **બાજ** / ~~ગરજણ~~ પંખી પક્ષીઓનો શિકાર કરે છે.
(૪) મોરને ~~મયૂરી~~ / **મયૂર** કહે છે.
(૫) સવારે વહેલાં જાગતું પંખી **કૂકડો** / ~~ખુશર~~ છે.

**૬. યોગ્ય જોડકાં જોડો.**

| અ | | ઉત્તર | બ |
|---|---|---|---|
| (૧) પંખીઓનો રાજા | – | **ગીધ** | (ક) ચકલી |
| (૨) પાંદડાં સીવીને ઘર બનાવે છે. | – | **સુગરી** | (ખ) જટાયુ |
| (૩) ઘરઆંગણાંનું પંખી | – | **ચકલી** | (ગ) ઘુવડ |
| (૪) રાત્રે જાગતું પંખી | – | **ઘુવડ** | (ઘ) ગીધ |
| (૫) રામાયણનું પંખી | – | **જટાયુ** | (છ) સુગરી |

**૭. દરેકનાં બે - બે નામ લખો.**

(૧) ફળ ખાતાં પંખી : (૧) **પોપટ** (૨) **કાબર**
(૨) ઈંડાં ખાતાં પંખી : (૧) **કાગડો** (૨) **સમડી**
(૩) દાણાં ખાતાં પંખી : (૧) **કબૂતર** (૨) **ચકલી**
(૪) માંસ ખાતાં પંખી : (૧) **બાજ** (૨) **ગીધ**
(૫) માછલી ખાતાં પંખી : (૧) **બગલો** (૨) **બતક**

**૮. મને ઓળખી મારું નામ લખો.**

(૧) મારે માથે કલગી છે, હું વરસાદમાં નૃત્ય કરું છું. : **મોર**
(૨) મારાં પીંછાં કાળાં અને ચાંચ પણ કાળી છે. : **કાગડો**
(૩) મારાં પીંછાં લીલાં અને ચાંચ લાલ રંગની છે. : **પોપટ**
(૪) હું કુઊ... કુ...ઉ.. મીઠો અવાજ કરું છું. : **કોયલ**
(૫) મારી પૂછડી લાંબી અને ખાંચાવાળી છે.
હું ઉંદરનો શિકાર કરું છું. : **સમડી**

**૯. બે અક્ષરનાં ચાર પંખીનાં નામ લખો.**

**ઉત્તર:** ૧. હુડો ૨. તૂઈ ૩. હોલો ૪. ચાપ

**૧૦. પાઠમાં બતાવેલાં ક્યાં પંખી તમે જોયાં નથી ? તેમનાં નામ લખો.**

**ઉત્તર:** ૧. ઘુવડ ૨. લક્કડખોદ ૩. સુગરી ૪. બતક

**૧૧. જે પક્ષીના પગના નખ તીક્ષ્ણ હોય તેવાં પાંચ પક્ષીઓનાં નામ લખો.**

**ઉત્તર:** ૧. કાગડો ૨. ગીધ ૩. સમડી ૪. બાજ ૫. ઘુવડ

## ચાલો, પ્રવૃત્તિ કરીએ :

**૧. નીચે આપેલ કોષ્ટકમાં પંખીનું નામ લખો. તમે ક્યાં જોયાં છે ? તે ખાનામાં ✓ નું નિશાન કરો.**

| ક્રમ | પંખીનું નામ | પાણીમાં | વૃક્ષ પર | જમીન પર | ઘરમાં | ઊડતાં |
|---|---|---|---|---|---|---|
| ૧ | બતક | ✓ | | ✓ | | |
| ૨ | મોર | | ✓ | ✓ | | |
| ૩ | ચકલી | | ✓ | ✓ | ✓ | ✓ |
| ૪ | કાગડો | | ✓ | ✓ | | ✓ |
| ૫ | કબૂતર | | ✓ | ✓ | ✓ | ✓ |
| ૬ | પોપટ | | ✓ | ✓ | ✓ | ✓ |
| ૭ | કોયલ | | ✓ | ✓ | | ✓ |

**૨. વિવિધ પંખીઓની ચાંચ જુદા જુદા પ્રકારની હોય છે. નીચે પંખીઓની ચાંચનાં ચિત્રો આપેલાં છે. ચિત્રો ઓળખી પંખીનું નામ લખો.**


પોપટ


કાગડો


મોર


બગલો


સમડી


પતરંગો

**૩. નીચે પંખીઓનાં નામ લખ્યાં છે તેનું માગ્યા મુજબ વર્ગીકરણ કરો.**

**(કાગડો, ઘુવડ, કૂકડો, શાહમૃગ, ચકલી, બગલો, પતરંગો, સારસ, ગીધ, હંસ, મોર, ચકલી, ધોમડો, ઝુમસ, ચુગ્ગડ, સારસ, હોલો, ઢોંક, કોયલ, કંકણસાર, કબૂતર, રણચૂંડલ, ઘંટીટાંકણો)**

- તીક્ષ્ણ ચાંચવાળાં પંખી ૧. કાગડો ૨. ગીધ
- સુંદર અવાજ કરતા પંખી ૧. મોર ૨ કોયલ

- મોટી આંખવાળાં પંખી  ૧. **ઘુવડ**  ૨. **સારસ**
- જીવાંત ખાતાં પંખી  ૧. **કૂકડો**  ૨. **ઘંટીટાંકણો**
- મોટાં ઈંડાં મૂકતાં પંખી  ૧. **સારસ**  ૨. **મોર**
- નાનાં ઈંડાં મૂકતાં પંખી  ૧. **ચકલી**  ૨. **પતરંગો**
- કલગીવાળાં પંખી  ૧. **કૂકડો**  ૨. **મોર**
- ધોળી ડોકવાળાં પંખી  ૧. **ગીધ**  ૨. **ઝુમસ**
- કાળી ડોકવાળાં પંખી  ૧. **ધોમડો**  ૨. **રણચૂંડ**
- લીલાં પીંછાંવાળાં પંખી  ૧. **કંકણસાર**  ૨. **મોર**

➔ **( હૂડો, સાપમાર, રણગોધલો, ગયણો, કલકલિયો, વનચીબરી, ચાષ, ધોબીડો, પતરંગો, રૂપેરીપેણ, નાનોકાજિયો, ખડમોર, વાક, કપાસી, અબાલી, સુહાગણ, સારસ, નડી, બગલો, લર્જી, ભગતડું, લીલી બગલી, ગીધ, હરિયલ )**

| | | | | |
|---|---|---|---|---|
| બે અક્ષરવાળાં પંખી | ૧. **હૂડો** | ૨. **ચાષ** | ૩. **વાક** | ૪. **લર્જી** |
| ત્રણ અક્ષરના પંખી | ૧. **ગયણો** | ૨. **ધોબીડો** | ૩. **કપાસી** | ૪. **અબાલી** |
| ચાર અક્ષરનાં પંખી | ૧. **સાપમાર** | ૨. **પતરંગો** | ૩. **ખડમોર** | ૪. **સુહાગણ** |
| પાંચ અક્ષરનાં પંખી | ૧. **રણગોધલો** | ૨. **કલબલિયો** | ૩. **વનચીબરી** | ૪. **રૂપેરીપેણ** |

## ૪. નીચેના સુડોકુમાંથી દસ પક્ષીઓનાં નામ શોધીને લખો.

| | | | | |
|---|---|---|---|---|
| કા | ગ | ડો | યા | ક |
| બ | ચ | ક | લી | ખે |
| ર | ક | ગી | ધ | રો |
| ચા | વો | કો | ય | લ |
| ત | ઘો | સા | તે | ધો |
| ક | રા | ર | ત | બી |
| અ | ડ | સ | ર | ડો |

(૧) **કાગડો**  (૬) **કોયલ**
(૨) **કાબર**  (૭) **ઘોરાડ**
(૩) **ચકલી**  (૮) **સારસ**
(૪) **ગીધ**  (૯) **તેતર**
(૫) **ચાતક**  (૧૦) **ધોબીડો**

## પ્રોજેક્ટવર્ક

૧. ચિત્ર જુઓ અને જોડકાં જોડો.

(અ) (બ)



૩. ચાલો કૂકડો બનાવીએ :



## આ એકમની વિશેષતાઓ

૧. જુદાં જુદાં પંખીઓના નામને જાણે છે.
૨. પંખીઓની જુદી જુદી ખાસિયતોનો અભ્યાસ કરે છે.
૩. રંગબેરંગી પક્ષીઓનાં નામને જાણે છે.
૪. તીક્ષ્ણ ચાંચવાળા પંખીઓનાં નામને જાણે છે.
૫. મધુર અવાજવાળા પંખીઓના નામને જાણે છે.
૬. ઊંચે ઊડનારાં પક્ષીઓના નામને જાણે છે.
૭. નાની નાની પાંખવાળા પક્ષીઓના નામ જાણે છે.
૮. મોટી મોટી પાંખવાળા પક્ષીઓના નામને જાણે છે.
૯. માંસ ખાતાં - માંસ ન ખાતાં પક્ષીઓના નામને જાણે છે.
૧૦. કોયડાને ઉકેલતાં શીખે છે.
૧૧. મોટા ઈંડાં - નાનાં ઈંડાં મૂકનારાં પક્ષીઓના નામને જાણે છે.
૧૨. ધોળી-કાળી ડોકવાળાં પક્ષીઓને ઓળખે છે.
૧૩. બે-ત્રણ-ચાર-પાંચ અક્ષરના નામવાળાં પંખીઓને ઓળખે છે.
૧૪. લાંબી ટૂંકી પૂછડીવાળાં પંખીઓને ઓળખે છે.

# ૯. આવ રે વરસાદ

**ચર્ચા ✳ કહો ✳ લખો ✳ વિચારો ✳ બનાવો ✳ શોધી કાઢો**

અપ્પુ હાથીને કેળાં બહુ ભાવે છે. તે રોજ કેળ ઉપરથી કેળાં તોડીને ખાય છે.

આ ચોમાસામાં વરસાદ ખૂબ જ ઓછો પડ્યો. અપ્પુએ જોયું કે હવે કેળનું ઝાડ નમી ગયું છે.

અપ્પુ તરત જ નદી તરફ દોડ્યો. સૂંઢમાં પાણી લાવીને કેળને પીવડાવ્યું. થોડાક દિવસ પછી કેળનું વૃક્ષ જીવંત બની ગયું.

ચોમાસામાં વાદળો ક્યારેક ગોરાં તો ક્યારેક કાળાં થઈને આવે છે. વાદળો શ્વાન, હરણાં, હાથી, ઘોડા, હંસ, હંસલીની જોડ જેવાં લાગે છે. તેમનો જાદુ અનોખો હોય છે.

વાદળોમાં મેઘધનુષ્ય અનેરો રંગ પૂરે છે.

**• એકમની સમજ આપતી મુખ્ય પ્રશ્નોત્તરી :**

**૧. કેળનાં વૃક્ષોને પાણી ન મળે તો શું શું થાય ?**

**ઉત્તર:** કેળનાં વૃક્ષોને બીજા બધાં વૃક્ષો કરતાં પાણી વધુ જોઈએ છે. તેથી કેળનાં વૃક્ષોને પાણી ન મળે તો તે મુરઝાઈ જાય છે. તેના ઉપર ફળ આવતાં નથી.

**૨. આસપાસ ઊગતાં વૃક્ષોને પાણી ક્યાંથી મળે છે ?**

**ઉત્તર:** જમીનમાં આસપાસ ઊગતાં વૃક્ષોને પાણી જમીનની અંદરથી મળે છે. વૃક્ષોનાં મૂળ જમીનમાં ઊંડે સુધી જઈને પાણી ચૂસે છે.

**૩. શું તમે પ્રાણીઓને પાણી પીતાં જોયાં છે ? ક્યાં ક્યાં ?**

**ઉત્તર:** હા, અમે પ્રાણીઓને પાણી પીતાં જોયાં છે. વાંદરો તળાવમાં નમીને પાણી પીવે છે. ગાય-ભેંસ હવાડામાંથી પાણી પીવે છે. કૂતરો જીભથી પાણી પીવે છે. સસલું ડરતાં ડરતાં પાણી પીવે છે.

**૪. તમે કોઈ પ્રાણીઓને પાણી પાયું છે ? તે કઈ રીતે પાણી પીવે છે ?**

**ઉત્તર:** પ્લાસ્ટિકના મોટા ટબમાં ગાય, કૂતરાં ને પાણી પાયું છે. ગાય મોઢેથી પાણી પીવે છે. કૂતરો જીભથી પાણી પીવે છે.

**૫. બધાં વાદળો શું કરે છે ?**

**ઉત્તર:** બધાં વાદળો ગોરા અને કાળાં થઈને જાદુ કરે છે. વાદળો શ્વાન, હાથી, હરણાં, ઘોડા, હંસ અને હંસલી બને છે.

**૬. વરસાદ પડે ત્યારે શું થાય ?**

**ઉત્તર:** વરસાદ પડે ત્યારે વાદળ ગરજે છે. ક્યારેક મેઘધનુષ્ય દેખાય છે.

**૭. તમે ક્યારેય મેઘધનુષ્ય જોયું છે ?**

**ઉત્તર:** હા, વરસાદ પડે ત્યારે આકાશમાં સૂર્યની વિરુદ્ધ દિશામાં ક્યારેક મેઘધનુષ્ય દેખાય છે.

**૮. મેઘધનુષ્ય તમે ક્યારે જોઈ શકો છો ?**

**ઉત્તર:** વરસાદ પડતો હોય ત્યારે વાદળમાં મેઘધનુષ્ય જોઈ શકાય છે.

**૯. વરસાદ પડે ત્યારે તમને કેવું લાગે છે ?**

**ઉત્તર:** વરસાદ પડે ત્યારે હવા ઠંડી લાગે છે, ગરમી ઓછી થઈ જાય છે.

**૧૦. જ્યારે વરસાદ પડતો હોય ત્યારે તમે શું શું જુઓ છો ?**

**ઉત્તર:** જ્યારે વરસાદ પડતો હોય ત્યારે વાદળમાં ગડગડાટ થાય છે. ક્યારેક વીજળી ચમકે છે. પવન સુસવાટા મારે છે. આકાશમાં કાળાં-ભૂરાં વાદળો જોવા મળે છે.

**૧૧. વાદળો સિવાય વરસાદ આવે ત્યારે તમે શું જુઓ છો ?**

**ઉત્તર:** વાદળો સિવાય વરસાદ આવે ત્યારે ચારે બાજુ હવાનું તોફાન-આંધી જોવા મળે છે. વીજળીના કડાકા સંભળાય છે. પછી ધોધમાર વરસાદ પડે છે.

## મૂલ્યાંકનલક્ષી વિશેષ પ્રવૃત્તિઓ

**૧. નીચે વૃક્ષ (ઝાડ)નાં ચિત્રો છે. તેને ઓળખીને તેનું નામ લખો.**



| | | | | |
|---|---|---|---|---|
| બાવળ | લીમડો | વડ | આંબો | કેળ |

**લીમડો, આંબો, કેળ, બાવળ, વડ**

**૨. નીચેના પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરી તેનો ક્રમ લખો.**

**(૧) નીચેનામાંથી કયા પ્રાણીને સૂંઢ છે ?**

(અ) હિપોપોટેમસ (બ) ઊંટ (ક) જિરાફ **(ડ) હાથી**

**(૨) નીચેનામાંથી લાંબી ડોકવાળું પ્રાણી કયું છે ?**

**(અ) જિરાફ** (બ) હાથી (ક) ઊંટ (ડ) શિયાળ

**(૩) નીચેનામાંથી કયા વૃક્ષને પાણી વધુ જોઈએ છે ?**

(અ) વડ (બ) બાવળ (ક) લીમડો **(ડ) કેળ**

**(૪) નીચેનામાંથી કયું વૃક્ષ સૌથી ઊંચું હોય છે ?**

**(અ) તાડ** (બ) લીમડો (ક) બાવળ (ડ) વડ

**(૫) નીચેનામાંથી કયા વૃક્ષનાં ફળ મોટાં હોય છે ?**

(અ) કેળ (બ) આંબો (ક) બાવળ **(ડ) નાળિયેરી**

**૩. કૌંસમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલીજગ્યા પૂરો.**

(૧) હાથીને ચલાવે તેને **મહાવત** કહે છે. (**મહાવત**, માલિક)

(૨) હાથીને **મચ્છર**થી ડર લાગે છે. (ચાંચડ, **મચ્છર**)

(૩) **સફેદ** હાથી શુકનિયાળ હોય છે. (**સફેદ**, કાળો)

(૪) હાથીના બચ્ચાને **મદનિયું** કહે છે. (હાથણી, **મદનિયું**)

(૫) **કેળ**નાં પાન ખૂબ જ મોટાં હોય છે. (ખજૂરી, **કેળ**)

**૪. નીચે આપેલાં વિધાનો સામે ☑ ખરાં કે ☒ ખોટાંની નિશાની કરો.**

(૧) હાથીનું નામ અપ્પુ હતું. – ☑

(૨) હાથીને દોરડા વડે બાંધવામાં આવે છે. – ☒

(૩) કેળના ઝાડ ઉપર એક એક કેળું હોય છે. – ☒

(૪) હાથીની પૂછડી ટૂંકી હોય છે. – ☑

(૫) હાથીના માથા ઉપર બે બાજુ ઉપસી ગયેલો ભાગ હોય છે. – ☑

**૫. ખોટા શબ્દ પર ચેકો મારો**

(૧) હાથી **સૂંઢ** / ~~નાક~~ વડે શ્વાસ લે છે.

(૨) કેળનું ઝાડ **લીલા** / ~~કાળા~~ રંગનું હોય છે.

(૩) **પાકાં** / ~~કાચાં~~ કેળાં ખાવાની મજા આવે છે.

(૪) હાથી રંગે **કાળા** / ~~ભૂરા~~ હોય છે.

(૫) લીમડાના વૃક્ષને ~~વધુ~~ / **ઓછું** પાણી જોઈએ છે.

**૬. યોગ્ય જોડકાં જોડો.**

| | અ | | ઉત્તર | | બ |
|---|---|---|---|---|---|
| (૧) | હાથી | – | **સૂંઢ** | (ક) | શિંગડાં |
| (૨) | ઘોડો | – | **કેશવાળી** | (ખ) | પૂછડી |
| (૩) | હરણ | – | **શિંગડાં** | (ગ) | પીઠ |
| (૪) | વાંદરો | – | **પૂછડી** | (ઘ) | કેશવાળી |
| (૫) | કાચબો | – | **પીઠ** | (છ) | સૂંઢ |

**૭. દરેકનાં બે - બે નામ લખો.**

(૧) વૃક્ષની જરૂરિયાતો : (૧) **પાણીની** (૨) **ખાતરની**

(૨) હાથીનો ખોરાક : (૧) **કેળાં** (૨) **ઝાડનાં પાંદડાં**

(૩) ચોમાસામાં વાદળાંનો રંગ : (૧) **ભૂરો** (૨) **કાળો**

(૪) ચોમાસાના ગુજરાતી મહિના : (૧) **અષાઢ** (૨) **શ્રાવણ**

(૫) વાદળાંનાં આકારોમાં દેખાતી વસ્તુઓ : (૧) **શ્વાન** (૨) **હરણાં**

**૮. મને ઓળખી મારું નામ લખો.**

(૧) હું એવું વૃક્ષ છું કે, મારે થડ નથી. : **કેળ**

(૨) હું સૂંઢથી પાણી પીઉં છું. : **હાથી**

(૩) પહેલાંના સમયમાં અમે હાથી ઉપર સવારી કરતા હતાં. : **રાજા**

(૪) મારું બીજું નામ ગજરાજ છે. : **હાથી**

(૫) મારે સૂપડા જેવા મોટા કાન છે. : **હાથી**

## ૯. મેઘધનુષ્ય વિશે લખો.

**ઉત્તર:** ચોમાસાની ઋતુમાં આકાશમાંથી વરસાદ ઝરમર ઝરમર પડતો હોય ત્યારે પૂર્વ અથવા પશ્ચિમ દિશામાં અર્ધ ગોળાકાર રંગબેરંગી મેઘધનુષ્ય જોવા મળે છે.

## ૧૦. ખૂબ જ વરસાદ પડે ત્યારે શું થાય છે ? પાંચ વાક્યો લખો.

**ઉત્તર:** ચોમાસાના ચાર મહિના હોય છે. આ ચાર મહિનામાં વરસાદ ક્યાંક ખૂબ જ તો ક્યાંક પ્રમાણસરનો પડે છે. ખૂબ જ વરસાદ પડે ત્યારે નદીઓમાં પૂર આવે છે. ખેતરોમાં ખૂબ જ પાણી ભરાઈ જાય છે. ખેતરોના પાક નષ્ટ થઈ જાય છે. ખેડૂતો પાયમાલ થઈ જાય છે. ગામડામાં જૂનાં મકાનો પડી જાય છે. વીજળીના થાંભલા પડી જાય છે. ગામડામાં કેટલાક દિવસ સુધી વીજપુરવઠો ખોરવાઈ જાય છે.

## ૧૧. ખૂબ જ ઓછો વરસાદ પડે ત્યારે શું શું થાય છે ? પાંચ વાક્યો લખો.

**ઉત્તર:** ચોમાસામાં ખૂબ જ ઓછો વરસાદ પડે ત્યારે ખેતરોના પાક સૂકાઈ જાય છે. ખેડૂતો પાયમાલ થઈ જાય છે. ગાય-ભેંસ, બળદ અન્ય બીજા પ્રાણીઓ પાણીના અભાવે મૃત્યુ પામે છે. ઠેર ઠેર દુકાળનો ભય દેખાય છે. મોંઘવારી વધી જાય છે. લોકોને આર્થિક મુશ્કેલી પડે છે. ગરીબ લોકોને રોજી મળતી નથી. ક્યારેક ચોરીનો ઉપદ્રવ વધી જાય છે. ગરીબ લોકો વધુ ગરીબ બની જાય છે. જમીન, કૂવા, તળાવ પાણી વગર સૂકાં લાગે છે. ઢોરને લીલો ચારો મળતો બંધ થઈ જાય છે.

## ચાલો, પ્રવૃત્તિ કરીએ :

૧. એક પ્રાણીના ચિત્રનું કટિંગ કરી અહીં ચોંટાડો.



૨. કાગળમાંથી હોડી બનાવો.



૩. કેળનું પાન દોરો.



૪. વરસતાં વાદળનું ચિત્ર દોરો.



## પ્રોજેક્ટવર્ક

૧. **વરસાદની કવિતાઓ લખી અંક બનાવો.**

આવ રે વરસાદ, ઢેબરિયો પરસાદ
ઊની ઊની રોટલી ને કારેલાનું શાક,
ખાવું હોય તો ખા નહિંતર વરસવા લાગ.

## વિદ્યાર્થીઓ આ એકમમાંથી શું શીખે છે, જાણે છે.

૧. કેળના વૃક્ષને વધુ પાણી જોઈએ છે તે સમજે છે.
૨. ચોમાસામાં થતાં વાદળોને નિહાળે છે.
૩. કાગળમાંથી હોડી બનાવતાં શીખે છે.
૪. મેઘધનુષ્યને ચોમાસામાં નિહાળે છે.
૫. વરસાદના ફોરાંનો અનુભવ કરે છે.

# ૧૦. રસોડાની વાત

ચર્ચા ✻ કહો ✻ લખો ✻ વિચારો ✻ બનાવો ✻ શોધી કાઢો

રસોડામાં વપરાતાં સાધનો તવાઈ, કૂકર, ઓરસિયો, વેલણ, નાની તપેલી, મોટી તપેલી, કડાઈ, કથરોટ, તવેથો, ચીપિયો, લોઢી, સાણસી, કડછી, ઝારો, ચમચી, ગેસની સગડી, લાઈટર આ બધાં વાસણો સ્ટીલનાં, લોખંડના, ઍલ્યુમિનિયમનાં અને લાકડાનાં બનેલાં હોય છે.

આપણે ઘણી વસ્તુઓમાં કેટલીક બાફીને, શેકીને, તળીને તો કેટલીક કાચી ખાઈએ છીએ.

કોઈના ઘરમાં સ્ટવ, કોલસાની સગડી, ગેસની સગડી, સૂર્યકૂકર, દેશી ચૂલો, ઇલેક્ટ્રિક સગડી જોવા મળે છે.

રાંધ્યા વગર જુદાં જુદાં શરબત બનાવી શકાય છે.

રસોડાની વાત જ અનોખી છે.

**● એકમની સમજ આપતી મુખ્ય પ્રશ્નોત્તરી :**

**૧. નીચે આપેલા ચિત્રમાં ટપકાં દેખાય છે તેનાં નામ લખો.**



**લોઢી, ઝારો, કઢાઈ, ચમચો, કૂકર, તવેથો, નાની માટલી, નાની લોઢી**

૨. **રસોઈ બનાવવા કયાં કયાં વાસણો વપરાય છે ?**

**ઉત્તરઃ** રસોઈ બનાવવા કઢાઈ, તપેલી, ઝારો, સાણસી, ઓરસિયો, વેલણ, તવેથો જેવાં વાસણો વપરાય છે.

૩. **વાસણો શાનાં બનેલાં છે ?**

**ઉત્તરઃ** વાસણો ઍલ્યુમિનિયમ, સ્ટીલ, પિત્તળ, લાકડાંનાં, લોખંડનાં બનેલાં હોય છે.

૪. **આપણે શું શું બાફીને ખાઈએ છીએ ?**

**ઉત્તરઃ** આપણે ઢોકળાં, ઈડલી, ચણા, વટાણા, શિંગોડાં, મકાઈડોડો બાફીને ખાઈએ છીએ.

૫. **આપણે કાચું - કાચું શું ખાઈએ છીએ ?**

**ઉત્તરઃ** આપણે કાકડી, શક્કરિયાં, ગાજર, શિંગદાણા, વટાણા વગેરે કાચું કાચું ખાઈએ છીએ.

૬. **આપણે કાચું અને રાંધેલું શું ખાઈએ છીએ ?**

**ઉત્તરઃ** આપણે કાચું- કાકડી, ગાજર, શક્કરિયાં, શિંગદાણા તથા રાંધેલાં દાળ-ભાત, શાક, કઢી-ખીચડી, ઢોકળાં, ભજિયાં ખાઈએ છીએ.

૭. **નીચે વાનગી બનાવવાની રીત આપી છે. તે રીતથી બનતી બે વાનગીના નામ લખો.**

| **વાનગી બનાવવાની રીત** | | **વાનગીના નામ** | |
|---|---|---|---|
| (૧) બાફીને બનતી | : | (૧) **ઢોકળાં** | (૨) **ઈડલી** |
| (૨) કાચી ખાઈ શકાય તેવી | : | (૧) **કાકડી** | (૨) **ગાજર** |
| (૩) રાંધીને બનતી | : | (૧) **દાળ-ભાત** | (૨) **શીરો** |
| (૪) તળીને બનતી | : | (૧) **ભજિયાં** | (૨) **પૂરી** |
| (૫) ગરમીથી શેકીને બનતી | : | (૧) **ભાખરી** | (૨) **રોટલી** |

૮. **તમારા ઘરમાં રસોઈ બનાવવા માટે શું વપરાય છે.**

**ઉત્તરઃ** અમારા ઘરમાં રસોઈ બનાવવા માટે દાળ, ચોખા, મગ, મગની દાળ, ઘઉંનો લોટ, બાજરીનો લોટ, ચણાનો લોટ, તેલ, મરચું, હળદર, મીઠું, જીરું, રાઈ, કોથમીર, શાકભાજી વગેરે વપરાય છે.

૯. **રોટલી બનાવવા શી શી જરૂર પડે છે ?**

**ઉત્તરઃ** રોટલી બનાવવા ઘઉંનો લોટ, તેલ, પાણી, ઓરસિયો, વેલણ, કપડાંનો ટુકડો વગેરેની જરૂર પડે છે.

૧૦. **ઢોકળાં બનાવવા માટે શી શી જરૂર પડે છે ?**

**ઉત્તરઃ** ઢોકળાં બનાવવા માટે ચોખા અને ચણાની દાળનો લોટ, ઢોકળિયું, છાશ, પાણી, તેલ, ગેસની જરૂર પડે છે.

## મૂલ્યાંકનલક્ષી વિશેષ પ્રવૃત્તિઓ

**૧. નીચે રસોઈનાં સાધનોનાં ચિત્રો છે. તેને ઓળખીને તેનું નામ લખો.**

| | | | |
|---|---|---|---|
|  |  |  |  |
| **તપેલી** | **કૂકર** | **ઝારો** | **ઓરસિયો** |
|  |  |  |  |
| **ચમચો** | **વેલણ** | **કથરોટ** | **તવેથો** |

**કૂકર, ઓરસિયો, ચમચો, તપેલી, ઝારો, વેલણ, તવેથો, કથરોટ**

**૨. નીચેના પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરી તેનો ક્રમ લખો.**

**(૧) રોટલી બનાવવા નીચેનામાંથી કયું સાધન ઉપયોગી છે ?**
(અ) ખાંડણી **(બ) વેલણ** (ક) ચીપિયો (ડ) સાણસી

**(૨) લીંબુ સરબત બનાવવા નીચેની કઈ વસ્તુ વપરાતી નથી ?**
**(અ) ખારો** (બ) લીંબુ (ક) ખાંડ (ડ) પાણી

**(૩) ગરમ તપેલી પકડવા નીચેનું કયું સાધન વપરાય છે ?**
(અ) ઝારો (બ) તવેથો (ક) ચીપિયો **(ડ) સાણસી**

**(૪) નીચેની કઈ વસ્તુથી રસોઈ જલદી બને છે ?**
**(અ) કૂકર** (બ) તપેલું (ક) ખાંડણી (ડ) કડાઈ

**(૫) તળવા માટે નીચેની કઈ વસ્તુ વપરાય છે ?**
**(અ) કડાઈ** (બ) કૂકર (ક) તપેલું (ડ) ઢોકળિયું

**૩. કૌંસમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલીજગ્યા પૂરો.**

(૧) ભાજીની ઝુડીને **પણી** કહે છે. **(પણી,** પૂળી)

(૨) બળી **ખીરું-દૂધ**માંથી બને છે. **(ખીરું-દૂધ,** ઘી)

(૩) દધિ એટલે **દહીં**. **(દહીં,** દૂધ)

(૪) દાળના ભૂકાને **કોરમું** કહે છે. (વાજ, **કોરમું**)

(૫) વડી **ચોખા**ના લોટમાંથી બને છે. (**ચોખા,** બાજરી)

**૪. નીચે આપેલાં વિધાનો સામે ☑ ખરાં કે ☒ ખોટાંની નિશાની કરો.**

(૧) સમોસાનો આકાર ગોળ હોય છે. – ☒

(૨) રોટલી તળીને બનાવાય છે. – ☒

(૩) શેરડીના રસમાંથી ગોળ બને છે. – ☑

(૪) ચોખા અને મગદાળમાંથી ખીચડી બને છે. – ☑

(૫) તુવેરના મમરા બને છે. – ☒

**૫. ખોટા શબ્દ પર ચેકો મારો**

(૧) ઈડલી ઢોકળાં જેવી **મદ્રાસી** / **~~બંગાળી~~** વાનગી છે.

(૨) અનાજ બાફવા **કૂકર** / **~~હાંડી~~** નો ઉપયોગ થાય છે.

(૩) રોટલી બનાવવા માટે **~~ઢોકળિયું~~** / **લોઢી** વપરાય છે.

(૪) **પેંડા** / **~~જલેબી~~** દૂધમાંથી બને છે.

(૫) પૂડલો **ચણા** / **~~મકાઈ~~** ના લોટમાંથી બને છે.

**૬. યોગ્ય જોડકાં જોડો.**

| | અ | | ઉત્તર | | બ |
|---|---|---|---|---|---|
| (૧) | સ્ટવ | – | **કેરોસીન** | (ક) | સૂર્યની ગરમી |
| (૨) | ઈલેક્ટ્રિક સગડી | – | **વીજળી** | (ખ) | કેરોસીન |
| (૩) | ગેસ | – | **વાયુ** | (ગ) | કોલસો |
| (૪) | સૂર્યકૂકર | – | **સૂર્યની ગરમી** | (ઘ) | વાયુ |
| (૫) | સગડી | – | **કોલસો** | (છ) | વીજળી |

**૭. મને ઓળખી મારું નામ લખો.**

(૧) મને બનાવવા માટે ઢોકળિયું વપરાય છે. : **ઢોકળાં**

(૨) લોટ બાંધવા માટે મારો ઉપયોગ થાય છે. : **કથરોટ**

(૩) ભજિયા તળવા માટે મારો ઉપયોગ થાય છે. : **કઢાઈ**

(૪) હું ચોખાનો બાફેલો લોટ છું. : **ખિસું**

(૫) હું ઘઉંના ભરડેલા કકડામાંથી બનતી વાનગી છું. : **ફાડાલાપસી**

૮. **અલગ પડતાં શબ્દ ફરતે ▭ કરો.**

(૧) લોઢી, તાવડી, (વેલણ)

(૨) ગોળ, (તુવેર,) ખાંડ

(૩) (ચમચો,) ઓરસિયો, વેલણ

(૪) દૂધપાક, ખીર, (ઘેંશ)

(૫) શીરો, (પાપડ,) સુખડી

(૬) શક્કરિયું, કાકડી, (પાતરા)

(૭) રોટલો, રોટલી, (ધાણી)

(૮) ઢોકળાં, (ભાખરી,) ઇડલી

૯. **ચાર મીઠાઈનાં નામ લખો.**

૧. **ગુલાબજાંબુ** ૨. **પેંડા** ૩. **લાડવા** ૪. **બાસુંદી**

૧૦. **ચણાના લોટમાંથી બનતી ચાર વાનગીઓનાં નામ લખો.**

૧. **ભજિયાં** ૨. **સેવ** ૩. **પાતરા,** ૪. **પૂડલા**

૧૧ **ચોખાના લોટમાંથી બનતી ચાર વાનગીઓનાં નામ લખો.**

૧. **ઢોકળાં** ૨. **વડી** ૩. **ખિચુ** ૪. **સેવ**

૧૨. **નીચે આપેલાં વાસણોનો એક ઉપયોગ લખો.**

(૧) **લોઢી** : ભાખરી અને રોટલી, થેપલાં તેલ મૂકીને તળવા માટે

(૨) **કઢાઈ** : ભજિયાં, પૂરી, સમોસાં તળવા તથા બટાકાપૌંઆ બનાવવા માટે

(૩) **તવેથો** : શીરો, હલાવવા, તળેલાં થેપલાં ફેરવવા, સુખડી બનાવવા તવેથો વપરાય છે.

(૪) **ઝારો** : ભજિયાં, પૂરી, સમોસા વગેરે તળેલી વસ્તુઓ તળવા અને બહાર કાઢવા માટે ઝારાનો ઉપયોગ થાય છે.

(૫) **ચીપિયો** : ગરમ રોટલી પકડવા, ગરમ ભાખરી પકડવા, ગરમ રોટલો ફેરવવા ચીપિયો વપરાય છે.

(૬) **મિક્સર** : લીલાં મરચાં, ધાણાં, શિંગદાણા, ખાંડ વગેરેનો ભૂકો કરવા મિક્સરનો ઉપયોગ થાય છે.

(૭) **ઢોકળિયું** : ઢોકળાં અને ઇડલી બાફવા માટે ઢોકળિયું વપરાય છે.

## ચાલો, પ્રવૃત્તિ કરીએ :

૧. **રસોડામાં જઈ રસોઈ બનાવવાની રીતનું અવલોકન કરો. આ માટે શું શું કર્યું ?**

**વાનગીનું નામ** : દાળ-ઢોકળી

**શું જરૂર પડે :** કૂકર, દાળ, ઘઉંનો લોટ, મરચું, હળદર, મીઠું, કથરોટ, રાઈ, તેલ, પાણી, ઓરસિયો, વેલણ, ઝેરણી, ચપ્પું

**શું શું કર્યું** (૧) કૂકરમાં તુવેરની દાળમાં પાણી નાખી ગેસ ઉપર મૂક્યું.

(૨) તુવેરની દાળ બફાઈ ગયા પછી ઝેરણીથી એને મિક્સ કરી નાખી.

(૩) તીખી રોટલીનો થોડોક ઘઉં/ચણાનો લોટ બાંધી નાખ્યો.

(૪) રોટલીની જેમ પાતળી વણી નાખી.

(૫) ચપ્પાથી નાના નાના ટુકડા કરી દાળમાં નાખ્યા.

(૬) દસ મિનિટ દાળને ઉકળવા દીધી.

(૭) છેલ્લે તેમાં રાઈ-તેલ આખાં મરચાં, હિંગનો વઘાર કર્યો.

## પ્રોજેક્ટવર્ક

**૧. તમે રાંધ્યા વગર શું શું બનાવી શકો ?**

**ઉદા. લીંબુપાણી**

પાણીમાં ખાંડ ભેળવો. → લીંબુનો રસ ઉમેરો. → તેને ગાળી લો. → લીંબુપાણી શરબત તૈયાર છે.

**(૧) વરિયાળીનું સરબત**

પાણીમાં ખાંડ ભેળવો. → વરિયાળીનો ભૂકો ઉમેરો → તેને ગાળી લો. → વરિયાળીનું તૈયાર છે.

**(૨) દહીંની લસ્સી**

દહીંમાં ઝેરણી ફેરવો → તેમાં ખાંડ ઉમેરો → ફરીથી તેમાં ઝેરણી ફેરવો → દહીંની લસ્સી તૈયાર છે.

**(૩) સફરજનનું શરબત**

સફરજનના બિલકુલ નાના નાના કટકા છાલ ઉતારીને કરો. → આ બધાં નાના કટકા દૂધમાં નાખો પછી ખાંડ ઉમેરો → તેમાં ગ્રાઈન્ડર ફેરવો. સફરજન એકરસ થાય ત્યાં સુધી → સફરજનનું શરબત તૈયાર છે.

## વિદ્યાર્થીઓ આ એકમમાંથી શું શીખે છે, જાણે છે.

૧. રસોઈમાં વપરાતાં સાધનો-વાસણોના નામને જાણે છે.
૨. રસોઈમાં વપરાતાં વાસણો શાનાં બનેલાં હોય છે તે સમજે છે.
૩. કાચી ખાઈ શકાય તેવી વસ્તુઓના નામને જાણે છે.
૪. રાંધીને ખાઈ શકાય તેવી વસ્તુઓનાં નામને જાણે છે.
૫. શેકીને ખાઈ શકાય તેવી વસ્તુઓનાં નામને જાણે છે.
૬. બાફીને ખાઈ શકાય તેવી વસ્તુઓનાં નામને જાણે છે.
૭. તળીને ખાઈ શકાય તેવી વસ્તુઓનાં નામને જાણે છે.
૮. રોટલી-ભાખરી કઈ રીતે બને છે તે જાણે છે.
૯. ચણાના લોટ, ચોખાના લોટમાંથી બનતી વાનગીઓને જાણે છે.
૧૦. જુદા જુદા શરબત બનાવવાની પદ્ધતિને ઓળખે છે.
૧૧. રસોઈના સાધનો દોરવા પ્રયત્ન કરે છે.
૧૨. દૂધમાંથી બનતી વાનગીઓને જાણે છે.

# ૧૧. આપણાં વાહનો

**ચર્ચા ✻ કહો ✻ લખો ✻ વિચારો ✻ બનાવો ✻ શોધી કાઢો**

છોકરાંઓ રેલગાડીની રમત રમે છે. લાઈનમાં દોડે છે. છુક્ છુક્ કરતી રેલગાડી આગળ વધે છે. સ્ટેશને ઊભી રહે છે. રસ્તામાં બટાટાનું ખેતર, રણની રેત, ઘરડો ખેડૂત બાજરીના ખેતરમાં, લીલાં મેદાન, ચાની દુકાન, મંદિર, મકાન, પંખીના ટોળાં, પાણીની કુંડી, પુલની પગદંડી, ઝૂંપડા, ઘેટાંના ટોળાં વટાવતી આગળ વધે છે.

વેકેશનમાં ઘણાં લોકો ફરવા જાય છે. કોઈ ટ્રામમાં, બસમાં, રિક્ષામાં, ઘોડાગાડીમાં, શિકારામાં, વિમાનમાં, ટ્રાઈસિકલમાં, ગાડામાં ટ્રેક્ટરમાં મુસાફરી કરે છે. દરેક વાહનના અવાજ, ગતિ, પૈડાં-આકાર અલગ અલગ હોય છે.

**• એકમની સમજ આપતી મુખ્ય પ્રશ્નોત્તરી :**

**૧. તમે ક્યારેય આગગાડીમાં મુસાફરી કરી છે ? ક્યારે ?**

**ઉત્તર:** હું મોરબી ઘનશ્યામભાઈને ત્યાં ગયો હતો. ત્યારે પહેલી વખત મેં આગગાડીમાં મુસાફરી કરી હતી.

**૨. શું આગગાડી ગમે ત્યાં જઈ શકે ? કેમ ?**

**ઉત્તર:** હા, આગગાડી ગમે ત્યાં જઈ શકે છે. આગગાડીના પાટા લોખંડના હોય છે માટે.

**૩. 'લોખંડના રસ્તા'નો અર્થ શો છે ?**

**ઉત્તર:** આગગાડી જે પાટા ઉપર દોડે છે તેને લોખંડના રસ્તા કહે છે.

**૪. આગગાડી કઈ કઈ જગ્યાએથી પસાર થઈ હતી ?**

**ઉત્તર:** આગગાડી અજવાળામાં, અંધારામાં, બટાટાના ખેતરમાં, રણની રેત, બાજરીના ખેતરમાં, લીલાં મેદાનોમાં, મંદિર, મકાન, ચાની દુકાનમાં, ટેકરા, પુલની પગદંડી, પંખીનાં ટોળાં, પાણીની કૂંડી, ઝૂપડાં-ઝાડી-ખેતર, વાડી, ધોબીઘાટ, નાનકડી દુકાન, ગામના મેળામાં, લોકોનાં ટોળાં, તૂટેલી ભીંતો, ભેંસનાં ટોળાં પાસેથી પસાર થઈ હતી.

**૫. તમે કયા-કયા વાહનોમાં મુસાફરી કરી છે ?**

**ઉત્તર:** મેં સાઈકલ, ટ્રાઈસિકલ, રિક્ષા, ઘોડાગાડી, બસ, ખટારો, ઊંટગાડી, બળદગાડામાં મુસાફરી કરી છે.

**૬. 'આપણાં વાહનો' પાઠમાં ક્યા ક્યા વાહનોની વાત લખી છે.**

**ઉત્તર:** 'આપણાં વાહનો' પાઠમાં આગગાડી, બસ, ટેક્ષી, ટ્રામ, વિમાન, પાલખી, આગબોટ, ટ્રાઈસિકલ, સાઈકલ, બળદગાડું, ટ્રેક્ટર, હાથલારી, ડબલડેકર બસ વગેરે વાહનોની વાત લખી છે.

**૭. નીચે આપેલાં વાહનોના નામની સામે તે વાહનના પૈડાંની સંખ્યા અને તેની સામે તે વાહનનો ઉપયોગ લખો.**

| ક્રમ | વાહનોનાં નામ | પૈડાંની સંખ્યા | ઉપયોગ |
|---|---|---|---|
| ૧ | બળદગાડું | ૨ | પહેલાંના વખતમાં એક જગ્યાએથી બીજી જગ્યાએ જવા માટે, માલ પહોંચાડવા બળદગાડું વપરાતું હતું. |
| ૨ | રિક્ષા | ૩ | એક જગ્યાએથી બીજી જગ્યાએ જવા માટે માણસો રિક્ષાનો ઉપયોગ કરે છે. (૩ માણસો માટે આ વાહન) |

| ક્રમ | વાહનોનાં નામ | પૈડાંની સંખ્યા | ઉપયોગ |
|---|---|---|---|
| ૩ | રેલગાડી (ટ્રેન) | ઘણાં પૈડાં | ઘણાં બધાં માણસો મુસાફરી કરવા આ સાધનનો ઉપયોગ કરે છે. વીજળીથી ચાલે છે. દૂરની મુસાફરી આરામદાયક રીતે પૂરી થાય છે. |
| ૪ | પેડલ રિક્ષા | ૩ | એક જગ્યાએથી બીજી જગ્યાએ વજનદાર વસ્તુ લઈ જવા આ સાધન વપરાય છે. ક્યારેક તેમાં ત્રણ માણસો મુસાફરી કરે છે. |

**૮. અત્યારે કેવાં વાહનોનો ઉપયોગ થાય છે ?**

**ઉત્તર:** અત્યારે સૂર્યઊર્જાથી ચાલતાં વાહનોનો ઉપયોગ થાય છે.

**૯. વીસ વર્ષ પહેલાં કેવાં વાહનો ઉપયોગમાં લેવાતાં હતાં ?**

**ઉત્તર:** વીસ વર્ષ પહેલાં ટ્રેક્ટર, સ્ટીમર, રિક્ષા, ટ્રાઈસિકલ, સાઈકલ, મોટરસાઈકલ, બસ, ખટારો, સ્ટીમર, હોડી, વિમાન, હેલિકોપ્ટર, ઘોડાગાડી, બળદગાડી, ઊંટગાડી વગેરે ઉપયોગમાં લેવાતાં હતાં.

**૧૦. વાહનો ન હતાં ત્યારે લોકો કઈ રીતે મુસાફરી કરતા હશે ?**

**ઉત્તર:** વાહનો ન હતાં ત્યારે લોકો પગે ચાલીને, ઘોડા ઉપર, ઊંટ ઉપર મુસાફરી કરતા હશે.

**૧૧. નીચેના અવાજો ઉપરથી વાહનોનાં નામ લખો.**

| | | | |
|---|---|---|---|
| છુક્-છુક્ | : **આગગાડી** | પીપ-પીપ | : **રિક્ષા** |
| પોમ-પોમ | : **મોટર** | ટપ-ટપ | : **ઘોડાગાડી** |
| ઘર્ર્-ઘર્ર્ | : **મોટરસાઈકલ** | ટ્રિંન-ટ્રિંન | : **સાઈકલ** |

**૧૨. તમે કયાં વધારે અવાજ સાંભળ્યો છે ?**

**ઉત્તર:** મંદિરમાં, લગ્નમાં, શાળા છૂટે ત્યારે, મેળામાં વગેરે સ્થળે વધારે અવાજ સાંભળ્યો છે.

**૧૩. શું તમને વધારે અવાજ પસંદ છે ? કેમ ?**

**ઉત્તર:** ના, વધારે અવાજ પસંદ નથી, કારણ કે વધારે અવાજથી લાંબા સમય પછી બહેરાશ આવી જાય છે. આપણો સ્વભાવ ચીડિયો બની જાય છે.

**૧૪. ચિત્રમાં શું જોઈ શકાય છે ?**

**ઉત્તર:** ચિત્રમાં શહેરના એક ફ્લેટના છ-સાતમા માળે આગ લાગી છે. ૧૦૮ ઊભી છે. ફાયરબ્રિગેડવાળા આગ બુઝાવે છે.

**૧૫. તમે કયા-કયા વાહનો જોઈ શકો છો ?**

**ઉત્તર:** સાઈકલ, રિક્ષા, ખટારો, બસ, ટ્રેક્ટર, ટ્રાઈસિકલ, ઊંટગાડી,

ઘોડાગાડી, ડમ્પર, હાથલારી, ટેક્ષી, હેલિકોપ્ટર, વિમાન, આગગાડી જોઈ શકીએ છીએ.

**૧૬. આ બધાં વાહનો કેવા કામ માટે વપરાય છે ?**

**ઉત્તર:** આ બધાં વાહનો એક જગ્યાએથી બીજી જગ્યાએ મુસાફરી કરવા અથવા માલ-સામાન લઈ જવા - લાવવા માટે વપરાય છે.

## મૂલ્યાંકનલક્ષી વિશેષ પ્રવૃત્તિઓ

**૧. નીચે વાહનોનાં ચિત્રો છે. તેને ઓળખીને તેનું નામ લખો.**

| | | | |
|---|---|---|---|
|  |  |  |  |
| આગગાડી | બળદગાડું | ટ્રાઈસિકલ | ઊંટગાડી |
|  |  |  |  |
| પાલખી | ઘોડાગાડી | ડમ્પર | રિક્ષા |
|  |  |  |  |
| સાઈકલ | વિમાન | હાથલારી | ટૅક્ષી |
|  |  |  |  |
| બસ | હેલિકોપ્ટર | ટ્રેક્ટર | ખટારો |

**ટેક્સી, પાલખી, ઘોડાગાડી, આગગાડી, બળદગાડું, બસ, સાઈકલ, વિમાન, ટ્રાઈસિકલ, હાથલારી, રિક્ષા, ઊંટગાડી, ડમ્પર, ટ્રેક્ટર, હેલિકોપ્ટર, ખટારો**

**૨. નીચેના પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરી, ક્રમ લખો.**

**(૧) નીચેનામાંથી કયા વાહનમાં ત્રણ જ વ્યક્તિ બેસી શકે ?**

(અ) આગગાડી **(બ) રિક્ષા** (ક) બસ (ડ) ખટારો

**(૨) કયા વાહનમાં મુસાફરી કરવા એરોડ્રામ જવું પડે છે ?**

**(અ) વિમાન** (બ) આગગાડી (ક) ટ્રક (ડ) રિક્ષા

**(૩) કયા વાહનમાં ઘણા ડબ્બા જોવા મળે છે ?**

(અ) રિક્ષા (બ) હેલિકોપ્ટર **(ક) આગગાડી** (ડ) બસ

**(૪) કુલી નીચેનામાંથી કયા સ્થળે જોવા મળે છે ?**

**(અ) રેલવેસ્ટેશન** (બ) એરોડ્રામ

(ક) બસસ્ટેશન (ડ) રિક્ષાસ્ટેન્ડ

**(૫) નીચેનામાંથી કયું વાહન ઝડપી છે ?**

(અ) ખટારો (બ) બસ (ક) આગગાડી **(ડ) વિમાન**

**૩. કૌંસમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલીજગ્યા પૂરો.**

(૧) સીધી લાઈનમાં ચાલતું વાહન **આગગાડી** છે. (**આગગાડી**, મોટર)

(૨) વિદેશથી ભારત **વિમાન** દ્વારા આવી શકાય. (બસ, **વિમાન**)

(૩) પર્વતના વાંકા-ચૂંકા રસ્તા ઉપર **બસ** દોડે છે. (**બસ**, ટ્રેક્ટર)

(૪) પહેલાંના વખતમાં **ગાડું** વાહન તરીકે વપરાતું હતું. (બસ, **ગાડું**)

(૫) આગગાડીના પાટા **લોખંડ**ના હોય છે. (પ્લાસ્ટિક, **લોખંડ**)

**૪. નીચે આપેલાં વિધાનો સામે ☑ ખરાં કે ☒ ખોટાંની નિશાની કરો.**

(૧) આગગાડીના સ્ટેશનને રેલવેસ્ટેશન કહે છે. – ☑

(૨) નાના સાંકડા પર્વતીય રસ્તામાં ટટ્ટુનો ઉપયોગ થાય છે. – ☑

(૩) આગગાડી કોલસાથી ચાલે છે. – ☑

(૪) ઘણાં બધા માણસો ટેક્ષીમાં મુસાફરી કરે છે. – ☒

(૫) બળદગાડા માટે બે બળદ હોય છે. – ☑

**૫. ખોટા શબ્દ પર ચેકો મારો**

(૧) રણમાં મુસાફરી કરવા માટે ~~**ઘોડા**~~ / **ઊંટ** નો ઉપયોગ થાય છે.

(૨) નાનાં છોકરાં માટે ચાલવાની ગાડીને ~~**બાબાગાડી**~~/**ચાલણગાડી** કહે છે.

(૩) પગ વડે ચલાવાતું સાધન ~~**રિક્ષા**~~ / **સાઈકલ** છે.

(૪) ઘોડાગાડીમાં **ત્રણ** / **બે** ઘોડા હોય છે.

(૫) **~~બળદગાડી~~** / **ઘોડાગાડી** ને બગી કહે છે.

### ૬. યોગ્ય જોડકાં જોડો.

| અ | | ઉત્તર | બ |
|---|---|---|---|
| (૧) ટ્રાઈસિકલ | – | **ત્રણ પૈડાં** | (ક) ચાર પૈડાં |
| (૨) હાથલારી | – | **ચાર પૈડાં** | (ખ) છ પૈડાં |
| (૩) આગગાડી | – | **ઘણાં પૈડાં** | (ગ) બે પૈડાં |
| (૪) સાઈકલ | – | **બે પૈડાં** | (ઘ) ત્રણ પૈડાં |
| (૫) ખટારો | – | **છ પૈડાં** | (છ) ઘણાં પૈડાં |

### ૭. દરેકનાં બે - બે નામ લખો.

| | | | |
|---|---|---|---|
| (૧) ત્રણ પૈડાંવાળાં વાહન | : | (૧) **રિક્ષા** | (૨) **ટ્રાઈસિકલ** |
| (૨) બે પૈડાંવાળાં વાહન | : | (૧) **સાઈકલ** | (૨) **ઘોડાગાડી** |
| (૩) ચાર પૈડાંવાળાં વાહન | : | (૧) **હાથલારી** | (૨) **ટ્રૅક્ટર** |
| (૪) પૈડાં વગરનાં વાહન | : | (૧) **પાલખી** | (૨) **હેલિકોપ્ટર** |
| (૫) ઝડપી ચાલતાં વાહનો | : | (૧) **વિમાન** | (૨) **હેલિકોપ્ટર** |

### ૮. મને ઓળખી મારું નામ લખો.

| | | |
|---|---|---|
| (૧) હું છુક્ છુક્ કરતી પાટા ઉપર દોડું છું. | : | **આગગાડી** |
| (૨) મારાં સ્ટેશનને એરોડ્રામ કહે છે. | : | **વિમાન** |
| (૩) હું ઘોડારમાં રહું છું. | : | **ઘોડો** |
| (૪) હું ત્રણ પૈડાંવાળી સાઈકલ છું. | : | **ટ્રાઈસિકલ** |
| (૫) મારા માટે લોખંડનો રસ્તો છે. | : | **આગગાડી** |

## ચાલો, પ્રવૃત્તિ કરીએ :

### ૧. ચિત્રની સામે વાહનનો ઉપયોગ લખો.



વધુ સામાન એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવા માટે મજૂરો હાથલારીનો ઉપયોગ કરે છે. હાથલારીને ચાર પૈડાં હોય છે. તેને હાથનો ધક્કો મારીને ચલાવવામાં આવે છે.

આ ચાર પૈડાંનું વાહન છે. પોસ્ટ-ઑફિસની ટપાલો એક જગ્યાએથી બીજી જગ્યાએ પહોંચાડવા માટેનું આ ઝડપી વાહન છે. આ વાહનથી સલામત રીતે ટપાલ પહોંચે છે.





આ વાહનનું નામ ટ્રાઈસિકલ છે. તેને ત્રણ પૈડાં હોય છે. અપંગ વ્યક્તિ એક જગ્યાએથી બીજી જગ્યાએ જવા માટે આ વાહનનો ઉપયોગ કરે છે. આ વાહનમાં બ્રેક પણ હોય છે. એક વ્યક્તિ બેસી શકે છે.

આ વાહનનું નામ ટ્રેક્ટર છે. તે ખેતીકામમાં વપરાય છે. ડીઝલથી ચાલતું આ વાહન છે. આ વાહનથી ખેતર ખેડી શકાય છે. તેને ચાર પૈડાં છે. પાછળનાં બે પૈડાં વજનદાર હોય છે.





આ વાહનનું નામ ડબલડેકર છે. તેમાં આશરે એંસી જેટલા માણસો મુસાફરી કરી શકે છે. તેને છ પૈડાં હોય છે. ડીઝલથી ચાલતું આ વાહન મોટા શહેરોમાં જોવા મળે છે.

આ વાહનનું નામ ઍમ્બ્યૂલન્સ છે. દર્દી ખૂબ જ બીમાર હોય ત્યારે ઝડપથી હૉસ્પિટલ પહોંચાડવા માટેનું આ વાહન છે. દર્દીને જ્યારે લઈ જવાય છે ત્યારે લાલ લાઈટ થાય છે અને સાયરન વાગે છે.



૨. **નીચેનામાંથી કયા વાહનમાં તમે બેઠાં છો તેની સામે ✓ ની નિશાની કરો.**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| વિમાન | ☐ | સ્ટીમર | ☐ | પાલખી | ☐ | ઍમ્બ્યૂલન્સ | ☐ |
| આગગાડી | ✓ | હેલિકોપ્ટર | ☐ | બસ | ✓ | ખટારો | ✓ |
| ગાડું | ☐ | સાઈકલ | ✓ | ઊંટગાડી | ✓ | ટ્રેક્ટર | ✓ |
| ટેક્સી | ✓ | ટ્રાયસિકલ | ✓ | ઘોડાગાડી | ✓ | હાથલારી | ☐ |
| હોડી | ✓ | રિક્ષા | ✓ | બળદગાડી | ✓ | ડબલડેકર | ☐ |

૩. **નીચેનામાંથી કયા વાહન તમે જોયાં છે તેની સામે ✓ ની નિશાની કરો.**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| વિમાન | ✓ | સ્ટીમર | ✓ | પાલખી | ✓ | ઍમ્બ્યૂલન્સ | ✓ |
| આગગાડી | ✓ | હેલિકોપ્ટર | ✓ | બસ | ✓ | ખટારો | ✓ |
| ગાડું | ☐ | સાઈકલ | ✓ | ઊંટગાડી | ✓ | ટ્રેક્ટર | ✓ |
| ટેક્સી | ✓ | ટ્રાયસિકલ | ✓ | ઘોડાગાડી | ✓ | હાથલારી | ✓ |
| હોડી | ✓ | રિક્ષા | ✓ | બળદગાડી | ☐ | ડબલડેકર | ☐ |

## પ્રોજેક્ટવર્ક

૧. **વિચારો અને લખો : તમારા ઘરેથી કેવી રીતે જશો ?**

**તમારું ઘર**

- **રિક્ષા / સાઈકલ** — બજારે
- **સાઈકલ/સ્કૂલ વાહન** — શાળાએ
- **સાઈકલ** — મિત્રના ઘરે
- **બસમાં / રોપ-વે** — સગાસંબંધી જે પર્વત પર રહે છે ત્યાં.
- **મમ્મી સાથે રિક્ષામાં** — નાનીના ઘરે
- **પરિવાર સાથે હોડીમાં** — નદી કિનારે
- **પરિવાર સાથે સ્ટીમરમાં** — દરિયાકિનારે

## વિદ્યાર્થીઓ આ એકમમાંથી શું શીખે છે, જાણે છે.

૧. જુદાં જુદાં વાહનોના નામને જાણે છે.
૨. વાહનોના અવાજ, તેનાં પૈડાં તેના ઉપયોગની જાણકારી મેળવે છે.
૩. ઘોડાગાડી, ઊંટગાડી, બળદગાડી વિશે જાણે છે.
૪. કયા વાહનની મુસાફરી કરવાની મજા આવે તે જાણે છે.
૫. જાન લઈ જવા કયા વાહનનો ઉપયોગ થતો નથી તે જાણે છે.
૬. કયા વાહનો વધુ અને કયા વાહનો ઓછો અવાજ કરે છે તે જાણે છે.
૭. ઝડપી વાહનો ઓછો અવાજ કરે છે તે જાણે છે.
૮. ઝડપી અને ધીમાં વાહનો વિશે જાણકારી મેળવે છે.
૯. ચિત્ર બનાવતાં શીખે છે.
૧૦. આગ લાગે ત્યારે કયાં વાહનોનો ઉપયોગ થાય છે તે જાણે છે.
૧૧. પૈડાં વગરના અને વધારે પૈડાંવાળાં વાહનો કયા છે તે જાણે છે.
૧૨. સૂર્યઊર્જાથી ચાલતાં વાહનોની જાણકારી મેળવે છે.

# ૧૨. આપણાં કામ

**ચર્ચા ✻ કહો ✻ લખો ✻ વિચારો ✻ બનાવો ✻ શોધી કાઢો**

રમેશ કડિયાકામ કરે છે. રાજેશ ચા વેચે છે. જગ્ગુભાઈ ચંપલ ઠીક કરી આપે છે. રસ્તાની ચારે બાજુ બધા પોતપોતાનાં કામ કર્યા કરે છે. બધાં બાળકો શાળાએ જઈ રહ્યાં છે. ચંપા ફૂલ અને ફૂલના હાર વેચે છે. પોસ્ટઑફિસમાં કર્મચારીઓ કામ કરે છે. કારીગરો મકાન બાંધી રહ્યા છે. ડૉક્ટર અને નર્સ દવાખાના તરફ જાય છે. રાયજી ફળોની લારી લઈને ઊભો છે. નાનુ વાળંદ દુકાન ખોલીને બેઠો છે. ઈકબાલસિંઘ વ્હીસલ વગાડી વાહનોનું નિયંત્રણ કરે છે.

દિપાલી એના કુટુંબમાં મોટી છે. તેના પિતા શાકભાજી વેચે છે. દિપાલી નાની બહેનોને શાળાએ મૂકવા જાય છે. હવે દિપાલી શાળાએ જવા લાગી છે.

## ● એકમની સમજ આપતી મુખ્ય પ્રશ્નોત્તરી :

૧. તમારા પડોશના લોકો કેવા પ્રકારના કામ કરે છે ? કોઈપણ પાંચ કામનાં નામ લખો. આ કારીગરને શું કહેવાય ?

| ક્રમ | કામ | શું કહેવાય ? |
|---|---|---|
| ૧ | કાર અને સ્કૂટર રિપેરિંગ કરે છે. | મિકેનિક |
| ૨ | હથિયાર ઘસીને સાફ કરે છે. | સરાણિયો |
| ૩ | મોટર હાંકવાનો ધંધો કરે છે. | શૉફર |
| ૪ | મહાભારતની કથા સંભળાવે છે. | વ્યાસજી |
| ૫ | કાન વીંધવાનું કામ કરે છે. | વીંધારો |
| ૬ | સુતરનો વેપાર કરે છે. | સુતરિયો |
| ૭. | ચોકીદારીનું કામ કરે છે. | સંત્રી |

૨. નીચે યાદી આપેલી છે. તમે જોયેલાં બહુમાળી મકાનો ○ પર તેમ જ તમારા પડોશમાં આવેલાં બહુમાળી મકાનોનાં નામ સામે ● ઘટ્ટ કરો.

| | | |
|---|---|---|
| ○ પોસ્ટ ઑફિસ | ○ ટેલિફોન બૂથ | ○ સરકારી કચેરી |
| ● પેટ્રોલપંપ | ● મસ્જિદ | ○ હૉસ્પિટલ |
| ● પોલીસ સ્ટેશન | ○ દુકાન | ● રેલવેસ્ટેશન |
| ○ શૉપિંગમોલ | ● બસસ્ટેન્ડ | ○ બૅન્ક |
| ● ધર્મશાળા | ● ગુરૂદ્વારા | ○ કૉલેજ |
| ● શાળા | ○ સિનેમાહૉલ | ○ ન્યાયાલય |
| ● મંદિર | ● ચર્ચ | |

૩. કોઈપણ પાંચ મકાનનાં નામ લખો અને તેમાં કયા-કયા કામ થાય છે તે લખો.

| ક્રમ | મકાનનું નામ | થયેલું કામ | |
|---|---|---|---|
| ૧ | દવાખાનું | દર્દીની સરવાર | બાળકોને રસીકરણ |
| ૨ | બૅન્ક | રૂપિયા સાચવવાનું કામ | લોન આપવાનું કામ |
| ૩ | પૉસ્ટ ઑફિસ | પૉસ્ટકાર્ડ, કવર મેળવવાનું | બચત યોજનાનું કામ |
| ૪ | ધર્મશાળા | લોકોને રહેવા માટે | લોકોને ભોજન આપવું |
| ૫ | ગ્રામપંચાયત | ગામ-લોકોના પ્રશ્નોનું નિરાકરણ | વેરો વસૂલવાનું કામ |
| ૬ | બસસ્ટેન્ડ | બસની સુવિધાનું કામ | મુસાફરોને બીજે પહોંચાડવા |

**૪. શાળામાં કયા-કયા કામ થાય છે તે લખો.**

**ઉત્તર:** (૧) બાળકોને શિક્ષણ આપવાનું.

(૨) સફાઈનું કામ

(૩) મધ્યાહ્નભોજનમાં નાસ્તો આપવાનું કામ

(૪) ફૂલછોડને પાણી આપવાનું કામ

**૫. દિપાલી તેના પોતાના ઘરમાં કયા-કયા કામ કરે છે ?**

**ઉત્તર:** દીપાલી ભાઈઓ તથા બહેનો માટે જમવાનું બનાવે છે. ઘર સાફ કરે છે. વાસણ સાફ કરે છે. તેના ભાઈને પિતા પાસે મૂકવા જાય છે. નાની બહેનો સુમન અને શૈલાને શાળાએ લઈ જાય છે.

**૬. પાના નં. ૮૮-૮૯ પર આપેલાં ચિત્રમાં કોઈ એવાં બાળકો છે જેઓ શાળાએ જતાં નથી ? તેઓ શું કરે છે ?**

**ઉત્તર:** પાના નં. ૮૮-૮૯ પર આપેલાં ચિત્રમાં શાળાએ ન જતાં બાળકોમાં એક ચાવાળાને ત્યાં નોકરી કરે છે. બીજો બાળક લારીને ધક્કો મારવામાં મદદ કરે છે. ત્રીજો બાળક સાઈકલ લઈને ફરવા જાય છે. ચોથા બે બાળકો ફૂલવેચનારી ચંપા પાસે છે.

**૭. શું તમે પણ ઘરમાં કામ કરો છો ? જો હા તો કયા-કયા તે લખો.**

**ઉત્તર:** હું પણ ઘરમાં કામ કરું છું. ઘરમાં આડી-અવળી વસ્તુઓ યોગ્ય જગ્યાએ મૂકી દઉં છું. કપડાં વાળીને કબાટમાં મૂકું છું. ક્યારેક કચરો પણ વાળું છું. વાસણ ગોઠવી દઉં છું. પસ્તી ભેગી કરીને દુકાને આપી આવું છું. રાત્રે હું મારી પથારી જાતે જ કરું છું.

**૮. ઘરનાં કામ સિવાય બીજા કોઈ કામ તમે કરો છો ? જો હા તો જણાવો.**

**ઉત્તર:** હા, શાકમાર્કેટમાં જઈને એકલો શાક લઈ આવું છું. સાઈકલ ઉપર ડબ્બો મૂકીને ઘઉં દળાવવા જાઉં છું. પોસ્ટ ઑફિસમાંથી પૉસ્ટકાર્ડ, કવર, ટિકીટ લઈ આવું છું. કરિયાણાંની દુકાનેથી ખૂટતી વસ્તુઓ લઈ આવું છું. ડેરીએથી દૂધ લઈ આવું છું.

**૯. તમારા ઘરના કયા સભ્યો ઘરના કામ કરે છે ? તેઓ કયાં કામ કરે છે ?**

**ઉત્તર:**

| **કુટુંબના સભ્યો** | **તેઓનાં કામ** |
|---|---|
| પ્રભાબેન | ઘરકામ |
| હિમાંશુ | કંપનીમાં મેનેજર |
| શ્રેયા | મેડિકલમાં સંશોધન |

**૧૦. તમારા કુટુંબના કયા સભ્યો પૈસા કમાવાનું કામ કરે છે ?**

| ક્રમ | કુટુંબના સભ્યોનાં નામ | તેઓ શું કામ કરે છે ? |
|---|---|---|
| ૧ | મનસુખભાઈ | બટાકાની વેફર બનાવે છે. |
| ૨ | સમતાબેન | જુદાં જુદાં અથાણાં બનાવે છે. |
| ૩ | વિનોદભાઈ | નવાં બનતાં મકાનનાં નકશા બનાવે છે. |
| ૪ | વૈશાલીબેન | ટ્યૂશન કરે છે. |
| ૫ | પરેશભાઈ | શાળામાં શિક્ષક છે. |

**૧૧. તમારા કુટુંબના કયા સભ્યો કામ કરે છે, પરંતુ તેઓને તેના પૈસા મળતાં નથી ?**

**ઉત્તર:** મારા કુટુંબના દાદા લોકોની સેવા કરવાનું કામ કરે છે. મારાં દાદી દેશી ઓસડિયાં (દવા) બનાવે છે અને બીમાર હોય તેની સેવા કરે છે, પરંતુ તેઓ તેના પૈસા નથી લેતાં.

**૧૨. તમારાં દાદા-દાદી પાસેથી જાણો, તેઓ જ્યારે બાળક હતાં ત્યારે કેવાં કામ કરતાં હતાં ?**

**ઉત્તર:** મારા દાદા બાળક હતા ત્યારે અંધજનોને રસ્તો પસાર કરાવતાં, ગરીબ વિદ્યાર્થીઓને નોટ, પેન્સિલ, પેન, સ્લેટ, ફૂટપટ્ટી, પુસ્તકો લઈને આપી દેતાં હતાં. મારા દાદી જ્યારે બાળક હતાં ત્યારે નાની છોકરીઓને જુદી જુદી રમતો શીખવાડતાં હતાં. ઘરડાં ડોશીમાને દવાખાને લઈને સાથે જતાં હતાં.

**૧૩. તમે અને તમારા વડીલોએ બાળપણમાં કરેલાં કામ વિશે લખ્યું. એમાં તફાવત છે ?**

**ઉત્તર:** હા, તફાવત છે. દાદા-દાદીએ બાળપણમાં જે જે કામ કર્યા હતાં તે અમે નથી કરી શકતાં.

**૧૪. આ બાળકને કેવી શાળા ગમે છે તે અંગે લખો.**

- પ્રથમ બાળકનું નામ : **મેઘા લક્ષ્મણભાઈ વરીઆ**
- શાળાએ ન જવાનું કારણ : **શાળામાં સફાઈકામ, બાગાયતી કામ કરવું પડે.**
- બીજા બાળકનું નામ : **શાશ્વત પ્રકાશભાઈ પ્રજાપતિ**
- શાળાએ ન જવાનું કારણ : **એક જ ધોરણમાં પચાસ બાળકો છે. પંખાની વ્યવસ્થા નથી, ક્યારેક**

ગભરામણ થઈ જાય છે. શિક્ષક સિવાય બીજું કોઈ જ ભણાવે છે.

- શાળાએ શું શું ન ગમે તેની વિગત : **સફાઈકામ, બાગાયતીકામ, શાળામાં અવ્યવસ્થા, શાળામાં શિસ્તનો અભાવ, શાળાની આજુબાજુ પાનના ગલ્લા અને કચરાના ઢગલા.**

**૧૫. આ બાળકને શાળામાં આવતાં કરવાં તમે શું કરશો ?**

**ઉત્તરઃ** શાળામાં બિનજરૂરી વધારાનાં કામ બાળકો પાસે ન કરાવવામાં આવે તેવી વિનંતી કરીશ. વર્ગમાં જરૂરી સંખ્યામાં બાળકો બેસાડાય છે કે નહીં તેની જાણકારી મેળવીશ. બાળકોને સમજાવીને શાળાએ બોલાવીશું.

## મૂલ્યાંકનલક્ષી વિશેષ પ્રવૃત્તિઓ

**૧. નીચેનાં સ્થળોએ કયા-કયા કામ થાય છે તે લખો.**

| | | | |
|---|---|---|---|
|  |  |  |  |
| **વાતચીત કરવી** | **દર્દીની સારવાર** | **ભણવું** | **પ્રાર્થના કરવી** |
|  |  |  |  |
| **ન્યાય આપવો** | **મુસાફરી કરવી** | **રૂપિયાની લેવડ-દેવડ** | **ટપાલનું કામ** |





**દર્દીની સારવાર, પ્રાર્થના કરવી, ન્યાય આપવો, મુસાફરી કરવી, સામસામે વાતચીત કરવી, ભણવું, રૂપિયાની લેવડ-દેવડ, ટપાલનું કામ**

**૨. નીચેના પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરી તેનો ક્રમ લખો.**

**(૧) લખવાનું કામ કરે તે....**

(અ) કાસદ (બ) ખાણિયો **(ક) લેખક** (ડ) કબાડી

**(૨) વેશ ભજવે તે....**

**(અ) નટ** (બ) કાગદી (ક) દફતરી (ડ) કાછિયો

**(૩) ઘરમાં નોકરનું કામ કરે તે...**

(અ) ભંગારો (બ) બેલિફ (ક) દંતારો **(ડ) ઘાટી**

**(૪) ચામડું સીવે તે....**

(અ) ભરતિયો (બ) ભાટ **(ક) મોચી** (ડ) ખારવો

**(૫) છાપામાં ખબર મોકલે તે....**

(અ) વાંસફોડો (બ) ખરાદી (ક) ડબગીર **(ડ) ખબરપત્રી**

## ૩. કૌંસમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલીજગ્યા પૂરો.

(૧) સોની સોનું કાપવા **કાપણી**નો ઉપયોગ કરે છે. (**કાપણી**, પક્કડ)

(૨) સુથાર લાકડામાં કાણું પાડવા **ગિરમીટ**નો ઉપયોગ કરે છે. (લીટિયો, **ગિરમીટ**)

(૩) લુહારના મોટા હથોડાને **ઘણ** કહે છે. (ધણ, **ઘણ**)

(૪) કાનડુ એ **વણકર**નું ઓજાર છે. (**વણકર**, પીંજારા)

(૫) પવન ફૂંકવાના સાધનને **ધમણ** કહે છે. (**ધમણ**, ગોલીટો)

## ૪. નીચે આપેલાં વિધાનો સામે ☑ ખરાં કે ☒ ખોટાંની નિશાની કરો.

(૧) મોચીના સોયા જેવા સાધનને આર કહે છે. – ☑

(૨) ઘાસ કાઢવાના ઓજારને રાંપડી કહે છે. – ☑

(૩) સુથારના લાકડાં છોલવાના સાધનને વાંસલો કહે છે. – ☑

(૪) વાળંદના નખ કાપવાના ઓજારને સરણી કહે છે. – ☒

(૫) ગાય દોહતી વખતે પાછળના પગ બાંધવાના દોરડાને નોઝણું કહે છે. – ☑

## ૫. ખોટા શબ્દ પર ચેકો મારો

(૧) સોનીનું ધાતુ ગાળવાનું પાત્ર ~~**મુસળ**~~ / **ગાભલી** છે.

(૨) કડિયાના પ્લાસ્ટર ઠીક કરવાના સાધનને **મસ્તર** / ~~**શામ**~~ કહે છે.

(૩) પીંજણ એ રૂ **પીંજવાનું** / ~~**રૂ કાઢવાનું**~~ સાધન છે.

(૪) ધાતુના પતરાં કાપવાની કાતરને **કતરણી** / ~~**કાપણી**~~ કહે છે.

(૫) હળ વચ્ચેથી **જાડું** / ~~**પાતળું**~~ હોય છે.

## ૬. યોગ્ય જોડકાં જોડો.

| અ | | ઉત્તર | બ |
|---|---|---|---|
| (૧) | હથિયાર ઘસીને સાફ કરનાર – | **સરાણિયો** | (ક) સાગરખેડુ |
| (૨) | દરિયો ખેડનાર – | **સાગરખેડુ** | (ખ) કથાકાર |
| (૩) | મીઠાઈ બનાવનાર – | **હલવાઈ** | (ગ) દરજી |
| (૪) | કપડાં સીવવાનું કામ કરનાર – | **દરજી** | (ઘ) સરાણિયો |
| (૫) | કથા કહેનાર – | **કથાકાર** | (છ) હલવાઈ |

## ૭. દરેકનાં બે - બે નામ લખો.

(૧) ઘાસ કાપવાનાં સાધનોનાં નામ :(૧) **કોદાળી** (૨) **ખૂરપી**

(૨) જમીન ખોદવાનાં ઓજારોનાં નામ :(૧) **ત્રિકમ** (૨) **હળ**

(૩) કાગળ ઉપર લખવાનાં સાધનોનાં નામ :(૧) **પેન** (૨) **પૅન્સિલ**

(૪) સવારે વહેલા ઊઠનારા કારીગરોનાં નામ :(૧) **માળી** (૨) **કુંભાર**

(૫) કપડાંના ધંધા સાથેનાં કારીગરોનાં નામ :(૧) **દરજી** (૨) **વણકર**

## ૮. મને ઓળખી મારું નામ લખો.

(૧) હું લોકોના વાળ કાપું છું. : **વાળંદ**

(૨) હું લોકોની સેવા કરું છું. : **લોકસેવક**

(૩) હું રથ હાંકું છું. : **સારથિ**

(૪) હું કીમતી માલનો વેપારી છું. : **સોદાગર**

(૫) હું લાકડાં ઘડું છું. : **સુથાર**

## ૯. નીચેના પ્રશ્નોના જવાબ એક જ વાક્યમાં લખો.

**(૧) રમેશ શું કામ કરતો હતો ?**

**ઉત્તર:** રમેશ કડિયાકામ કરતો હતો.

**(૨) ગાયો ચારે તેને શું કહેવાય ?**

**ઉત્તર:** ગાયો ચારે તેને ગોવાળ કહે છે.

**(૩) શિક્ષણ આપનારને શું કહે છે ?**

**ઉત્તર:** શિક્ષણ આપનારને શિક્ષક કહે છે.

**(૪) ખાણમાં કામ કરનારને શું કહે છે ?**

**ઉત્તર:** ખાણમાં કામ કરનારને ખાણિયો કહે છે.

**(૫) બાગ-બગીચામાં કામ કરનારને શું કહે છે ?**

**ઉત્તર:** બાગ-બગીચામાં કામ કરનારને માળી કહે છે.

**૧૦. 'હા' કે 'ના'માં જવાબ લખો.**

(૧) અનાજ વેચે તેને ફડિયો કહે છે. - **હા**

(૨) ખાણ ખોદે તેને ખનક કહે છે. - **હા**

(૩) ભંગાર ખરીદીને લે તેને ભંગારો કહે છે. - **હા**

(૪) વહાણ ચલાવે તેને ખમાર કહે છે. - **હા**

(૫) કાગળ બનાવે તેને કાસદ કહે છે. - **ના**

**૧૧. નીચે આપેલા કારીગરો શું કામ કરે છે તે લખો.**

(૧) **કુલી** : રેલવે સ્ટેશનમાં સામાન ઊંચકવાનું કામ કરે છે.

(૨) **દૂત** : સંદેશો એક સ્થાનેથી બીજા સ્થાને પહોંચાડે છે.

(૩) **કાવડિયો:** ગંગાજળ કાવડમાં એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જાય તે.

(૪) **શિકારી** : પશુ-પંખીઓનો શિકાર કરે તે.

(૫) **ગોપાલક:** ગાયોને ચરવા લઈ જઈ તેનું ધ્યાન રાખે તે.

**૧૨. તફાવતના લખો.**

| તમે કરો છો તે કામ | તમારા વડીલો કરે છે તે કામ |
|---|---|
| ● અમે ભણવા જવાનું કામ કરીએ છીએ. | ● છાપાં અને અન્ય સાહિત્ય વાંચે છે. |
| ● અમે ટીવીમાં બાળકોના કાર્યક્રમો જોઈએ છે. | ● ટીવીમાં ધાર્મિક કાર્યક્રમો જુએ છે. |
| ● અમે બગીચામાં ફરવા જઈએ છીએ. | ● પુસ્તકાલયમાં વાંચવા જાય છે. |

## ચાલો, પ્રવૃત્તિ કરીએ :

**૧. નીચે વિવિધ ક્રિયાઓ આપેલી છે. દિવસના કયા સમયે તમે કઈ ક્રિયાઓ કરો છો તે ઘડિયાળમાં દર્શાવો**



સવારમાં ઉઠવું



શાળાએ જવું



શાળાએથી પાછા ફરવું



ઘરે ભણવા બેસવું



રમવા જવું



રાત્રે સૂઈ જવું

**૨. નીચે કારીગરોનાં ઓજારોનાં નામ લખ્યાં છે. તેમાંથી બે - બે ઓજારનાં નામ ક્યા કારીગરના છે તે શોધીને લખો.** (રાંપડી, ફૂંકણી, લેલું, અસ્ત્રો, કાનસ, પાવડો, ઓળંબો, ચાકડો, ત્રિકમ, કોદાળી, ચકલાકડી, કાતર, રાંપી, સોયણી, એરણ, સાણસો )

| | | | | |
|---|---|---|---|---|
| (૧) | ખેડૂતનાં ઓજારો | : | (૧) **રાંપડી** | (૨) **કોદાળી** |
| (૨) | વાળંદનાં ઓજારો | : | (૧) **અસ્ત્રો** | (૨) **કાતર** |
| (૩) | સોનીનાં ઓજારો | : | (૧) **કાનસ** | (૨) **ફૂંકણી** |
| (૪) | મજૂરનાં ઓજારો | : | (૧) **પાવડો** | (૨) **ત્રિકમ** |
| (૫) | કડિયાનાં ઓજારો | : | (૧) **ઓળંબો** | (૨) **લેલુ** |
| (૬) | કુંભારનાં ઓજારો | : | (૧) **ચકલાકડી** | (૨) **ચાકડો** |
| (૭) | મોચીનાં ઓજારો | : | (૧) **રાંપી** | (૨) **સોયણી** |
| (૮) | લુહારનાં ઓજારો | : | (૧) **એરણ** | (૨) **સાણસો** |

## પ્રોજેક્ટવર્ક

**નીચેનું ચિત્ર જુઓ અને અલગ - અલગ લોકો શું કામ કરી રહ્યાં છે તે લખો.**




(૧) **ટ્રાફિક પોલિસ :** ચાર રસ્તા ઉપર વાહન-વ્યવહારનું નિયંત્રણ કરે છે.

(૨) **મોચી :** બૂટ-ચંપલ રિપેર કરે છે.

(૩) **મજૂર :** ઈંટો ઉપાડવાનું કામ કરે છે.

(૪) **કડિયો :** મકાન ચણવાનું કામ કરે છે.

(૫) **વાળંદ :** વાળ કાપવા આવનાર ગ્રાહકની રાહ જુએ છે.

(૬) **ચાનો વેપારી :** ચા બનાવવાનું કામ કરે છે.

(૭) **ડ્રાઈવર :** ટેક્ષી હાંકવાનું કામ કરે છે.

(૮) **સફાઈકામદાર :** સફાઈ કરે છે.

(૯) **કાછિયો :** શાકભાજી વેચે છે.




**(૧૦) મજૂર** : વજનદાર સામાન હાથલારી મારફત લઈ જાય છે.

**(૧૧) નર્સ** : દવાખાનામાં દર્દી પાસે જઈ રહી છે.

**(૧૨) શિક્ષિકા** : શાળામાં બાળકોને ભણાવવા જાય છે.

**(૧૩) બાળકો** : શાળામાં ભણવા માટે જઈ રહ્યાં છે.

**(૧૪) વેપારી** : દુકાનમાં ગ્રાહક વસ્તુ લેવા આવે તેની રાહ જુએ છે.

**(૧૫) મજૂર સ્ત્રી** : ઊંટગાડી મારફત સામાન લઈ જાય છે.

**(૧૬) ભિખારણ** : બે બાળકોનું ધ્યાન રાખે છે.

## વિદ્યાર્થીઓ આ એકમમાંથી શું શીખે છે, જાણે છે.

૧. કારીગરોનાં નામ, તેમનાં કામ, તેમનાં ઓજારોનાં નામને જાણે છે.
૨. બહુમાળી મકાન કોને કહેવાય તે જાણે છે.
૩. બહુમાળી મકાનો ક્યાં હોય છે તે સમજે છે.
૪. જુદાં જુદાં ઓજારો શું કામમાં આવે તે જાણે છે.
૫. શાળામાં થતી પ્રવૃત્તિઓમાં સહભાગી બને છે.
૬. ઘડિયાળ જોતાં શીખે છે.
૭. ઘડિયાળ પેઈન્ટિંગ કરતા શીખે છે.
૮. ઘડિયાળના સમય મુજબ કામ કરતા શીખે છે.
૯. ઘરના કયા સભ્યો કયાં-કયાં કામ કરે છે તે જાણે છે.
૧૦. ચંપલ તૂટી જાય તો ક્યાં જવું પડે તે સમજે છે.
૧૧. વડીલોના કામમાં સહભાગી થાય છે.
૧૨. પોસ્ટ ઑફિસમાંથી શું શું મળે છે તેની જાણકારી મેળવે છે.

વિદ્યાર્થીની કક્ષા અને બાળમનોવિજ્ઞાન પ્રમાણે, હિન્દી ભાષાની સરળ રજૂઆત એટલે...

# अलंकार आओ हिन्दी सीखें

(પાઠ્યપુસ્તક અને સ્વાધ્યાયપોથી)

ચાર ભાગમાં
ઉપલબ્ધ




**નોંધપાત્ર વિશેષતાઓ :**

- ખૂબ જ સુંદર ચિત્રો દ્વારા હિન્દી શીખવતાં પુસ્તકો.
- ભાષાશુદ્ધિ માટે વધારે શબ્દો, વાક્યો અને પગલાંઓની રજૂઆત.
- તદ્દન નવીન વાક્યો, પગલાંઓની સચિત્ર રજૂઆત.
- સેમેસ્ટર પદ્ધતિ મુજબ અભ્યાસક્રમનું વિભાજન.
- યુનિટ ટેસ્ટ અને પુનરાવર્તન વડે ભાગ 1 થી 4 નો ક્રમબદ્ધ અભ્યાસક્રમ.
- પ્રવૃત્તિલક્ષી શિક્ષણનો સુભગ સમન્વય એટલે **आओ हिन्दी सीखें**
- પ્રશ્નપત્રના મળખાની સમજ માટે અને પુનરાવર્તન હેતુ એકમ કસોટીઓ.
- ધોરણ અને વય-કક્ષા અનુસાર લેખનની વિશિષ્ટ પદ્ધતિઓ.
- સુલેખન માટે પર્યાપ્ત જગ્યા.
- રાષ્ટ્રીય અભ્યાસક્રમની રૂપરેખા અનુસાર અભ્યાસક્રમ.
- હોમવર્ક શીટના માધ્યમથી ગૃહકાર્ય અંગેની નોંધ.

*Very unique to learn...*

Alankar™
Publication

# * મૂલ્યાંકનલક્ષી નમૂનારૂપ આદર્શ પ્રશ્નપત્ર-૧

**સમય : ૨ કલાક** | **અભ્યાસક્રમ : એકમ ૧ થી ૧૨** | **કુલ ગુણ : ૪૦**

**પ્ર-૧. (અ) નીચેના પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરી તેનો ક્રમ ☐ માં લખો.** (૪)

**(૧) કયું પ્રાણી પેટે સરકીને ચાલે છે ?** – ☐

(અ) ગરોળી (બ) સાપ (ક) કાચીંડો (ડ) ઘો

**(૨) પાણીને ઉકાળવાથી શું બને ?** – ☐

(અ) પાતળું પાણી (બ) ઘટ્ટ પાણી (ક) બરફ (ડ) વરાળ

**(૩) કયું પક્ષી વરસાદમાં નૃત્ય કરે છે ?** – ☐

(અ) કબૂતર (બ) ચાતક (ક) કોયલ (ડ) મોર

**(૪) કયું પક્ષી ઝાડના થડ ઉપર ટકટક કરે છે ?** – ☐

(અ) લક્કડખોદ (બ) ગયણો (ક) હોલો (ડ) સમડી

**(બ) મને ઓળખી મારું નામ લખો.** (૪)

(૧) હું કૂદકા મારીને ચાલતું પ્રાણી છું.

(૨) હું પાછળ ડોક ફેરવી શકતું પક્ષી છું.

(૩) હું લાકડામાંથી જીવાંત શોધી ખાઉં છું.

(૪) હું વાળ કાપવાનો ધંધો કરું છું.

**(ક) કૌંસમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલીજગ્યા પૂરો.** (૪)

(૧) વડનું પાન .................... આકારનું હોય છે. **(ગોળ, ત્રિકોણ)**

(૨) ચોખાના બાફેલા લોટને .................... કહે છે. **(પાપડ, ખીચું)**

(૩) .................... લાકડું ઘડે છે. **(સુથાર, વણકર)**

(૪) .................... જમીન ખોદવાનું ઓજાર છે. **(કોદાળી, પાવડો)**

**પ્ર-૨ (અ) દરેકનાં બે - બે નામ લખો.** (૪)

(૧) દરમાં રહેતાં પ્રાણી (૩) તમે જોયેલાં પાન

(૨) પાણી મળે તેવાં સ્થળ (૪) ઘઉંમાંથી બનતી વાનગી

(બ) **નીચે આપેલાં વિધાનો સામે ☑ ખરાં કે ☒ ખોટાંની નિશાની કરો.** (૪)

(૧) ચોખાના લોટમાંથી પાપડ બને છે. – ☐

(૨) બગીચામાં માળી કામ કરે છે. – ☐

(૩) સાગરમાં પાણી મોજાં થઈને ઊછળે છે. – ☐

(૪) આસોપાલવનું વૃક્ષ જોવા મળે છે. – ☐

(બ) **ખોટા શબ્દ ઉપર છેકો મારો.** (૪)

(૧) ઘેંશ **છાશ** / **દૂધ**માંથી બને છે.

(૨) **રાજસ્થાન** / **ગુજરાત** માં ઊંટ વધુ જોવા મળે છે.

(૩) કરોળિયો **ફ્રીજ** / **દીવાલ** ઉપર જાળું બનાવે છે.

(૪) પોસ્ટ ઑફિસમાંથી **પોસ્ટકાર્ડ** / **ગ્રીટિંગકાર્ડ** મળે છે.

પ્ર-૩ (અ) **યોગ્ય જોડકાં જોડો.** (૪)

| | (અ) | | (બ) |
|---|---|---|---|
| (૧) | દાળનો ભૂકો | (અ) | લંબચોરસ |
| (૨) | દધિ | (બ) | ત્રિકોણ |
| (૩) | સમોસાનો આકાર | (ક) | કોરમું |
| (૪) | ગેસ | (ડ) | દૂધ |

(બ) **નીચેના પ્રશ્નોના જવાબ એક જ વાક્યમાં લખો.** (૪)

(૧) થોમસ ક્યાંનો છે ? તેને શું ભાવે છે ?

(૨) બધાં વાદળો શું કરે છે ?

(૩) તમારી સાથે ઘરમાં કોણ કોણ રહે છે ?

(૪) બગીચામાં કયા-કયા વૃક્ષો હોય છે ?

પ્ર-૪ (અ) **નીચેનાં કારણો લખો.** (૪)

(૧) પક્ષીઓ ઊડે છે.

(૨) આપણને પાણી વગર ચાલતું નથી.

(૩) કુટુંબના સભ્યો સંપીને રહે છે.

(૪) પહેલાંના વખતમાં લોકો ગાડા ઉપર મુસાફરી કરતા હતાં.

(બ) **તફાવતના બે - બે મુદ્દાઓ લખો.** (૪)

(૧) પ્રાણીઓ --- પક્ષીઓ

# ૧૩. આપણી લાગણીઓની ભાગીદારી !

**ચર્ચા ✻ કહો ✻ લખો ✻ વિચારો ✻ બનાવો ✻ શોધી કાઢો**

સીમા ત્રીજા ધોરણમાં ભણે છે. તેનાં દાદી અને રવિભાઈ શાળાએથી સીમા આવે ત્યારે રાહ જુએ છે. દાદી ઘરડાં છે. તેઓ સરખું સાંભળી શકતાં નથી તેથી સીમાના પિતાજી તેમને મોટેથી સમાચાર વાંચી સંભળાવે છે.

રવિભાઈ જોઈ શકતા નથી તે કોલેજમાં ભણાવે છે. રવિભાઈનાં પુસ્તકોનાં પાનાં જાડાં હોય છે. તેમાં ઉપસેલા અક્ષરને તે વાંચે છે. સીમા તેમની નાની બહેન છે.

સીમા ફૂટબૉલની ટીમમાં પસંદ થઈ તે જાણી રવિભાઈ ખુશ થઈ ગયા. જાડા કાગળ ઉપર ટપકાંવાળા અક્ષરોને બ્રેઈલલિપિ કહેવાય છે.

લુઈઝ બ્રેઈલ ફ્રાંસના હતાં તેઓ ત્રણ વર્ષના હતા ત્યારે પિતાજીના ઓજારથી રમતાં રમતાં તેમને બંને આંખે ઈજા થઈ ને તેઓ અંધ થઈ ગયાં.

મોટા થઈ ગયા પછી તેમણે બ્રેઈલલિપિની શોધ કરી.

**● એકમની સમજ આપતી મુખ્ય પ્રશ્નોત્તરી :**

**૧. સીમાના પિતા દાદી માટે સમાચારપત્ર મોટેથી વાંચે છે, ઘડપણમાં લોકોને કેવા પ્રકારની મુશ્કેલીઓ પડે છે ?**

**ઉત્તર:** ઘડપણમાં લોકોને આંખે ઓછું દેખાય છે. પગમાં ઢીંચણનો દુખાવો રહે છે. શ્વાસ ચડે છે. હાથમાં ધ્રુજારી આવે છે.

**૨. તમે ઘરડાં માણસોની મદદ કેવી રીતે કરો છો ?**

**ઉત્તર:** અમે ઘરડાં માણસોને એક જગ્યાએથી બીજી જગ્યાએ હાથ પકડીને લઈ જઈ રસ્તો ઓળંગાવીએ છીએ.

**૩. રવિભાઈ ઘણીબધી વસ્તુઓ જોયા વગર કેવી રીતે જાણી લેતા હશે?**

**ઉત્તર:** રવિભાઈ હાથના આંગળાના સ્પર્શથી ઘણીબધી વસ્તુઓ જોયા વગર જાણી લે છે.

**૪. તમને ક્યારેય લાકડીની જરૂર પડી છે ? ક્યારે ?**

**ઉત્તર:** મારા પગે ફ્રેક્ચર થઈ ગયું હતું ત્યારે મને લાકડીની જરૂર પડી હતી.

**૫. તમે ક્યારેય વિચાર્યું છે કે તમને લાકડીની જરૂર ક્યારે ક્યારે પડી શકે છે ?**

**ઉત્તર:** મેં ક્યારેય વિચાર્યું નથી કે મારે લાકડીની જરૂર પડે.

**૬. જે લોકો જોઈ શકતાં નથી તેમને આપણે કેવી રીતે મદદ કરી શકીએ ?**

**ઉત્તર:** જે લોકો જોઈ શકતાં નથી તેમને રસ્તો ઓળંગવામાં, પાણીનો ગ્લાસ કે લોટો પકડવામાં, બસમાં ચડવા-ઊતરવામાં, દવાખાને લઈ જવામાં, છાપું વાંચીને સંભળાવવામાં, ઘણી બધી રીતે મદદ કરી શકાય છે.

**૭. તમારા મોંમાં કેટલા દાંત છે ? એ દાંત કેવાં છે ?**

**ઉત્તર:** મારાં મોંમાં ઉપરના જડબામાં પંદર દાંત છે અને નીચેના જડબામાં સોળ દાંત છે. કેટલાંક દાંત તીક્ષ્ણ અણીવાળા છે તો કેટલાક દાંત પહોળા છે.

**૮. વર્ગમાં કયા બાળકને સૌથી વધારે દાંત છે ?**

**ઉત્તર:** વર્ગમાં નારણભાઈ, ભરતભાઈ, દક્ષાબેન અને વનિતાબેનને સૌથી વધારે દાંત છે. જે બાળકોને દૂધિયા દાંત છે તેમને ઓછા દાંત છે અને શિક્ષકોને વધારે દાંત છે.

**૯. તમે ફક્ત સ્પર્શ દ્વારા કેટલી વસ્તુઓ ઓળખી શકો છો ?**

**ઉત્તર:** અમે સ્પર્શથી પેન્સિલ, વાટકો, પેન, પીંછી, થાળી, તપેલી, વેલણ, દફતર, કંપાસ બોક્સ, લોટો, ટૂથબ્રશ, ઉલિયું, ઈસ્ત્રી, રબર, મોબાઈલ, પરિકર, ફૂટપટ્ટી, ટૂથપેસ્ટ ટ્યૂબ, ટેબલ, ખુરશી, ડસ્ટર, ચૉક, બંગડી, માળા, લખોટી, કેરમબૉર્ડ ઓળખી શકીએ છીએ.

**૧૦. કયા માણસોને તમે તેઓના ચાલવાના અવાજ દ્વારા ઓળખી શકો છો ?**

**ઉત્તર:** ઘરડા માણસો અને અંધજનોને તેઓના ચાલવાના અવાજ દ્વારા ઓળખી શકાય છે.

**૧૧. તમે સુગંધ દ્વારા કોઈ વ્યક્તિ તમારી નજીકમાં છે એ અનુમાન કરી શકો ?**

**ઉત્તર:** કોઈક જ વાર સુગંધ દ્વારા કોઈ વ્યક્તિ નજીકમાં છે એવું અનુમાન કરી શકાય છે.

**૧૨. તમારી આંખો બંધ કરો અને સાંભળો તમને કયો અવાજ સંભળાય છે ?**

**ઉત્તર:** આંખો બંધ કરી પવનના સુસવાટનો અવાજ, ગાયના ભાંભરવાનો અવાજ, કૂતરાને ભસવાનો અવાજ, મંદિરનો ઘંટારવ, ઢોલનો ઢમ-ઢમ અવાજ, કૂકડો બોલે તે અવાજ, કાગડા-કબૂતર-ચકલીનો અવાજ સંભળાય છે.

## મૂલ્યાંકનલક્ષી વિશેષ પ્રવૃત્તિઓ

**૧. નીચેનાં ચિત્રો ઓળખી તેનું નામ લખો.**

| | | | |
|---|---|---|---|
|  |  |  |  |
| મૂળો | કાકડી | કોબીજ | બટેટાં |
|  |  |  |  |
| ફલાવર | ગલકાં | દૂધી | ટમેટું |

બટેટાં, કોબીજ, કાકડી, મૂળો, ટમેટું, દૂધી, ગલકાં, ફલાવર

**૨. નીચેના પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરી તેનો ક્રમ લખો.**

**(૧) નીચેનામાંથી કઈ રમત નથી ?**

(અ) ફૂટબૉલ (બ) લંગડી **(ક) કૉચ** (ડ) ખો - ખો

**(૨) નીચેનામાંથી કઈ રમતમાં મોટો દડો જોઈએ ?**

(અ) મારદડી (બ) ક્રિકેટ **(ક) ફૂટબૉલ** (ડ) આંધળોપાટો

**(૩) નીચેનામાંથી કઈ રમતમાં સ્ટમ્પ હોય છે ?**

(અ) ફૂટબૉલ (બ) લંગડી (ક) ખો-ખો **(ડ) ક્રિકેટ**

**(૪) સીમા કઈ ટીમમાં પસંદ થઈ ?**

(અ) ખો-ખોની (બ) ક્રિકેટની **(ક) ફૂટબૉલની** (ડ) લંગડીની

૩. **કૌંસમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલીજગ્યા પૂરો.**

(૧) **સીમા** ફૂટબૉલની ટીમમાં પસંદ થઈ. (**સીમા**, હેમા)

(૨) સીમાના દાદીને **પીઠ**નો દુખાવો રહે છે. (પેટ, **પીઠ**)

(૩) સીમાના પિતા **દાદી** માટે સમાચાર મોટેથી વાંચે છે. (દાદા, **દાદી**)

(૪) **રવિ** આંખે દેખી શકતો નથી. (**રવિ**, દાદી)

(૫) સીમા **ત્રીજા** ધોરણમાં ભણે છે. (ચોથા, **ત્રીજા**)

૪. **નીચે આપેલાં વિધાનો સામે ☑ ખરાં કે ☒ ખોટાંની નિશાની કરો.**

(૧) લુઈઝ બ્રેઈલ અમેરિકાના હતા. – ☒

(૨) કાગડાની બોલીને કા... કા... કહે છે. – ☑

(૩) બ્રેઈલ લિપિ લખી શકાય છે. – ☒

(૪) બ્રેઈલ લિપિ ઉપર આંગળી ફેરવવી પડે છે. – ☑

૫. **ખોટા શબ્દ પર ચેકો મારો**

(૧) બ્રેઈલ લિપિ ~~**પાતળા**~~ / **જાડા** પેપર ઉપર ઉપસેલા બિંદુઓની ધારથી લખાયેલી હોય છે.

(૨) સીમાનાં ~~**ભાભી**~~ / **દાદી** ને કોઈ મદદ કરે તો તે નારાજ થઈ જાય.

(૩) ડુગ ડુગ એ **ડાકલાનો** / ~~**ઢોલનો**~~ અવાજ છે.

(૪) ~~**ખૂબ રડવા**~~ / **હસવાના** અવાજને ખિલખિલ કહે છે.

(૫) ખણખણ એ ~~**ખિસકોલી**~~ / **ઘુઘરી** નો અવાજ છે.

૬. **યોગ્ય જોડકાં જોડો.**

| અ | | ઉત્તર | બ |
|---|---|---|---|
| (૧) આજ | – | **કાલ** | (ક) છોકરી |
| (૨) છોકરાં | – | **છોકરી** | (ખ) ભાભી |
| (૩) શાક | – | **ભાજી** | (ગ) દાદી |
| (૪) દાદા | – | **દાદી** | (ઘ) ભાજી |
| (૫) ભાઈ | – | **ભાભી** | (છ) કાલ |

૭. **દરેકનાં બે - બે નામ લખો.**

(૧) સીમા શાળાએથી આવે તો રાહ જોનારા: (૧) **દાદી** (૨) **રવિ**

(૨) તમારા ઘરની વ્યક્તિઓ : (૧) **છગનભાઈ**
(૨) **જયાબેન**

(૩) અંધ રવિ બે બાબતથી ઓળખી જાય : (૧) **સફેદ લાકડી**
(૨) **ગુસ્સો કરતા નથી.**

(૪) બાળ રમતોનાં નામ : (૧) **આંધળોપાટો**
(૨) **કબડ્ડી**

(૫) અવાજનાં નામ : (૧) **ડુગડુગ**
(૨) **ખિલખિલ**

**૮. મને ઓળખી મારું નામ લખો.**

(૧) મેં બ્રેઈલલિપિની શોધ કરી. : **લુઈઝ બ્રેઈલ**
(૨) હું કૉલેજમાં ભણાવું છું. : **રવિભાઈ**
(૩) મારા અવાજને ઢમઢમ કહે છે. : **ઢોલનો અવાજ**
(૪) મારા અવાજને કલકલ કહે છે. : **પંખીઓનો અવાજ**
(૫) આપણો અવાજ પાછો આવે તે હું છું. : **પડઘો**

**૯. નીચેનાં વાક્યો કોણ બોલે છે તે લખો.**

(૧) આજકાલનાં છોકરાં જાણતાં જ નથી કે શાકભાજી કેવી રીતે કપાય? - **દાદી**
(૨) આજે તું ખૂબ જ ખુશ જણાય છે. - **રવિભાઈ**
(૩) ભાઈ આખરે હું ફૂટબૉલની ટીમમાં પસંદ થઈ છું. - **સીમા**
(૪) આજથી તું મને ફૂટબૉલની તાલીમ આપનાર કોચ છે. - **રવિભાઈ**

## ચાલો, પ્રવૃત્તિ કરીએ :

**૧. અંધજન (પ્રજ્ઞાચક્ષુ)ની લાકડી દોરો.**



**૨. દાદીની લાકડી દોરો.**



## પ્રોજેક્ટવર્ક

**૧. બ્રેઈલલિપિના ગ, મ, ન, જ, વ લખો.**



ગ મ ન જ વ

## આ એકમની વિશેષતાઓ

૧. બ્રેઈલલિપિ કેવી હોય તે જાણવા - જોવા મળે છે.
૨. આંખે પાટા બાંધી સ્પર્શનો અનુભવ કરી શકે છે.
૩. જુદા જુદા ઓજારને ઓળખી બતાવે છે.
૪. કોચ એટલે શું તેની બાળકને ખબર પડે છે.
૫. કમ્પ્યૂટરને ઓળખે છે.
૬. કમ્પ્યૂટરથી બ્રેલલિપિ લખવાનો પ્રયત્ન કરે છે.
૭. નાનાં, મોટાં, જાડાં, પાતળાં બિંદુઓને ઓળખે છે.
૮. દાદા-દાદી પ્રત્યે માનથી જુએ છે.
૯. દાદા-દાદીને મદદ કરવી ફરજ સમજે છે.
૧૦. સામેની વ્યક્તિને ઓળખવાની ક્ષમતા કેળવે છે.
૧૧. રસ્તામાં પ્રજ્ઞાચક્ષુને મદદ કરવા તત્પર રહે છે.
૧૨. બંધ આંખો કરી જુદાં જુદાં કપડાંને ઓળખી બતાવે છે.

# ૧૪. આપણો ખોરાક

**ચર્ચા ✻ કહો ✻ લખો ✻ વિચારો ✻ બનાવો ✻ શોધી કાઢો**

વેણુનું કુટુંબ અને રાણીનાં કુટુંબમાં ઘણો તફાવત છે. વેણુના કુટુંબના બધા સભ્યો સાથે જમે છે. રાણીના કુટુંબના બધા સભ્યો સાથે જમતાં નથી. વેણુના કુટુંબમાં ત્રણ સભ્યો છે. રાણીના કુટુંબમાં ચાર સભ્યો છે. વેણુનું કુટુંબ સુખી છે. રાણીનું કુટુંબ મધ્યમ છે. વેણુનાં માતા-પિતા છાપું વાંચે છે. રાણીના પિતા છાપું વાંચે છે. વેણુ સાઈકલ લઈ ભણવા જાય છે. રાણી ચાલીને ભણવા જાય છે.

● **એકમની સમજ આપતી મુખ્ય પ્રશ્નોત્તરી :**

**૧. વેણુ અને રાણીના બંને કુટુંબમાં લોકો કેવા પ્રકારના કામ કરે છે ?**

**ઉત્તર:** વેણુના પિતા સારી નોકરી કરે છે. રાણીના પિતા ખેડૂત છે અને ખેતીવાડીનું કામ કરે છે.

**૨. તમારું કુટુંબ વેણુનાં કુટુંબ કે રાણીનાં કુટુંબ જેવું છે ?**

**ઉત્તર:** અમારું કુટુંબ વેણુના કુટુંબ જેવું છે.

**૩. તમારા કુટુંબના બધા સભ્યો સાથે જમે છે ? જો ના તો કેમ ?**

**ઉત્તર:** અમારાં કુટુંબના બધાં જ સભ્યો સાથે જમે છે.

**૪. તમે રસોઈકામમાં કઈ કઈ રીતે મદદ કરો છો ?**

**ઉત્તર:** હું રસોઈકામમાં મમ્મીને જોઈતી વસ્તુઓ આપું છું.

**૫. કુટુંબમાં રસોઈકામમાં કોણ કોણ મદદ નથી કરતું ? કેમ**

**ઉત્તર:** કુટુંબમાં રસોઈકામમાં દાદા-દાદી મદદ નથી કરતા. કારણ કે તેમની આંખોમાં હવે મોતિયો (રોગ) આવી ગયો છે.

**૬. તમે જ્યારે બીમાર પડો છો ત્યારે કઈ વનસ્પતિમાંથી મેળવેલી દવા લો છો ?**

**ઉત્તર:** ૧. ઈજા થાય ત્યારે - **હળદર** ૨. પેટમાં દુખે ત્યારે - **અજમો**

૩. શરદી અને ઉધરસ થાય ત્યારે - **તુલસીનાં પાન**

૪. દાંતમાં દુખાવો થાય ત્યારે - **લવિંગ**

## મૂલ્યાંકનલક્ષી વિશેષ પ્રવૃત્તિઓ

**૧. નીચેનાં ચિત્રોને ઓળખી તેનાં નામ લખો.**

| | | | |
|---|---|---|---|
|  |  |  |  |
| **મઠ** | **વાલ** | **ઘી** | **પપૈયું** |
|  |  |  |  |
| **નારંગી** | **મગ** | **લીંબુ** | **કાજુ** |



ચોખા



ઘઉં



સફરજન



બદામ



ચોળાં



સૂરણ



ડુંગળી



અખરોટ

**મઠ, નારંગી, ચોખા, ચોળાં, વાલ, મગ, ઘઉં, સૂરણ, ઘી, લીંબુ, સફરજન, ડુંગળી, પપૈયું, કાજુ, બદામ, અખરોટ**

**૨. નીચેના પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરી, ક્રમ લખો.**

**(૧) નીચેનામાંથી કયું શાક ગોળ આકારનું છે ?**

(અ) ટીંડોરાં (બ) રીંગણ (ક) ભીંડો **(ડ) ડુંગળી**

**(૨) નીચેનામાંથી કયું શાક પાંદડાંવાળું છે ?**

**(અ) કોબીજ** (બ) બટેટાં (ક) ગલકાં (ડ) ટીંડોરાં

**(૩) નીચેનામાંથી કયું શાક જાંબલી રંગનું છે ?**

(અ) બટેટાં **(બ) રીંગણ** (ક) ગલકાં (ડ) ફ્લાવર

**(૪) નીચેનામાંથી કઈ ભાજી છે ?**

(અ) સૂરણ **(બ) મેથી** (ક) કારેલાં (ડ) તૂરિયાં

**(૫) નીચેનામાંથી કયું શાક કડવું છે ?**

(અ) સૂરણ (બ) મેથી (ક) તૂરિયાં **(ડ) કારેલાં**

**૩. કૌંસમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલીજગ્યા પૂરો.**

(૧) મેથીનાં **વડાં** થાય. (**વડા**, વડી)

(૨) સામામાંથી **શીરો** થાય. (**શીરો**, સુખડી)

(૩) ખીર **દૂધ**માંથી બને. (**દૂધ**, છાશ)

(૪) સૂતરફેણી **કંદોઈ**ની દુકાનેથી મળે. (કરિયાણા, **કંદોઈ**)

(૫) પેંડાનો આકાર **ગોળ** હોય છે. (ચોરસ, **ગોળ**)

**૪. નીચે આપેલાં વિધાનો સામે ☑ ખરાં કે ☒ ખોટાંની નિશાની કરો.**

(૧) ફરસીપૂરી એક જાતની જાડી પુરી છે. – ☑

(૨) ઘી, ગોળ અને બાજરીના લોટમાંથી શીરો બને છે. – ☒

(૩) ત્રણ કઠોળની ભેગી દાળને ત્રેવડી કહે છે. – ☑

(૪) ચોખાના બાફેલા લોટમાંથી ખીચું બને છે. – ☑

(૫) ચોખાના ભરડેલા કટકામાંથી થૂલી બને છે. – ☒

**૫. ખોટા શબ્દ પર ચેકો મારો**

(૧) બટેટાંના શાકમાં **~~સોડા~~** / **મીઠું** હોય છે.

(૨) ઢોકળા જેવી મદ્રાસી વાનગીને **ઈડલી** / **~~ગુલાબજાંબુ~~** કહે છે.

(૩) **~~બાજરી~~** / **ચણા** ના લોટમાંથી ભજિયાં બને છે.

(૪) ઢોકળાં **ચોખા** / **~~જુવાર~~** ના લોટમાંથી બને છે.

(૫) **કમળ** / **~~ગુલાબજાંબુ~~** એક પ્રકારનું ફૂલ છે.

(૬) **ફ્લાવર** / **~~ચીકુ~~** એ શાકભાજી છે.

(૭) **~~મગફળી~~** / **બાજરી** એ અનાજ કહેવાય.

**૬. યોગ્ય જોડકાં જોડો.**

| અ | ઉત્તર | બ |
|---|---|---|
| (૧) પેટમાં દુખે તો | **અજમો** | (ક) લીંબુ-શરબત |
| (૨) ઝાડા થયા હોય તો | **લીંબુ શરબત** | (ખ) તુલસીનાં પાન |
| (૩) ઉધરસ થાય તો | **હળદર** | (ગ) લવિંગ |
| (૪) દાંત દુખે તો | **લવિંગ** | (ઘ) હળદર |
| (૫) માથું દુખે તો | **તુલસીનાં પાન** | (છ) અજમો |

**૭. દરેકનાં બે - બે નામ લખો.**

(૧) રસોઈમાં વપરાતા તીખા મસાલા : (૧) **કાળા મરી** (૨) **લવિંગ**

(૨) ઘઉંમાંથી બનતી મીઠાઈ : (૧) **શીરો** (૨) **સુખડી**

(૩) ચણાના લોટમાંથી બનતી મીઠાઈ : (૧) **મોહનથાળ** (૨) **લાડવા**

(૪) દૂધમાંથી બનતી મીઠાઈ : (૧) **પેંડા** (૨) **બાસુંદી**

(૫) દહીંમાથી બનતી વાનગી : (૧) **કઢી** (૨) **દહીંવડા**

**૮. મને ઓળખી મારું નામ લખો.**

(૧) મારી ઝૂડી ને પણી કહે છે. : **ભાજીની ઝૂડી**

(૨) લગ્ન વખતે વર-વધૂ મને આરોગે છે. : **કંસાર**

(૩) હું ચોખા અને મગની બનતી વાનગી છું.: **ખીચડી**

(૪) હું ચણાના સફેદ પોપટા છું. : **ઓળો**

(૫) હું દહીંમાંથી બનતી જાડી પૂરી છું. : **દહીંતરું (દહીંથરું)**

**૯. નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.**

**(૧) તમે તમારા ઘરના કયા-કયા કામમાં મદદ કરો છો ?**

**ઉત્તરઃ** હું રસોઈકામમાં, સાફસૂફીના કામમાં, કબાટ વ્યવસ્થિત રાખવાના કામમાં મદદ કરું છું.

**૧૦. તફાવતના બે - બે મુદ્દાઓ લખો.**

| વેણુનું કુટુંબ | રાણીનું કુટુંબ |
|---|---|
| **૧.** વેણુનાં કુટુંબમાં ત્રણ વ્યક્તિ છે. | **૧.** રાણીના કુટુંબમાં ચાર વ્યક્તિ છે. |
| **૨.** વેણુનું કુટુંબ સાથે જમે છે. | **૨.** રાણીનું કુટુંબ સાથે જમતું નથી. |
| **૩.** વેણુનું કુટુંબ શિક્ષિત છે. | **૩.** રાણીના કુટુંબમાં એક જ શિક્ષિત છે. |

## ચાલો, પ્રવૃત્તિ કરીએ :

**૧. તમારા ઘરમાં અને તમારા મિત્રના ઘરમાં તે કામ કોણ કરે છે ? પૂછીને લખો.**

| ક્રમ | કામ | તમારા ઘરમાં | તમારા મિત્રના ઘરમાં |
|---|---|---|---|
| ૧ | રસોઈ બનાવવી | મમ્મી | મમ્મી |
| ૨ | બજારમાંથી વસ્તુઓ લાવવી | મમ્મી | પપ્પા |
| ૩ | કચરો વાળવો | બહેન | મમ્મી |
| ૪ | વાસણો સાફ કરવા | મમ્મી | મમ્મી |
| ૫ | પાણી ભરવું | મમ્મી | મમ્મી |

૨. આપણે ખાઈએ છીએ તે ક્યાંથી આવે છે. જે વસ્તુ, છોડ, વૃક્ષ અને વનસ્પતિમાંથી મળે છે ત્યાં ✓ નું નિશાન અને જે વસ્તુ પ્રાણીમાંથી મળે છે ત્યાં ✳ નું નિશાન કરો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| મધ | ✓ | ડુંગળી | ✓ | સફરજન | ✓ | દૂધી | ✓ |
| મકાઈ | ✓ | માછલી | ✳ | ઘી | ✳ | ફ્લાવર | ✓ |
| પાલક | ✓ | લીંબુ | ✓ | રાઈ | ✓ | ઘઉં | ✓ |
| ઈંડાં | ✳ | અજમો | ✓ | તુવેર | ✓ | મેંદો | ✓ |
| ટમેટાં | ✓ | કેળાં | ✓ | મરચાં | ✓ | કોથમીર | ✓ |
| હળદર | ✓ | જામફળ | ✓ | બાજરી | ✓ | મગ | ✓ |
| દૂધ | ✓ | આદુ | ✓ | સીતાફળ | ✓ | ચીકુ | ✓ |
| બટેટાં | ✓ | ગાજર | ✓ | અડદ | ✓ | ચોળાં | ✓ |
| માંસ | ✳ | બોર | ✓ | નારંગી | ✓ | મોસંબી | ✓ |
| ગોળ | ✓ | ખસખસ | ✓ | વટાણા | ✓ | ચોખા | ✓ |
| કોબીજ | ✓ | તાંદળજો | ✓ | સંતરાં | ✓ | પપૈયું | ✓ |
| જુવાર | ✓ | ઊન | ✳ | મઠ | ✓ | ઈલાયચી | ✓ |
| સૂરણ | ✓ | છાણ | ✳ | વાલ | ✓ | લવિંગ | ✓ |

## પ્રોજેક્ટવર્ક

૧. દરેક ટોપલા માટે સાચી વસ્તુ પસંદ કરો. જોડવા માટે રેખા દોરો.




ફૂલો : કચનાર ફૂલ.
ફળ : ફણસ, કેળું, આમળાં, કેરી.
પાન (પર્ણ) : ફણસી, પાલક, મીઠો લીમડો

છોડના બીજા ભાગ : કમળનું પ્રકાંડ, ચણા, રાઈ, આદુ, બટેટાં.

## વિદ્યાર્થીઓ આ એકમમાંથી શું શીખે છે, જાણે છે.

૧. ઘરમાં જુદાં જુદાં કામ કોણ કરે છે તે સમજે છે.
૨. ઘરમાં કચરો કચરાપેટીમાં રાખવાની ટેવ પાડે છે.
૩. ઘરમાં છાપું આવે તે વાંચવાની ટેવ પાડે છે.
૪. છોડમાંથી આપણને કઈ કઈ વસ્તુ મળે છે તે જાણે છે.
૫. વૃક્ષમાંથી આપણને કઈ કઈ વસ્તુ મળે છે તે જાણે છે.
૬. પ્રાણીમાંથી આપણને કઈ કઈ વસ્તુ મળે છે તે જાણે છે.
૭. ફૂલ, પાન, ફળ, વનસ્પતિના ભાગોને સમજે છે - ઓળખે છે.
૮. રસોઈકામમાં થોડીક મદદ કરવા પ્રયત્ન કરે છે.
૯. સાથે જમવાથી સમૂહભાવના કેળવે છે.
૧૦. હાથ-પગ ધોઈને જમવા બેસવાની ટેવ પડે છે.
૧૧. શરીરમાં કોઈ રોગ થાય તો શું કરવું તેની સમજ કેળવે છે.
૧૨. કયું શાક પાંદડાંવાળું છે તે જાણે છે.

# ૧૫. માટીની મજા

**ચર્ચા ✠ કહો ✠ લખો ✠ વિચારો ✠ બનાવો ✠ શોધી કાઢો**

કોઠીંબું (ફળ) વાડ્યે વાડ્યે દોડતું જતું હતું. તેને જોઈને કાગડાને ખાવાનું મન થઈ ગયું. તે કોઠીંબાંને ખાવા જાય છે. એટલે કોઠીંબું બોક્યું, 'ગંદી ચાંચ ધોયા પછી મને ખાજે...'

કાગડો કૂવા પાસે ગયો. તેણે પાણી માગ્યું પણ કૂવાએ તેને કુંભાર પાસેથી ઘડો લઈને સીંચવાનું કહ્યું.

કાગડો કુંભાર પાસે ઘડો લેવા ગયો. કુંભારે ટીંબા પાસેથી માટી લાવી આપવા કહ્યું.

કાગડો ટીંબા (માટીના ઢગલા) પાસે માટી લેવા ગયો. ટીંબાએ હરણની શિંગડી લઈને તેનાથી ખોદીને લેવા કહ્યું.

કાગડો હરણ પાસે શિંગડી લેવા ગયો. હરણે કહ્યું, તું કૂતરાને બોલાવ તે મને મારી નાખે અને પછી શિંગડી લઈ જા.

કાગડો કૂતરા પાસે ગયો. કૂતરો કહે હું તો બહુ ભૂખ્યો છું. મારે ગાયનું દૂધ પીવું છે.

કાગડો ગાય પાસે દૂધ લેવા ગયો. ગાય કહે હું પણ ભૂખી છું મને ખડ ખવરાવ.

કાગડો ખડ કાપવાનું દાતરડું લેવા લુહાર પાસે ગયો. લુહારે તેને દાતરડું આપ્યું. કાગડાએ દાતરડાથી ખડ કાપી ગાયને આપ્યું. ગાયે તેને દૂધ આપ્યું. દૂધ લઈ કાગડાએ કૂતરાને આપ્યું કૂતરો હરણ પાસે ગયો કે તરત હરણે શિંગડી આપી. તેનાથી તેણે માટી ખોદી. તે લઈને તેણે કુંભારને આપી. કુંભારે તેને ઘડો આપ્યો. ઘડાથી તેણે કૂવામાંથી પાણી કાઢ્યું. પાણીથી કાગડાએ ગંદી ચાંચ સાફ કરી અને તેણે કોઠીંબું ખાધું.

**● એકમની સમજ આપતી મુખ્ય પ્રશ્નોત્તરી :**

**૧. કાગડાને ઘડો શા માટે જોઈતો હતો?**

**ઉત્તર:** કાગડાને ઘડો કૂવામાંથી પાણી સીંચીને બહાર કાઢવા માટે જોઈતો હતો.

**૨. કુંભારને ઘડો બનાવવામાં કોણે કોણે મદદ કરી ?**

**ઉત્તર:** કુંભારને ઘડો બનાવવામાં ગાય, કૂતરો અને હરણે મદદ કરી.

**૩. કુંભારને ઘડો બનાવવા કઈ કઈ ચીજવસ્તુઓની જરૂર પડી ?**

**ઉત્તર:** કુંભારને ઘડો બનાવવા માટી, પાણી, કોદાળી, ચાકડો, ચકલાકડી, દોરીની જરૂર પડી.

**૪. શું તમારા ઘરે માટીમાંથી બનાવેલાં વાસણો છે ? કયા-કયા ?**

**ઉત્તર:** હા, અમારા ઘરે માટીમાંથી બનાવેલાં વાસણોમાં કોડિયું, જગ, બતક, કથરોટ, તાવડી, માટલું, હાંડલું, દોણી, કુલડી, લોટો છે.

**૫. તમને જો કોઈ માટી આપે તો તમે માટીમાંથી વાસણો બનાવી શકો ?**

**ઉત્તર:** ના, કુંભાર સિવાય કોઈ જ માટીમાંથી વાસણો ન બનાવી શકે.

**૬. માટીના ઘડામાં આખી રાત પાણી ભરી રાખશો તો શું થશે ?**

**ઉત્તર:** માટીના ઘડામાં આખી રાત પાણી ભરી રાખવાથી પાણી ઠંડુ, પીવાલાયક, જંતુરહિત બની જશે.

**૭. માટીના ઘડા પાણીથી કેમ બગડી જતાં નથી.**

**ઉત્તર:** માટીમાં એવો ગુણ છે જેનાથી માટીનાં વાસણો બગડી જતાં નથી.

**૮. તમે ઈંટો કે ઘડાને ભઠ્ઠીમાં શેકાતાં જોયા છે ?**

**ઉત્તર:** હા, ઈંટોને ભઠ્ઠીમાં તથા ઘડાને નિંભાડા (ભઠ્ઠી)માં શેકાતાં કુંભાર (પ્રજાપતિ)ના ઘરે જોયાં છે.

**૯. પહેલાં ઘડા ન હતા ત્યારે પાણી ભરવા સૌ શું કરતા હતા ?**

**ઉત્તર:** પહેલાં ઘડા ન હતા ત્યારે પાણી ભરવા સૌ ચામડાની થેલી, માટીની કોઠીનો ઉપયોગ કરતા હતાં.

**૧૦. દુનિયામાંથી બધા ઘડા ગાયબ થઈ જાય તો શું થાય ?**

**ઉત્તર:** દુનિયામાંથી બધા ઘડા ગાયબ થઈ જાય તો ઘણી બધી મુશ્કેલીઓ સર્જાય. લોકો ચામડાની મશક, પખાલમાં પાણી ભરવા લાગી જાય.

## મૂલ્યાંકનલક્ષી વિશેષ પ્રવૃત્તિઓ

**૧. નીચેનાં ચિત્રોમાં આપેલાં વાસણો ઓળખી તેનાં નામ લખો.**

|  |  |  |  |
|---|---|---|---|
| **માટલું** | **કૂંડું** | **કૂંજો** | **કુલડી** |
|  |  |  |  |
| **કોડિયું** | **હાંડલું** | **સગડી** | **જગ** |

**કૂંજો, કૂંડું, માટલું, કુલડી, કોડિયું, હાંડલું, સગડી, જગ**

**૨. નીચેના પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરી, ક્રમ લખો.**

**(૧) કુંભાર કોની ઉપર માટલા બનાવે છે ?**

**(અ) ચાકડા** (બ) યંત્ર (ક) પથ્થર (ડ) ચકલાકડી

**(૨) કુંભારનો ચાકડો શાનો બનેલો હોય છે ?**

(અ) ધાતુનો (બ) પ્લાસ્ટિક (ક) પથ્થર **(ડ) માટી**

**(૩) માટીનો ટીંબો ક્યાં જોવા મળે છે ?**

(અ) પખાલી (બ) કડિયો (ક) કંસારો **(ડ) કુંભાર**

**(૪) નીચેનામાંથી કોનો આકાર ગોળ હોય છે ?**

(અ) કૂંજો (બ) કથરોટ **(ક) માટલું** (ડ) તાવડી

**(૫) નીચેનામાંથી કયું ઓજાર કુંભારનું નથી ?**

(અ) ચાકડો (બ) કોદાળી **(ક) પક્કડ** (ડ) ચકલાકડી

## ૩. કૌંસમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલીજગ્યા પૂરો.

(૧) કાગડો ગંદી ચાંચ સાફ કરવા પાણી લેવા **કૂવા** પાસે ગયો. (**કૂવા**, તળાવ)

(૨) કાગડાને **કોઠીંબુ** ખાવાની ઈચ્છા થઈ. (પૂરી, **કોઠીંબુ**)

(૩) ઘડુલો **કુંભાર** બનાવે છે. (કંસારો, **કુંભાર**)

(૪) **સીંચું** પાણીડાં ધોઉં ચાંચુડી. (લાવું, **સીંચું**)

(૫) માટી લેવા કાગડો **ટીંબા** પાસે ગયો. (કુંભાર, **ટીંબા**)

## ૪. નીચે આપેલાં વિધાનો સામે ✓ ખરાં કે ✗ ખોટાંની નિશાની કરો.

(૧) કોઠીંબાએ કહ્યું, કાગડા ! આવી ગંદી ચાંચે મને ન ખવાય. – ✓

(૨) કાગડાને કોઠીંબુ બડુક બડુક લાગ્યું. – ✗

(૩) કાગદેવા એટલે કાગડો. – ✓

(૪) કુંભાર કુંભારવાડે રહે છે. – ✓

(૫) માટી ખોદવા કાગડાને કોદાળીની જરૂર પડી. – ✓

## ૫. ખોટા શબ્દ પર ચેકો મારો

(૧) **કાગડો** / **~~ગ્રીધ~~** ચાંચ ધોવા કૂવા પાસે ગયો.

(૨) **મરગલા** / **~~હાથી~~** ની શિંગડી માટી ખોદવા કામ લાગે.

(૩) કાગડો ઘડુલો લેવા **~~વેપારી~~** / **કુંભાર** પાસે ગયો.

(૪) કાગડો **કૂતરા** / **~~ભેંસ~~** પાસે ગયો.

(૫) મરગલા એટલે **હરણ** / **~~મોર~~**.

## ૬. યોગ્ય જોડકાં જોડો.

| અ | | ઉત્તર | બ |
|---|---|---|---|
| (૧) | કુંભાર – | **ઘડુલો** | (ક) ખાટલો |
| (૨) | લુહાર – | **દાતરડું** | (ખ) ચંપલ |
| (૩) | દરજી – | **કપડાં** | (ગ) દાતરડું |
| (૪) | મોચી – | **ચંપલ** | (ઘ) કપડાં |
| (૫) | સુથાર – | **ખાટલો** | (ચ) ઘડુલો |

**૭. દરેકનાં બે - બે નામ લખો.**

(૧) માટી મળે તે સ્થળ : (૧) **ખેતર** (૨) **ટીંબો**

(૨) પાણી મળે તે સ્થળ : (૧) **તળાવ** (૨) **કૂવો**

(૩) પાઠમાંનાં પ્રાણીઓ : (૧) **હરણ** (૨) **કૂતરો**

(૪) પાઠમાંના કારીગરો : (૧) **કુંભાર** (૨) **દરજી**

(૫) પાઠમાંનાં પ્રવાહી : (૧) **પાણી** (૨) **દૂધ**

**૮. મને ઓળખી મારું નામ લખો.**

(૧) હું માટીમાંથી વાસણ બનાવું છું. : **કુંભાર**

(૨) હું લોખંડમાંથી ઓજારો બનાવું છું. : **લુહાર**

(૩) હું લાકડામાંથી ફર્નિચર બનાવું છું. : **સુથાર**

(૪) હું ચામડામાંથી ચંપલ બનાવું છું. : **મોચી**

(૫) હું કાપડ વણું છું. : **વણકર**

**૯ નીચેના પ્રશ્નોના જવાબ બે - ત્રણ વાક્યોમાં લખો.**

**(૧) કાગડાએ ઘાસ કેવી રીતે કાપ્યું ?**

**ઉત્તરઃ** કાગડાને ઘાસ કાપવા માટે દાતરડું જોઈતું હતું તેથી તે લુહાર પાસે ગયો. લુહારે તેને દાતરડું આપ્યું પછી તે સીમમા ગયો. સીમમાં જઈને તેણે ઘાસ (ખડ) કાપ્યું.

**(૨) કાગડાએ કેવી રીતે કોઠીંબું ખાધું ?**

**ઉત્તરઃ** લુહાર પાસેથી કાગડાએ દાતરડું લીધું. દાતરડું લઈને તે સીમમાં ગયો. સીમ પાસેથી ખડ લીધું. તે ખડ ગાયને ખવરાવ્યું. પછી ગાય પાસેથી દૂધ લઈને કૂતરાને પાયું. કૂતરો મરગલાંને મારવા દોડ્યો એટલે તેણે શિંગડું આપી દીધું. કાગડો શિંગડું લઈ ટીંબે ગયો. ટીંબે તેને માટી આપી. માટી લઈ તેણે કુંભારને આપી, કુંભારે તેને ઘડુલો આપ્યો. ઘડુલો લઈ કૂવે ગયો, ઘડુલાથી પાણી કાઢ્યું. પાણીથી તેણે ચાંચ સાફ કરી પછી તેણે કોઠીંબું ખાધું.

**૧૦. 'હા' કે 'ના' લખો.**

(૧) કાગડો કુહાડી લેવા લુહાર પાસે ગયો. - **હા**

(૨) કાગડો ગાય માટે ખડ લેવા ગયો. - **હા**

(૩) કૂતરાએ મરગલાને માર્યો નહીં. - **હા**

(૪) કૂતરાએ ઘડો કુંભાર પાસેથી લીધો. - **ના**

(૫) કાગડાએ ગાય પાસેથી દૂધ લીધું. - **હા**

## ચાલો, પ્રવૃત્તિ કરીએ :

**૧. વાર્તાના આધારે નીચેના શબ્દોને ક્રમમાં ગોઠવો.**
**(ટીંબો, દૂધ, ખડ, લુહાર, ચાંચ, કાગડો, કૂવો, ઘડુલો, ગાય, પાણી, માટુડી, કોઠીંબું, કુંભાર, મરગલો, શિંગલડી)**

**ક્રમ :** કાગડો, કોઠીંબું, ચાંચ, કૂવો, પાણી, કુંભાર, ઘડુલો, માટુડી, ટીંબો, મરગલો, શિંગલડી, ખડ, દૂધ, લુહાર

**૨. નીચે આપેલ બોક્સમાં કુંભારનું એક વાસણ દોરો.**



## પ્રોજેક્ટવર્ક

**૧. નીચેની કઈ વસ્તુઓ કુંભારના ઘરે જોવા મળે તે શોધીને લખો.**
**(કોડિયું, કોઠી, હાંડી, ડોલ, નાવડી, વાટકો, બતક, કુંજો, થાળી, રામપાતર, કબીરો, હાંડલું, લોટી, કથરોટ, માટલી, પાટિયું, માટલું, દાથડી, દીવી, સુરાહી, કૂંડું, કચરાપેટી, ચાકડો, ચકલાકડી )**

- કોડિયું, કોઠી, હાંડી, તાવડી, વાટકો, બતક, કૂંજો, રામપાતર, કબીરો, હાંડલું, લોટી, કથરોટ, માટલી, પાટિયું, માટલું, દાથડી, દીવી, કૂંડું, ચાકડો, ચકલાકડી

## વિદ્યાર્થીઓ આ એકમમાંથી શું શીખે છે, જાણે છે.

૧. કોઠીંબાના ફળને જૂએ છે, ઓળખે છે.
૨. ખાવા માટે થોડીક મહેનત કરવી પડે છે તે સમજે છે.
૩. કયા કારીગરો શું કામ કરે છે તે જાણે છે.
૪. કુંભારનાં સાધનોને ઓળખે છે.
૫. કુંભાર માટીમાંથી જે વાસણો બનાવે છે તેના નામથી માહિતગાર થાય છે.
૬. દાતરડું કેવું હોય તે જુએ અને જાણે છે.
૭. માટીના કયા વાસણમાં રાંધી શકાય તે જાણે છે.
૮. માટીના કયાં-કયાં વાસણમાં પાણી ભરી શકાય તે જાણે છે.
૯. માટીના નિંભાડા (ભઠ્ઠી)ને જુએ છે, સમજે છે.
૧૦. જીવનમાં માટીના વાસણોનું મહત્ત્વ સમજે છે.
૧૧. શબ્દોનો ક્રમ જાળવવા પ્રયત્ન કરે છે.

# ૧૬. મારું ઘર

**ચર્ચા ✻ કહો ✻ લખો ✻ વિચારો ✻ બનાવો ✻ શોધી કાઢો**

નસીમ શ્રીનગરમાં રહે છે. નસીમની શાળામાં કેમ્પ હતો તેથી ઘણાં બાળકો અઠવાડિયાં સુધી અહીં તંબુમાં રહેશે અને કામ કરશે.

નસીમની શાળા સુંદર શણગારી છે. પ્રથમ દિવસે બધાએ વર્તુળાકારમાં બેસીને પરિચય આપ્યો.

ભૂપેન આસામના મોલનગામથી આવ્યો હતો. ત્યાં જમીનથી ઉપર દસ-બાર ફૂટ ઊંચે મકાન બનાવવામાં આવે છે. ઉપર જવા દાદર હોય છે. જે રાત્રે લઈ લેવામાં આવે છે.

ચમેલી મનાલીથી આવી હતી. મનાલી પર્વતીય પ્રદેશ છે. તેથી ત્યાં મકાનો પથ્થર અને લાકડાના બનાવેલાં છે. મનાલીમાં વરસાદ બહુ પડે છે.

મિતાલી અને અનુજ રાજકોટથી આવ્યાં હતાં. ત્યાં જમીન ઓછી છે માટે ત્યાં બહુમાળી મકાનો છે.

કાશીરામ રાજસ્થાનથી આવ્યો હતો. ત્યાં ગરમી પુષ્કળ પડે છે તેથી ત્યાં મકાનો માટીનાં છે.

બધાં જ બાળકો કાશ્મીર ફરવા જાય છે. દરેકને બદામ અને

ઈલાયચી સાથે કાશ્મીરનું પીણું 'કાહવા' આપવામાં આવે છે. ત્યાં દાલ સરોવરમાં શિકારામાં સહેલ કરે છે.

**● એકમની સમજ આપતી મુખ્ય પ્રશ્નોત્તરી :**

**૧. ભૂપેન જ્યાં રહે છે ત્યાં ઘર કેમ વાંસના થાંભલા ઉપર બનાવાય છે ?**

**ઉત્તર:** ભૂપેન આસામના મોલન ગામમાં રહે છે. ત્યાં વરસાદ ખૂબ જ હોય છે તેથી ત્યાં ઘર વાંસના થાંભલા ઉપર બનાવાય છે.

**૨. ભૂપેનના ઘરનાં છાપરાં કેવાં હોય છે ? તે કેમ એવાં બનાવવામાં આવે છે ?**

**ઉત્તર:** ભૂપેનના ઘરનાં છાપરાં વાંસના હોય છે ત્યાં વરસાદ વધુ પડે છે. માટે.

**૩. ભૂપેનના ઘરમાં પ્રવેશ કરવા શું કરવું પડતું હશે ?**

**ઉત્તર:** ભૂપેનના ઘરમાં પ્રવેશ કરવા દાદરથી ઉપર જવાનું પછી ઘરમાં પ્રવેશ કરવાનો.

**૪. ભૂપેનના ઘરમાં રાત્રે દાદર કેમ લઈ લેવામાં આવતો હશે ?**

**ઉત્તર:** ભૂપેનના ઘરમાં રાત્રે વરસાદના કારણે તથા જંગલી પ્રાણીઓ ઘરમાં ન આવી જાય માટે દાદર લઈ લેવામાં આવે છે.

**૫. પથ્થરનાં ઘર બનાવવામાં શી અગવડ પડે છે ?**

**ઉત્તર:** પર્વતીય વિસ્તારમાં પથ્થર ઉપર લઈ જવા મુશ્કેલી પડે છે. પથ્થરનાં ઘર બનાવનાર કારીગરો ઓછા મળે છે.

**૬. ચમેલીનું ઘર કયા વિસ્તારમાં છે ?**

**ઉત્તર:** ચમેલીનું ઘર મનાલી પર્વતીય વિસ્તારમાં આવેલું છે. આ વિસ્તારના ઉત્તર ભારતનો પહાડી વિસ્તાર ગણાય છે.

**૭. ચમેલી અને ભૂપેનના ઘરના છાપરામાં શી સમાનતા અને તફાવત છે ?**

**ઉત્તર:** ચમેલી અને ભૂપેનના ઘરના છાપરાં ઢોળાવવાળાં અને લાકડાનાં બનેલાં છે. ભૂપેનના ઘરમાં જવા માટે દાદરનો ઉપયોગ થાય છે. ચમેલીના ઘરમાં જવા માટે દાદરનો ઉપયોગ કરવો પડતો નથી. ભૂપેનનું ઘર ઊંચું હોય છે. ચમેલીનું ઘર જમીન ઉપર છે.

**૮. આ વિસ્તારમાં છાપરાં કેવી રીતે ઉપયોગી છે ?**

**ઉત્તર:** આ વિસ્તારમાં છાપરાં લાકડાંના અને વધુ પડતાં ઢાળવાળા રાખવામાં આવે છે. કારણ કે આ વિસ્તારમાં વરસાદ વધુ પડે છે.

**૯. પાકા મકાનમાં રહેવાથી કયા-કયા લાભ થાય છે ?**

**ઉત્તરઃ** પાકા મકાનનું આયુષ્ય વધુ હોય છે. તેમાં હવાઉજાસ, સારાં હોય છે. પાકાં મકાનમાં રહેવાથી ઠંડી અને ગરમીથી રાહત મળે છે. આવા મકાન ખૂબ જ વરસાદમાં પડી જતાં નથી.

**૧૦. બહુમાળી મકાનમાં ઉપર જવા માટે શી વ્યવસ્થા હોય છે ?**

**ઉત્તરઃ** મોટાં મોટાં શહેરોમાં બહુમાળી મકાનો હોય છે. બહુમાળી મકાનોમાં ઉપર જવા માટે વીજળીથી ચાલતી લિફ્ટનો ઉપયોગ થાય છે.

**૧૧. માટીના મકાનમાં રહેનારે શું શું ધ્યાન રાખવું પડે છે ?**

**ઉત્તરઃ** માટીના મકાનમાં રહેનારે ચોમાસામાં તે મકાન પડી જાય તેમ છે કે નહીં તે ધ્યાન રાખવું પડે છે. જંગલીય વિસ્તારોમાં ઝેરી જીવ-જંતુઓ અંદર આવ્યાં છે કે નહીં તેનું ધ્યાન રાખવું પડે છે.

**૧૨. હાઉસબૉટ બીજાં મકાનોથી કેવી રીતે અલગ છે ?**

**ઉત્તરઃ** હાઉસબૉટ એટલે નાવડીમાં બનાવેલું નાનકડું મકાન. આ મકાન નાવડીના કારણે હરતું-ફરતું મકાન કહેવાય છે.

**૧૩. શું તમને હાઉસબૉટમાં બનાવેલા ઘરમાં રહેવું ગમે ? કેમ ?**

**ઉત્તરઃ** હા, હાઉસબૉટમાં બનાવેલા ઘરમાં રહેવાથી દરરોજ પાણીમાં ફરવા જવાની મજા પડે.

## મૂલ્યાંકનલક્ષી વિશેષ પ્રવૃત્તિઓ

**૧. નીચેનાં ચિત્રો ઓળખી તેના નામ લખો.**



ઈગ્લુ



બહુમાળી



તંબુ



ઝૂંપડી



હાઉસબોટ



ભૂંગો

ઈગ્લુ, ભૂંગો, બહુમાળી મકાન, તંબુ, ઝૂંપડી, હાઉસબોટ

૨. **નીચેના પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરી ક્રમ લખો.**

(૧) **ઘરની પાછલી ભીંતને શું કહે છે ?**

(અ) પાવરી (બ) ઘડવી (ક) કટોદાન **(ડ) પછીત**

(૨) **ઢાંકણાવાળા ધાતુના નાના ગોળ પાત્રને શું કહે છે ?**

(અ) તંગૂર (બ) તક્તી **(ક) દાબડી** (ડ) કઢાયું

(૩) **પાણી ગરમ કરવાના સાધનને શું કહેવાય ?**

(અ) ધાણિયો **(બ) ઉનામણું** (ક) દુલિયો (ડ) દસ્તો

(૪) **ગાદી, તકિયાની ખોળને શું કહેવાય ?**

(અ) ઉમાન (બ) ઢાંકણી (ક) ગાડવો **(ડ) ગલેફ**

(૫) **ઊનના મોટા પાથરણાને શું કહે છે ?**

**(અ) ગાલીચો** (બ) ડોયો (ક) કારંજ (ડ) તનિયું

(૬) **ઝીણી વેહની સારણીને શું કહે છે ?**

(અ) બરાસ **(બ) આંક** (ક) કુંડલી (ડ) ગગરો

(૭) **અનાજ ભરવાના મોટા વાસણને શું કહે છે ?**

**(અ) કોઠી** (બ) પાટરડી (ક) ડબડી (ડ) ખલેચી

(૮) **ત્રાજવાના એક છાબડાને શું કહેવાય ?**

(અ) બાજઠ (બ) ગોરસ **(ક) પલ્લું** (ડ) દેગ

૩. **કૌંસમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલીજગ્યા પૂરો.**

(૧) નસીમ **શ્રીનગર**માં રહે છે. (કાશ્મીર, **શ્રીનગર**)

(૨) મનાલી **પર્વતીય** પ્રદેશ છે. (**પર્વતીય**, રણ)

(૩) મિનાલી **રાજકોટ**થી આવી હતી. (**રાજકોટ**, અમદાવાદ)

(૪) અનુજ **રાજકોટ**થી આવ્યો હતો. (વિરમગામ, **રાજકોટ**)

(૫) ભૂપેન આસામના **મોલન** ગામેથી આવ્યો હતો. (**મોલન,** માંડલ)

૪. **નીચે આપેલાં વિધાનો સામે ☑ ખરાં કે ☒ ખોટાંની નિશાની કરો.**

(૧) ચમેલી મનાલીથી આવી હતી. – ☑

(૨) રાજસ્થાનના વિસ્તારોમાં ઘરની દીવાલો જાડી હોય છે. – ☑

(૩) મતાલીમાં ઉનાળામાં ખૂબ જ ગરમી લાગે છે. – ☒

(૪) નાનાં શહેરોમાં બહુમાળી મકાનો વધુ હોય છે. – ☒

(૫) શિકારા દાલ સરોવરમાં જોવા મળતાં નથી. – ☒

## ૫. ખોટા શબ્દ પર ચેકો મારો

(૧) રાજસ્થાનના વિસ્તારોમાં ~~**વધુ**~~ / **ઓછો** વરસાદ પડે છે.

(૨) દાલ સરોવરમાં **નાવડી** / ~~**સ્ટીમર**~~ ના ઘરને શિકારા કહે છે.

(૩) ભૂંગો ~~**ચોરસ**~~ / **ગોળ** હોય છે.

(૪) બહુમાળી મકાનો એટલે ~~**ઓછાં**~~ / **ઘણાં** ઘર.

(૫) **ઝૂંપડી** / ~~**ભૂંગો**~~ ફક્ત લાકડાની જ બનેલી હોય છે.

## ૬. યોગ્ય જોડકાં જોડો.

| | અ | ઉત્તર | બ |
|---|---|---|---|
| (૧) | બરફનું ઘર | **ઇગ્લુ** | (ક) ભૂંગો |
| (૨) | કપડાંનું ઘર | **તંબુ** | (ખ) ઘર જેવી હોડી |
| (૩) | ઘાસનું ઘર | **ભૂંગો** | (ગ) બહુમાળી મકાન |
| (૪) | હોડી ઉપર ઘર | **ઘર જેવી હોડી** | (ઘ) તંબુ |
| (૫) | ઘર ઉપર ઘર ઉપર ઘર | **બહુમાળી મકાન** | (ચ) ઇગ્લુ |

## ૭. દરેકનાં બે - બે નામ લખો.

(૧) ઠંડાં પીણાં બનાવવા વપરાતાં ફળ : (૧) **ઈલાયચી** (૨) **બદામ**

(૨) ભારતના પર્વતીય વિસ્તાર : (૧) **કુલુમનાલી** (૨) **આસામ**

(૩) પાણીમાં આવેલાં ઘર : (૧) **શિકારા** (૨) **ઈગ્લૂ**

(૪) કશ્મીરનાં સરોવરો : (૧) **દાલ** (૨) **વુલર**

(૫) ઘરના પ્રકાર : (૧) **ઝૂંપડી** (૨) **ભૂંગો**

## ૮. મને ઓળખી મારું નામ લખો.

(૧) હું ભારતનું પાટનગર છું. : **દિલ્હી**

(૨) હું બરફનું ઘર છું. : **ઇગ્લુ**

(૩) હું ઘર ચણવાનું કામ કરું છું. : **કડિયો**

(૪) હું ઘરમાં લાકડાનું ફર્નિચર બનાવું છું. : **સુથાર**

(૫) મારે ત્યાં ઘરો લાકડાંનાં બનેલાં છે. : **મનાલી**

## ચાલો, પ્રવૃત્તિ કરીએ :

૧. ચિત્ર જુઓ અને નામ સાથે જોડો (પાઠ્યપુસ્તક પાના નં. ૧૧૧)




૨. તમારા પડોશમાં ઘર જુઓ. તે શાનાં બનેલાં છે ? યાદી બનાવો.

- સિમેન્ટ, રેતી, કપસી, લોખંડ, સિરામિક ટાઈલ્સ, લાકડું

## પ્રોજેક્ટવર્ક

**૧. તમારું ઘર જે વસ્તુથી બનેલું હોય તેની ઉપર ☑ નું નિશાન કરો.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ઘાસ | ☐ | છાણ | ☐ | લાકડું | ☑ |
| સિમેન્ટ | ☑ | કેનવાસ | ☐ | લોખંડ | ☑ |
| પ્લાસ્ટિક | ☐ | ચૂનાના પથ્થર | ☑ | વાંસ | ☐ |
| ઈંટો | ☑ | કાચ | ☐ | પથ્થર | ☑ |

## વિદ્યાર્થીઓ આ એકમમાંથી શું શીખે છે, જાણે છે.

૧. ઘર/મકાનના જુદાં જુદાં પ્રકાર વિશે જાણે છે.
૨. શ્રીનગર, આસામ, મનાલી વિશે રસપ્રદ માહિતી મેળવે છે.
૩. ઘરના જુદા જુદા ભાગોને ઓળખે છે.
૪. ઈગ્લુ એટલે શું તેની જાણકારી મેળવે છે.
૫. બહુમાળી મકાનો કેવાં હોય - ક્યાં હોય ? તે જાણે છે.
૬. શિકારાનો અર્થ સમજે છે.
૭. કાશ્મીરી પીણાં વિશેની માહિતી જાણે છે.
૮. દિલ્હીના પાટનગર અને ત્યાંની ઝૂંપડી વિશે જાણે છે.
૯. રાજસ્થાન વિશે, ત્યાંની ગરમી વિશે જાણે છે.
૧૦. પાણીમાં, બરફમાં ઘર વિશે જાણે છે.
૧૧. ભૂંગો અને તંબુનો તફાવત સમજે છે.
૧૨. હાઉસબૉટ વિશે રસપ્રદ માહિતી જાણે છે.
૧૩. ઘર બનાવવા શું શું જોઈએ તે જાણે છે.
૧૪. ઈંટ બનાવવાનો પ્રયત્ન કરે છે.

# ૧૭. પત્રનો પ્રવાસ

**ચર્ચા ✲ કહો ✲ લખો ✲ વિચારો ✲ બનાવો ✲ શોધી કાઢો**

વડોદરાની શામીરાએ તેના અમદાવાદના મિત્ર સલમાનને પત્ર લખ્યો.

શામીરાએ પત્ર ટપાલપેટીમાં નાખ્યો. ટપાલી સાઈકલ લઈને આવ્યો. તેણે ટપાલપેટીમાંથી કાઢીને પોસ્ટ-ઑફિસ પહોંચાડ્યો. તેના ઉપર છાપ મારવામાં આવી.

લાલ રંગની ટપાલ વિભાગની ગાડીમાં બેગ મારફત અમદાવાદની ટ્રેનમાં મોકલાયો.

## કલા શિક્ષણના અભ્યાસક્રમની રૂપરેખા મુજબ સુઆયોજિત

# અલંકાર ચિત્રપોથીઓ

(Kg.-1 થી ધોરણ 8)




**નોંધપાત્ર વિશેષતાઓ :**

- મોટી સાઇઝની ચિત્રકલામાં મોટા કદમાં ચિત્રો દોરી શકાય તે માટેની પૂરતી જગ્યા.
- શ્રેષ્ઠ ડ્રોઇંગશીટનો ઉપયોગ.
- અનુક્રમણિકના માધ્યમથી અભ્યાસક્રમની સેમેસ્ટર મુજબ ગોઠવણ.
- કેલિગ્રાફીની પ્રેક્ટિસ બાદ જ ચિત્રો દોરાવવાની શરૂઆત.
- સાદા-સરળ ચિત્રોથી શરૂ કરીને કલાત્મક ચિત્રો દોરવાની સફર પૂરી પાડતી ચિત્રકલા.
- ગુણ/ગ્રેડીંગ વડે વિદ્યાર્થીઓનું ઉત્સાહ પ્રેરક મૂલ્યાંકન.
- રંગ મિશ્રણનું માર્ગદર્શન.
- ચિત્રો ઉપરાંત સર્જનાત્મક પ્રવૃત્તિઓનો પણ દરેક ધોરણ પ્રમાણે સમાવેશ.


*Very unique to learn...*

Alankar™
Publication

એક દિવસ પછી અમદાવાદમાં બીજી છાપ મારવામાં આવી ત્યાંથી ટપાલી મારફત મને સલમાનના ઘરે પહોંચાડાયો.

**● એકમની સમજ આપતી મુખ્ય પ્રશ્નોત્તરી :**

**૧. પૉસ્ટ ઑફિસમાં શું શું જોવા મળે છે ?**

**ઉત્તર:** પૉસ્ટ ઑફિસમાં પૉસ્ટ માસ્તર, કલાર્ક, ટપાલી, ટપાલ મૂકવાના ખાખી રંગના થેલાં, છાપ મારવાના સિક્કાઓ, પોસ્ટકાર્ડ, કવર, આંતરદેશીય પત્રો, વજનકાંટો વગેરે જોવા મળે છે.

**૨. શું પૉસ્ટકાર્ડ લખીને વિદેશમાં સંદેશ પહોંચાડી શકાય ?**

**ઉત્તર:** હા, પૉસ્ટકાર્ડ લખીને વિદેશમાં સંદેશ પહોંચાડી શકાય છે.

**૩. પૉસ્ટઑફિસમાં કેવાં કેવાં કામો થાય છે ?**

**ઉત્તર:** પૉસ્ટઑફિસમાં બચતખાતાના, ટપાલના, મનીઑર્ડરથી રૂપિયા મોકલવાના, રજીસ્ટર-ઍડીથી ટપાલ મોકલવાનાં વગેરે કામો થાય છે.

**૪. શામીરાનો પત્ર વડોદરા ટ્રેન દ્વારા પહોંચ્યો. જ્યારે ટ્રેન ન હતી ત્યારે પત્રો કેવી રીતે પહોંચતાં હશે ?**

**ઉત્તર:** જ્યારે ટ્રેન ન હતી ત્યારે એક સ્થળેથી બીજે સ્થળે ટપાલ લાવવાનું અને લઈ જવાનું કાર્ય હલકારા (ટપાલી) કરતા હતા. તેઓ ઘોડા ઉપર અથવા ચાલીને જતા હતા.

**૫. તમે ટેલિફોન કે મોબાઈલ ક્યાં ક્યાં જોયા છે ?**

**ઉત્તર:** અમે ટેલિફોન બુથ ઉપર, ઘરમાં, દુકાનમાં ટેલિફોન જોયા છે. લોકોની પાસે, દુકાનમાં તથા પપ્પા-મમ્મી પાસે મોબાઈલ જોયા છે.

**૬. ટેલિફોન કે મોબાઈલ પર તમે કોની કોની સાથે વાત કરો છો ?**

**ઉત્તર:** ટેલિફોન કે મોબાઈલ પર અમે ઘરના સભ્યો, સગાંવહાલાં અને જરૂરિયાતમંદવાળી વ્યક્તિ સાથે વાત કરીએ છીએ.

**૭. પત્ર લખવો અથવા ફોન કરવો, બંનેમાંથી તમે શું પસંદ કરશો ? કેમ ?**

**ઉત્તર:** ઝડપી જરૂરિયાત હોય તો ફોન કરી શકાય, ધીરજથી સમાચાર મેળવવા હોય તો પત્ર લખી શકાય. છતાં પત્ર લખવો વધુ પસંદ છે.

**૮. ટેલિફોન અને પત્રમાં શું સરખું અને શું જુદું છે ?**

**સરખું:** ટેલિફોનમાં સમાચાર બોલવાથી મળી જાય છે. જ્યારે પત્રમાં લખેલાં સમાચાર વાંચીને મળે છે. બંને દ્વારા સમાચાર પ્રાપ્ત થાય છે.

જુદું : ● ટૅલિફોનને મુસાફરી કરવી પડતી નથી. જ્યારે પત્રને મુસાફરી કરવી પડે છે. ● ટૅલિફોન જુદા જુદા કલરમાં હોય છે, જ્યારે પત્ર એક જ કલરમાં હોય છે. ● ટૅલિફોનમાં છાપ મારવામાં આવતી નથી, જ્યારે પત્રમાં છાપ મારવામાં આવે છે. ● ટૅલિફોન વજનદાર હોય છે, પત્ર હળવો હોય છે. ● ટૅલિફોનિક સમાચાર તરત જ મળે છે, જ્યારે પત્રના સમાચાર તરત મળતાં નથી.

## મૂલ્યાંકનલક્ષી વિશેષ પ્રવૃત્તિઓ

**૧. નીચેનાં ચિત્રોને ઓળખી તેનું નામ લખો.**

|  |  |  |
|---|---|---|
| ટપાલપેટી | પૉસ્ટકાર્ડ | ટિકિટ |
|  |  |  |
| કવર | આંતરદેશીય પત્ર | ટૅલિફોન |

**ટિકિટ, કવર, ટેલિફોન, ટપાલપેટી, પોસ્ટકાર્ડ, આંતરદેશીય પત્ર**

**૨. નીચેના પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરી તેનો ક્રમ લખો.**

**(૧) પૉસ્ટકાર્ડનો રંગ કેવો હોય છે ?**

**(અ) આછો પીળો** (બ) પીળો (ક) સફેદ (ડ) વાદળી

**(૨) પૉસ્ટ ઑફિસમાંથી મળતાં કવરની કિંમત કેટલી હોય છે ?**

**(અ) પાંચ રૂપિયા** (બ) ચાર રૂપિયા

(ક) ત્રણ રૂપિયા (ડ) બે રૂપિયા

**(૩) પૉસ્ટ માસ્તર ક્યાં હોય છે ?**

(અ) બસસ્ટેશન (બ) રેલવેસ્ટેશન

**(ક) પૉસ્ટઑફિસ** (ડ) એરોડ્રામ

(૪) **પૉસ્ટકાર્ડ - કવર ઉપર જે છાપ મારે છે તેનો કલર કેવો હોય છે ?**

(અ) લાલ　　(બ) **કાળો**　　(ક) વાદળી　　(ડ) ભૂરો

(૫) **પૉસ્ટકાર્ડ - કવર ઉપર છાપનો આકાર કેવો હોય છે ?**

**(અ) ગોળ**　　(બ) ચોરસ　　(ક) લંબચોરસ　　(ડ) ત્રિકોણ

## ૩. કૌંસમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલીજગ્યા પૂરો.

(૧) ટપાલપેટીનો રંગ **લાલ** હોય છે. (વાદળી, **લાલ**)

(૨) લખેલા પૉસ્ટકાર્ડમાં પાછળ **સરનામું** લખેલું હોય છે. (**સરનામું**, પંચનામું)

(૩) મોબાઈલનો આકાર **લંબચોરસ** હોય છે. (ચોરસ, **લંબચોરસ**)

(૪) ટપાલીનાં કપડાં **ખાખી** કલરનાં હોય છે. (**ખાખી**, સફેદ)

(૫) પૉસ્ટકાર્ડનો આકાર **લંબચોરસ** હોય છે. (**લંબચોરસ**, ચોરસ)

## ૪. નીચે આપેલાં વિધાનો સામે ☑ ખરાં કે ☒ ખોટાંની નિશાની કરો.

(૧) શામીરા અમદાવાદની હતી. – ☒

(૨) ટપાલપેટીનો આકાર ચોરસ હોય છે. – ☒

(૩) પૉસ્ટકાર્ડનો રંગ નારંગી જેવો હોય છે. – ☒

(૪) આંતરદેશીય પત્રનો રંગ સફેદ હોય છે. – ☑

## ૫. ખોટા શબ્દ પર ચેકો મારો

(૧) સલમાન **અમદાવાદનો** / ~~**વડોદરાનો**~~ હતો.

(૨) પૉસ્ટકાર્ડ **સાદી પેનથી** / ~~**સ્કેચપેનથી**~~ લખાય.

(૩) પૉસ્ટકાર્ડ એ **સંદેશા વ્યવહારનું** /~~**વાહન વ્યવહારનું**~~ સાધન છે.

(૪) મોબાઈલનો નંબર **આઠ** / **દસ** આંકડામાં હોય છે.

(૫) પૉસ્ટકાર્ડની કિંમત **પચાસ પૈસા** / ~~**એક રૂપિયો**~~ છે.

## ૬. યોગ્ય જોડકાં જોડો.

| અ | | ઉત્તર | બ |
|---|---|---|---|
| (૧) પૉસ્ટકાર્ડ | – | **પૉસ્ટ ઑફિસ** | (ક) દુકાન |
| (૨) મોબાઈલ | – | **દુકાન** | (ખ) ડીસ્ક |
| (૩) કમ્પ્યૂટર | – | **માઉસ** | (ગ) સમાચાર |
| (૪) ટીવી | – | **ડીસ્ક** | (ઘ) માઉસ |
| (૫) વર્તમાનપત્ર | – | **સમાચાર** | (ચ) પૉસ્ટ ઑફિસ |

**૭. દરેકનાં બે - બે નામ લખો.**

(૧) ટપાલપેટીમાં હોય તેવી વસ્તુઓ : (૧) **પૉસ્ટકાર્ડ**
(૨) **કવર**

(૨) પૉસ્ટકાર્ડ પહોંચાડતાં વાહનો : (૧) **સાઈકલ**
(૨) **પૉસ્ટનો ડબો**

(૩) સામસામે વાતચીત કરવાનાં સાધનો : (૧) **મોબાઈલ**
(૨) **ટૅલિફોન**

(૪) પૉસ્ટઑફિસમાંથી મળતી વસ્તુઓ : (૧) **કવર**
(૨) **આંતરદેશીય**

(૫) પૉસ્ટકાર્ડમાં વડીલો માટે લખાતા માનવાચક શબ્દો : (૧) **માનનીય**
(૨) **શ્રીમાન**

**૮. મને ઓળખી મારું નામ લખો.**

(૧) મને લોકો લાલ રંગની ગોળ પેટીમાં નાખે છે. **- પૉસ્ટકાર્ડ, કવર**

(૨) હું પૉસ્ટઑફિસનો વડો છું. **- પૉસ્ટમાસ્તર**

(૩) હું દૂરની એક બીજી વ્યક્તિ સાથે વાત કરવાનું સાધન છું. **- મોબાઈલ, ટૅલિફોન**

(૪) હું ટપાલ વહેંચવાનું કામ કરું છું. **- ટપાલી (પૉસ્ટમેન)**

(૫) ઘણાં વરસ પહેલાં મારે ત્યાં ટકટક કરતું તારનું મશીન હતું. **- તાર ઑફિસ**

**૯. તફાવતના બે - બે મુદ્દાઓ લખો.**

| ટૅલિફોન | પત્ર |
|---|---|
| ૧. દૂરની વ્યક્તિ સાથે વાતચીત કરવા માટે ઉપયોગ થાય છે. | ૧. દૂરથી સમાચાર લખીને માહિતી મેળવી શકાય છે અને માહિતી પહોંચાડી શકાય છે. |
| ૨. સંદેશા વ્યવહારનું ઝડપી સાધન છે. | ૨. સંદેશાવ્યવહારનું ધીમું સાધન છે. |

## ચાલો, પ્રવૃત્તિ કરીએ :

૧. પૉસ્ટકાર્ડનું ચિત્ર દોરો.



૨. ટપાલપેટીનું ચિત્ર દોરો.



## પ્રોજેક્ટવર્ક

૧. નીચેનાં ચિત્રોમાં પત્રની મુસાફરી આપેલ છે. અહીં ચિત્રો ક્રમ મુજબ નથી. તેને યોગ્ય ક્રમમાં ગોઠવો. (યોગ્ય ક્રમ ગોઠવવા માટે વર્તુળમાં ક્રમ નંબર લખો.)




૨. તમે જોયેલાં મોબાઈલનું અને ટપાલપેટીનું ચિત્ર દોરો અને તેમાં રંગ પૂરો.





## વિદ્યાર્થીઓ આ એકમમાંથી શું શીખે છે, જાણે છે.

૧. પૉસ્ટકાર્ડ, કવર, આંતરદેશીય પત્રને નજરે જુએ છે અને તેની કિંમતને જાણે છે.
૨. પૉસ્ટઑફિસમાં કયાં કયાં કામ થાય છે તેનાથી માહિતગાર બને છે.
૩. ટપાલી કયાં કયાં કામ કરે છે તે જાણે છે.
૪. પૉસ્ટકાર્ડ, કવર, આંતરદેશીય પત્ર ઉપરની છાપને વાંચે-સમજે છે.
૫. ટપાલપેટીને જુએ છે અને ટપાલના રંગને આકારને ઓળખે છે.
૬. ટેલિફોન-મોબાઈલ જુદા જુદા હોય તે જાણે છે.
૭. ટેલિફોન-મોબાઈલથી થતાં કામોને જાણે છે.
૮. ટેલિફોન-મોબાઈલથી વાતચીત કરવાનો અનુભવ કેળવે છે.
૯. ટેલિફોન - પત્રના તફાવતને સમજે છે.
૧૦. ટિકિટ વિશે અવનવું જાણે છે.
૧૧. પૉસ્ટઑફિસમાં વજનકાંટાને ઓળખે છે.
૧૨. પત્ર ઉપર લગાવવાના સિક્કાના આકાર અને તેની સહી વિશે જાણે છે.

# ૧૮. રમતાં રમતાં

**ચર્ચા ✻ કહો ✻ લખો ✻ વિચારો ✻ બનાવો ✻ શોધી કાઢો**

નંદિતા, અવંતિકા, કાકી, રજત અને બીજાં બાળકો પગથિયાંની રમત રમતાં હતાં.

રમતમાં ઠીકરું ખાનામાં નાખવાનું હોય છે. ઠીકરું લેવા એક ખાનું મૂકી બીજા ખાનામાં એક પગે કૂદીને પગ મૂકવાનો હોય છે.

જ્યાં ૪-૫ અને ૭-૮ લખ્યું છે ત્યાં જ કૂદનાર બંને પગ મૂકી શકે છે. આ રમત રમનાર ક્યારેક આઉટ પણ થઈ જાય છે.

કાકી આ રમત ઉંમરના કારણે રમી શકતાં નથી. તેઓ નાના હતા ત્યારે સંતાકૂકડી, સંતોડિયું, કબડ્ડી, લખોટીઓ, ગિલ્લીદંડા અને બીજી ઘણી બધી રમતો રમતાં હતાં.

ચેસ (શતરંજ) ઘર ઘર, ઢીંગલા-ઢીંગલીની રમતો ઘરમાં બેસીને રમી શકાય છે.

## • એકમની સમજ આપતી મુખ્ય પ્રશ્નોત્તરી :

**૧. તમે કઈ કઈ રમત રમો છો ?**

**ઉત્તર:** અમે લંગડી, એકી-બેકી, સંતાકૂકડી, સાપસીડી, ચેસ, નેપોલીયન, પગથિયાં, કબડ્ડી, આંધળોપાટાની રમત રમું છું.

**૨. દડાથી રમી શકાય એવી કેટલી રમતો તમે જાણો છો ? તેમનાં નામ દડામાં લખો.**

**ઉત્તર:** દડાથી રમી શકાય તેવી રમતો ક્રિકેટ, ફૂટબૉલ, બાસ્કેટ બૉલ વગેરે છે.

**૩. શું તમે લજ્જા ગોસ્વામી વિશે સાંભળ્યું છે ? તે કઈ રમત રમે છે? રમત શોધી કાઢો અને તેનું નામ લખો. :**

**ઉત્તર:** લજ્જા ગોસ્વામીનો જન્મ ૨૮ સપ્ટેમ્બર ૧૯૮૮ માં જીટોડિયા (આણંદ)માં થયો હતો. તેણે રાઈફલ શૂટીંગમાં કોમનવેલ્થ ગેમ્સમાં નવી દિલ્હી ખાતે સિલ્વર મૅડલ ઇ.સ. ૨૦૧૦ માં મેળવ્યો. બીજો કાંસ્ય ચંદ્રક ૨૦૧૪ માં વર્લ્ડકપ ૨૦૧૩ માં સિલ્વર (સ્ટેજ) ઈન્ટરનેશનલ ગોલ્ડ ૨૦૧૫ માં (જર્મની) મેળવ્યો. જે હાલ પોલીસ ઈન્પેક્ટરના હોદ્દા ઉપર છે.

**૪. બીજી કઈ કઈ રમતો તમને વધુ પસંદ છે ?**

**ઉત્તર:** બીજી ઘણી રમતો જેવી કે સંતોડિયું, કુસ્તી, સાતતાળી, કૅરમની રમતો મને વધુ પસંદ છે.

**૫. વિચારો અને લખો.**

કાચના એ કંચા નાનાં,
જે જીતે એ રહે ન છાનાં;
જે કંચાને તાકી જાય,
એ વિજેતા જાહેર થાય.

પગથિયાં

સફેદ કાળા પાટિયા પર,
રાજા-રાણીને ઘોડો છે.
નાના-મોટા સૈનિકો અનેક,
મગજ વાપરે તે થાય છે એક્કો.

ચેસ

બેટ-બૉલથી રમી શકાય,
દોડવાથી પણ રન બની જાય.
ચોગ્ગા અને છગ્ગાના રન મળે,
રન મળે તો શતક બને.

ક્રિકેટ

જો સાપ પર તમે આવી જાવ,
આનાથી તો ન ગભરાવ.
રમતમાં સીડી પણ આવી જાય,
તુરંત આગળ પહોંચી શકાય.

સાપસીડી

તેને પાંખો નથી પણ ઊડી શકે,
દૂર-દૂર સુધી એ જઈ શકે.

પતંગ

**૬. રમત રમવા ઉપરાંત તમે બીજું શું કરો છો ?**

**ઉત્તરઃ** રમત રમવા ઉપરાંત હું ટીવી જાઉં છું, રેડિયો સાંભળું છું, ઘરકામમાં, નાના-નાના કામમાં મદદરૂપ બનું છું.

## મૂલ્યાંકનલક્ષી વિશેષ પ્રવૃત્તિઓ

**૧. નીચે આપેલાં ચિત્રોને ધ્યાનથી જુઓ. તે ચિત્ર કઈ રમતનું છે તે લખો.**

|  |  |  |  |
|---|---|---|---|
| **બાસ્કેટ બૉલ** | **ક્રિકેટ** | **ખો-ખો** | **ફૂટબૉલ** |

**ફૂટબૉલ, ખો-ખો, ક્રિકેટ, બાસ્કેટ બૉલ**

**૨. નીચેના પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરી તેનો ક્રમ લખો.**

**(૧) માટીનું ગોળ ઠીકરું કઈ રમતમાં હોય છે ?**

(અ) આંધળોપાટો (બ) ચોપાટ

**(ક) પગથિયાં** (ડ) સંતોડિયું (સાતોલિયું)

**(૨) ગિલ્લી કઈ રમતમાં હોય છે ?**

**(અ) ગિલ્લીદંડો** (બ) કબડ્ડી (ક) ચોપાટ (ડ) આંધળોપાટો

**(૩) પ્યાદાં કઈ રમતમાં હોય છે ?**

(અ) ચોપાટ **(બ) શતરંજ** (ક) કેરમબૉર્ડ (ડ) ગિલ્લીદંડો

**(૪) ચેસનું બીજું નામ શું છે ?**

(અ) આંધળો પાટો (બ) કેરમબૉર્ડ (ક) ચોપાટ **(ડ) શતરંજ**

**૩. કૌંસમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલીજગ્યા પૂરો.**

(૧) **ચેસ** રમત રાજાઓ રમતા હતા. (**ચેસ,** કેરમ)

(૨) જુદાં જુદાં ઝાડ ઉપર ચડવા-ઊતરવાની રમત **આંબલી-પીપળી** છે. (**આંબલી-પીપળી,** ઈલ્લાઈલ્લી)

(૩) રમવાના કૂકાને **પાંચીકો** કહે છે. (મંજો, **પાંચીકો**)

(૪) આટિયો-પાટિયો એ **રમત** છે. (દાવ, **રમત**)

(૫) **ક્રિકેટ** ભારતમાં લોકપ્રિય રમત છે. (ગિલ્લી-દંડો, **ક્રિકેટ**)

**૪. નીચે આપેલાં વિધાનો સામે ☑ ખરાં કે ☒ ખોટાંની નિશાની કરો.**

(૧) હબૂક પોળી દાવ છે. – ☒

(૨) સાતતાળી બેસીને રમવાની રમત છે. – ☑

(૩) આકાશચલ્લી મદારીની રમત છે. – ☑

(૪) ગલગલામણી એક રમતનું નામ છે. – ☑

**૫. ખોટા શબ્દ પર ચેકો મારો**

(૧) **સોલો** / ~~**ઓલો**~~ પત્તાની રમત છે.

(૨) સંતાકૂકડી, આંખમિચોલી બંને રમત **એક** / ~~**જુદી જુદી**~~ છે.

(૩) ટપલાંબાજીની રમતને **ઢાંકપિછોડો** / ~~**એકલંગા**~~ કહે છે.

(૪) આદમજીનો કોરડો એ ~~**દાવ**~~ / **રમત** છે.

(૫) ~~**ક્રિકેટ**~~ / **ફૂટબૉલ** ની રમતમાં દડો મોટો હોય છે.

**૬. યોગ્ય જોડકાં જોડો.**

| | અ | | ઉત્તર | | બ |
|---|---|---|---|---|---|
| (૧) | એક પગ ઊંચે રાખવાની રમત | – | **લંગડી** | (ક) | સાતતાળી |
| (૨) | સંતાઈ જવાની રમત | – | **સંતાકૂકડી** | (ખ) | પગથિયાં |
| (૩) | દોડીને રમવાની રમત | – | **સાતતાળી** | (ગ) | લંગડી |
| (૪) | પત્તાંની રમત | – | **નેપોલિયન** | (ઘ) | સંતાકૂકડી |
| (૫) | બે પગ એકસાથે ચોરસમાં મૂકવાની રમત | – | **પગથિયાં** | (ચ) | નેપોલિયન |

**૭. દરેકનાં બે - બે નામ લખો.**

(૧) ઘરમાં રમવાની રમતો : (૧) **ચેસ** (૨) **નેપોલિયન**

(૨) ઘરની બહાર રમવાની રમતો : (૧) **લંગડી** (૨) **કબડ્ડી**

(૩) જૂથમાં રમવાની રમતો : (૧) **સાતતાળી** (૨) **સંતાકૂકડી**

(૪) દડાથી રમવાની રમતો : (૧) **ક્રિકેટ** (૨) **ફૂટબૉલ**

(૫) સંતાવાની રમતો : (૧) **સંતાકૂકડી** (૨) **આંધળોપાટો**

**૮. મને ઓળખી મારું નામ લખો.**

(૧) મારી રમતમાં ખાનાં અને ઠીકરું આવે છે. : **પગથિયાં**

(૨) મારી રમતમાં દાવ દેનાર આંખો બંધ રાખે છે. : **સંતાકૂકડી**

(૩) મારી રમતમાં ઘણાં સાપનું ચિત્ર આવે છે. : **સાપસીડી**
(૪) હું બેટ-બૉલથી રમાતી રમત છું. : **ક્રિકેટ**
(૫) હું ગિલ્લી અને દંડાથી રમાતી રમત છું. : **ગિલ્લી-દંડો**

**૯. નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.**

**૧ અવંતિકા અને નંદિની કઈ રમત રમતાં હતાં ?**

**ઉત્તર:** અવંતિકા અને નંદિની પગથિયાંની રમત રમતાં હતાં.

**૨. વડીલોને પૂછો જ્યારે તેઓ બાળક હતાં ત્યારે કઈ રમતો રમતાં હતાં ?**

**ઉત્તર:** વડીલો જ્યારે બાળક હતાં ત્યારે નાગોરિયો, આંખમિંચામણાં, અડીદડી, ગાળિયાગોટીની રમત રમતાં હતાં.

**૩. તમને આવડતી રમતોનાં નામ લખો.**

**ઉત્તર:** અમને સાતતાળી, સાપસીડી, લંગડી, આંધળોપાટો, સંતાકૂકડી ચોપાટની રમતો આવડે છે.

**૧૦. યાદ કરો અને લખો. (શું તમે તમારા કુટુંબના સભ્યો સાથે રમત રમો છો ?)**

| ક્રમ | કુટુંબના સભ્યો | રમતનું નામ |
|---|---|---|
| ૧ | અંજની, ધ્વનિ, કૃપા, ક્રિષ્ના, બંસી | નેપોલિયન |
| ૨ | ધવલ, હિમાંશુ | ચેસ |
| ૩ | શ્વેતા, આશા, પ્રભા, શોભના | ચોપાટ |
| ૪ | વજુદાદા, રતિદાદા | કેરમ |

## ચાલો, પ્રવૃત્તિ કરીએ :

**૧. નીચે આપેલા કોષ્ટકમાં પાઠમાં આપેલી બધી રમતોનાં નામ લખો. જે રમતો ઘરમાં રમાતી હોય તેની સામે ⬆ દોરો. જે રમતો ઘરની બહાર રમાતી હોય તેની સામે ⬇ દોરો. અને હા, રમત રમવા જોઈતા ખેલાડીઓની સંખ્યા પણ લખવાનું ભૂલશો નહીં. જો બીજી વસ્તુઓ રમત માટે જરૂરી હોય તો નામ પણ લખો.**

| ક્રમ | પાઠમાં દર્શાવેલ રમતો | ⇧ઘરમાં / બહાર⇩ | ખેલાડીઓની સંખ્યા | જોઈતી વસ્તુઓ |
|---|---|---|---|---|
| ૧ | ચેસ | ⇧ | ૨ | ચેસનાં પ્યાદાં, પૂંઠું ચેસનું |
| ૨ | કેરમ | ⇧ | ૪ | કેરમબૉર્ડ |
| ૩ | પગથિયાં | ⇩ | ૨ | ઠીકરું |
| ૪ | ગિલ્લી-દંડો | ⇩ | ૨ | ગિલ્લી-દંડો |
| ૫ | નેપોલિયન | ⇧ | ૨ | ગંજીફાનાં પત્તાં |
| ૬ | આંખમિંચોલી | ⇧ | ૮ | --- |

**૨. ગમે તે એક રમતનું ચિત્ર દોરો.**



## પ્રોજેક્ટવર્ક

**૧. તમારા વિસ્તારના કોઈ પ્રખ્યાત રમતવીરને જાણો છો ? ‘હા’ તો તેઓનું નામ અને રમત વિશે લખો.**

ચેસ (શતરંજ) રમતવીર - અનેરી-પ્રાણજીવનભાઈ પટેલને ઓળખું છું તે મૂળ જાદવપુરા (તા.કડી) ગામની છે. ગુજરાત લેવલે તે પ્રથમ નંબરે વિજેતા બની. હાલ તે બી.એસ.સી.માં કડી ખાતે એસ.વી.કોલેજ-માં અભ્યાસ કરે છે. અનેરી ખરેખર ગુજરાતનું ગૌરવ છે.

## વિદ્યાર્થીઓ આ એકમમાંથી શું શીખે છે, જાણે છે.

૧. જુદી જુદી રમત રમતાં શીખે છે. ૨. નવી રમતોના નામ જાણે છે.

૩. જૂથમાં રમવાની રમતોના નામને જાણે છે.

૪. સમૂહભાવના કેળવતાં શીખે છે.

# ૧૯. આપણાં સાથી

**ચર્ચા ✲ કહો ✲ લખો ✲ વિચારો ✲ બનાવો ✲ શોધી કાઢો**

છતના પંખાથી પંખી અથડાયું અને નીચે પડ્યું, પિટરે તરત જ પકડી લીધું. નવજોત અને હરભજને તરત પાણી પીવડાવ્યું. થોડીકવાર પછી તે ઊડી ગયું.

શંકરના વાડામાં બિલાડીએ ચાર નાનાં બચ્ચાંને જન્મ આપ્યો. થોડાક દિવસ પછી બિલાડીના રડવાનો અવાજ શંકરે સાંભળ્યો તે દોડીને વાડામાં ગયો. તો તેણે જોયું તો ત્રણ જ બચ્ચાંને બિલાડી રમાડી રહી હતી.

મીનુની ગાયનું નામ ગંગા હતું. એક દિવસ સ્કૂટર ગંગા સાથે અથડાયું, ગંગા ઘાયલ થઈ ગઈ.

**● એકમની સમજ આપતી મુખ્ય પ્રશ્નોત્તરી :**

**૧. નીચેનાં વાક્યોને યોગ્ય ક્રમમાં ગોઠવો.**

| | |
|---|---|
| ૫ | (૧) પંખી ઊડી ગયું. |
| ૧ | (૨) પંખીને પંખાથી ઈજા થઈ હતી. |
| ૨ | (૩) પિટરે પ્રેમથી પંખી ઉપર હાથ ફેરવ્યો. |
| ૪ | (૪) બાળકોએ પંખીને વર્ગખંડમાં ફરતું જોયું. |
| ૩ | (૫) નવજોત અને હરભજન જલદીથી વાટકામાં પાણી લઈ આવ્યા. |

**૨. બિલાડીનો અવાજ કેવો હોય છે ?**

**ઉત્તર:** બિલાડીનો અવાજ મ્યાઉં...મ્યાઉં હોય છે.

**૩. તમને કયા પ્રાણી ગમે છે ? કેમ ?**

**ઉત્તર:** મને બિલાડી, કૂતરો વગેરે પ્રાણી ગમે છે. બિલાડી ઘરમાંથી ઉંદરનો ત્રાસ દૂર કરે છે. કૂતરો ઘરની ચોકી કરે છે.

**૪. ગંગા સાથે સ્કૂટર અથડાયું તો મીનુના કુટુંબના લોકો શું કરશે ?**

**ઉત્તર:** ગંગા (ગાય) સાથે સ્કૂટર અથડાયું તો મીનુના કુટુંબના લોકો તરત જ પશુઓના ડોક્ટરને બોલાવશે.

**૫. ચંદુ તેના ગધેડા માટે શું શું કરે છે ?**

**(અ) ચંદુ તેના ગધેડાને સ્નાન કરાવે છે.**

(બ) ચંદુ તેના ગધેડાને ખવડાવે છે.

(ક) ચંદુ તેના ગધેડાને લીલા ચણા ખવડાવે છે.

(ડ) ચંદુ તેના ગધેડાની ડોકે ફૂલનો હાર પહેરાવે છે.

**૬. તમારા ઘર કે પડોશમાં કોઈને ત્યાં પાલતુ પ્રાણી છે ? કયું ?**

**ઉત્તર:** અમારા પડોશમાં લક્ષ્મણભાઈને ત્યાં પાલતું પ્રાણી કૂતરો છે.

**૭. તમારાં પાલતુ પ્રાણીનું નામ શું છે ?**

**ઉત્તર:** અમારાં ઘરમાં પાલતું પ્રાણી કૂતરો છે. તેને અમે લાડથી મોન્ટુ કહીએ છીએ.

**૮. તમે તમારા પાલતું પ્રાણી માટે શું કરો છો ? જણાવો.**

**ઉત્તર:** તે ભૂખ્યું હોય ત્યારે ખવડાવીએ છીએ. કોઈ એને ખીજવે તો તેને ધીમેથી શાંત પાડીએ છીએ. ઈજાગ્રસ્ત થાય તો તરત જ પશુઓના ડોક્ટર પાસે લઈ જઈએ છીએ. ઠંડી કે ગરમી અનુભવે તો ઠંડીમાં જૂનો ધાબળો ઓઢાડીએ છીએ અને ગરમીમાં ઈલેક્ટ્રિક પંખો તેની પાસે મૂકીએ છીએ.

**૯. ઘણાં લોકો પાલતું પ્રાણી રાખે છે. તેમનું ધ્યાન પણ રાખે છે નીચે કોષ્ટકમાં પ્રાણીઓનાં નામ આપ્યાં છે તેની વિગત લખો.**

| પ્રાણીનું નામ | આપણે તેને કેમ રાખીએ છીએ |
|---|---|
| કૂતરો | તે ઘરની ચોકી કરી છે. |
| ગાય | તે દૂધ આપે છે. |
| બળદ | તે ગાડું ખેંચે છે. |
| બિલાડી | તે ઘરના ઉંદરનો નાશ કરે છે. |
| મરઘી | તે ઘરની આજુબાજુની જીવાંત ખાઈ જાય છે. |
| માછલી | તે ઘરનું સુશોભન વધારે છે. |
| ઘોડો | આપણે સવારી માટે તેને ખૂબ પસંદ કરીએ છીએ. |
| મધમાખી | તે આપણને મધ આપે છે. |

**૧૦. માનવી અને પ્રાણીઓને જરૂરી છે એવી ત્રણ વસ્તુનાં નામ લખો.**

| **માનવીને ઉપયોગી** | **પ્રાણીને ઉપયોગી** |
|---|---|
| ૧. રહેવા માટે ઘર | ૧. રહેવા માટે ઘર |
| ૨. જીવન ટકાવવા ખોરાક | ૨. જીવન ટકાવવા ખોરાક |
| ૩. હવા | ૩. હવા |

**૧૧. તમે કોઈ પ્રાણીને ખવડાવ્યું છે ?**

**ઉત્તરઃ** હા, મેં કૂતરાને, બિલાડીને, ગાયને, ખિસકોલીને ખવડાવ્યું છે.

**૧૨. કોઈ પ્રાણી કે પંખીએ તમારો ખોરાક ખાઈ લીધો હોય તો તે અંગે લખો.**

**ઉત્તરઃ** હું નાનો બે વર્ષનો હતો ત્યારે ઘરના આંગણાંમાં બેસીને પૂરી ખાતો હતો ત્યારે અચાનક કાગડો આવ્યો અને મારા હાથમાંથી પૂરી લઈ ગયો.

**૧૩. પંખીઓને શું - શું ખવડાવી શકાય ?**

**ઉત્તરઃ** પંખીઓને જુવાર, બાજરી, ઘઉં, મકાઈ, મગ, ચોખા, મગદાળ વગેરે ખવડાવી શકાય.

**૧૪. તમે કયા પંખીઓને શું ખવડાવ્યું ?**

**ઉત્તરઃ** કબૂતરને મગ, ચકલીને બાજરી, કાબરને જુવાર, પોપટને મરચું મેં ખવડાવ્યું છે.

**૧૫. બાળકો સૌથી વધુ ક્યાં પંખીને ખવડાવે છે ?**

**ઉત્તરઃ** બાળકો સૌથી વધુ ચકલી, કબૂતર તથા મોરને ખવડાવે છે.

**૧૬. તમારી પાસે યાદીમાં આ નામ છે. શોધો તે શું ખાય છે ?**

**ઉંદર** : રોટલી, રોટલા, અનાજના દાણાં

**વંદો** : નાનાં જીવજંતુઓ

**ભૂંડ** : રોટલી, રોટલો, એંઠવાડ

**ચામાચીડિયું** : નાનાં જીવજંતુઓ, પતંગિયાં, ઈયળ

**કાગડો** : માંસ, રોટલી, રોટલાના કટકા, એંઠવાડ, ભાત, ખીચડી

**ખિસકોલી** : અનાજના દાણાં.

**વાંદરો** : રોટલી, રોટલો, ઝાડનાં પાંદડાં, ટેટાં

**કરોળિયો** : નાનાં જીવ-જંતુઓ, ઈયળ, માખી

**ગરોળી** : જીવજંતુ, માખી, મચ્છર, ઈયળ

# મૂલ્યાંકનલક્ષી વિશેષ પ્રવૃત્તિઓ

**૧. નીચે આપેલાં પ્રાણીઓનાં ચિત્રોને ઓળખી તેનું નામ લખો.**

| | | | |
|---|---|---|---|
|  |  |  |  |
| **સમડી** | **બકરી** | **ગાય** | **બળદ** |
|  |  |  |  |
| **ભેંસ** | **ઊંટ** | **વાંદરો** | **ઘોડો** |

**ઘોડો, સમડી, ગાય, બકરી, વાંદરો, ઊંટ, બળદ, ભેંસ**

**૨. નીચેના પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરી તેનો ક્રમ લખો.**

**(૧) નીચેનામાંથી કયું પ્રાણી ખેતીકામમાં ઉપયોગી છે ?**
(અ) ગાય (બ) ઘોડો (ક) ભૂંડ **(ડ) બળદ**

**(૨) નીચેનામાંથી કયું પ્રાણી ઉંદરનું દુશ્મન છે ?**
**(અ) બિલાડી** (બ) ભૂંડ (ક) કૂતરો (ડ) બકરી

**(૩) ગાયના બચ્ચાંને શું કહેવાય ?**
(અ) ખોલકું (બ) ગલુડિયું **(ક) વાછરડું** (ડ) પાડરું

**(૪) શંકરે વાડામાં બિલાડીનાં કેટલાં બચ્ચાં જોયાં ?**
**(અ) ચાર** (બ) ત્રણ (ક) બે (ડ) પાંચ

**(૫) નીચેના કયા પ્રાણીના શરીરે ચટા-પટા હોય છે ?**
(અ) ઊંટ **(બ) બિલાડી** (ક) ભેંસ (ડ) બળદ

**૩. કૌંસમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલીજગ્યા પૂરો.**

(૧) **પિટરે** પ્રેમથી પંખી ઉપર હાથ ફેરવ્યો. (**પિટરે**, નવજોતે)

(૨) શંકરના વાડામાં **બિલાડી**નાં ચાર બચ્ચાં હતાં. (**બિલાડી**, કૂતરી)

(૩) સ્કૂટર **ગંગા**ની સાથે અથડાયું. (**ગંગા**, જમના)

(૪) **ચિત્તો** સૌથી ઝડપી દોડતું પ્રાણી છે. (**ચિત્તો**, શિયાળ)

(૫) મરઘીનાં બચ્ચાંને **પિલું** કહે છે. (ઝીલું, **પિલું**)

૪. **નીચે આપેલાં વિધાનો સામે ☑ ખરાં કે ☒ ખોટાંની નિશાની કરો.**

(૧) બાજપક્ષી બીજાં પક્ષીઓનો શિકાર કરતું નથી. – ☒

(૨) કોયલડીના નરને કોકિલ કહે છે. – ☑

(૩) કાકાકૌવા શાહમૃગ જેવું પંખી છે. – ☒

(૪) પોપટના ગળે કાંઠલો હોય છે. – ☑

(૫) હોલાના ગળે કાંઠલો હોતો નથી. – ☒

૫. **ખોટા શબ્દ પર ચેકો મારો**

(૧) વહેલી સવારે બોલતું પંખી **~~કાગડો~~** / **કૂકડો** છે.

(૨) **રામાયણમાં** / **~~મહાભારતમાં~~** જટાયુ પક્ષીનું નામ છે.

(૩) ઘુવડ પંખીની આંખો **~~નાની~~** / **મોટી** હોય છે.

(૪) ચકલો અને ચકલી પક્ષી **સાથે** / **~~જુદાં~~** રહે છે.

(૫) **સારસ** / **~~મોરબાજ~~** પંખીની જોડ વખણાય છે.

૬. **યોગ્ય જોડકાં જોડો.**

| | અ | ઉત્તર | | બ |
|---|---|---|---|---|
| (૧) | પક્ષીરાજ | **ગરુડ** | (ક) | કબૂતર |
| (૨) | રંગબેરંગી પંખી | **મોર** | (ખ) | દેવચકલી |
| (૩) | વજનદાર પંખી | **શાહમૃગ** | (ગ) | શાહમૃગ |
| (૪) | ચકલી જેવું પંખી | **દેવચકલી** | (ઘ) | મોર |
| (૫) | શાંતિનો સંદેશ આપતું પંખી | **કબૂતર** | (ચ) | ગરુડ |

૭. **દરેકના બે - બે નામ લખો.**

(૧) માળામાં રહેતાં પંખી : (૧) **કબૂતર** (૨) **ચકલી**

(૨) માળામાં ન રહેતાં પંખી : (૧) **કાબર** (૨) **શાહમૃગ**

(૩) વાડામાં રહેતાં પ્રાણી : (૧) **ગાય** (૨) **બકરી**

(૪) વાડામાં ન રહેતાં પ્રાણી : (૧) **ઊંટ** (૨) **જિરાફ**

(૫) પાળી ન શકાય તેવાં પ્રાણી : (૧) **વાઘ** (૨) **રીંછ**

૮. **મને ઓળખી મારું નામ લખો.**

(૧) હું ઘરમાં છાનુંમાનું દૂધ પી જતું પ્રાણી છું. : **બિલાડી**

(૨) મારી પૂછડી વાંકી છે હું ઘરની ચોકી કરું છું. : **કૂતરો**

(૩) હું ખૂબ ઊંચું પ્રાણી છું, મારા શરીરે ચટાપટા છે. : **જિરાફ**

(૪) હું રણમાં દોડતું પ્રાણી છું. : **ઊંટ**

(૫) મારા બચ્ચાને ગલુડિયું કહે છે. : **કૂતરી**

**૯. નીચેના પ્રશ્નોના જવાબ બે - ત્રણ વાક્યોમાં લખો.**

**(૧) કોઈ પ્રાણીને ખવડાવતાં તમે જોયાં છે ? તમે જે પ્રાણીને ખવડાવ્યું હોય તેનું નામ તેને શું ખવડાવ્યું ?**

(૧) **કૂતરો** : રોટલી, રોટલો, બિસ્કીટ, ભાત.

(૨) ગાય : ઘાસ, રોટલી, રોટલો, કેરીની છાલ

## ચાલો, પ્રવૃત્તિ કરીએ :

**૧. કોણ શું ખાય છે ? જુદા જુદા રંગની લાઈન દોરીને જોડો.**




**૨. કૂતરો અને વાંદરાની પૂછડી દોરો.**






## પ્રોજેક્ટવર્ક

### ૧. નીચેનું કોષ્ટક વાંચી તેમાં પ્રાણીઓનાં નામ લખો

| ક્રમ | તમે અડક્યા છો ? (પ્રાણીનાં નામ) | તમે અડક્યા નથી પણ અડી શકો છો. | તમે અડી શકતાં નથી. |
|---|---|---|---|
| ૧ | બિલાડી | ભેંસ | વાઘ |
| ૨ | કૂતરો | હરણ | સિંહ |
| ૩ | ગાય | ગધેડો | ચિત્તો |
| ૪ | ભેંસ | ઊંટ | રીંછ |
| ૫ | બકરી | ઉંદર | હિપોપોટેમસ |

### વિદ્યાર્થીઓ આ એકમમાંથી શું શીખે છે, જાણે છે.

૧. પ્રાણીઓની ખાસિયતો તથા નાના-મોટા પ્રાણીઓના ખોરાક અને તેનાં રહેઠાણ વિશે જાણે છે.
૨. જીવ-જંતુઓના ખોરાક વિશે જાણે છે.
૩. પાળી (પાલતુ પ્રાણી) શકાય તેવાં પ્રાણીઓને ઓળખે છે.
૪. ન પાળી શકાય તેવાં પ્રાણીઓના નામને જાણે છે.
૫. લુપ્ત તથા પ્રાણીઓ વિશે તથા ઘાયલ પંખી-પ્રાણીની કઈ રીતે સારવાર આપી શકાય તે જાણે છે.
૬. પ્રાણીઓનાં રહેઠાણ વિશે જાણે છે.

# ૨૦. કેટલાં રે કેટલાં

**ચર્ચા ✻ કહો ✻ લખો ✻ વિચારો ✻ બનાવો ✻ શોધી કાઢો**

બધાં બાળકો વર્તુળાકારમાં ગોળગોળ ફરે છે. વર્તુળની બહાર તાલ વાગે છે. તાલ અચાનક બંધ થાય છે અને તાલ વગાડનાર બોલે છે, બે. બધાં જ બાળકો બે બે જૂથમાં વહેંચાઇ જાય છે.

દેવેન્દ્ર અને મંજુલાના પરિવારમાં દિવ્યા અને માનવ છે. સીતા સુરતમાં વડીલોના મકાનમાં રહે છે. તેનાં દાદા-દાદી, નાના કાકા, ફોઈ નીચેના ભાગમાં રહે છે.

સીતા તેનાં માતા-પિતા અને નાની બહેન ગીતા સાથે રહે છે. તારા

તેની માતા અને દાદા સાથે રાજકોટમાં રહે છે. તારાની માતા મીનાક્ષીએ લગ્ન કર્યાં નથી. તેમણે તારાને દત્તક લીધી છે. દાદા તારાનું ધ્યાન રાખે છે.

રેહાના અને હબીબ શહેરમાં રહે છે. રેહાના શાળામાં ભણાવે છે. હબીબ સરકારી ઑફિસમાં કલાર્ક છે. હબીબના પિતા નિવૃત્ત થયા પછી તેમની સાથે રહે છે.

**● એકમની સમજ આપતી મુખ્ય પ્રશ્નોત્તરી :**

**૧. તમને જ્યારે જરૂરી સંખ્યાના જૂથમાં જોડાવાનું કહ્યું ત્યારે તમે શું કર્યું ?**

**ઉત્તર:** જ્યારે જરૂરી સંખ્યાના જૂથમાં જોડાવાનું કહ્યું ત્યારે જોડીદાર શોધવાનું કામ કર્યું.

**૨. તમે કોઈ જૂથમાં જોડાઈ શક્યા નહીં, તો કેવો અનુભવ થયો ?**

**ઉત્તર:** જૂથમાં જોડાઈ શક્યાં નહીં એટલે નિરાશાનો અનુભવ થયો.

**૩. તમે કેમ કોઈ એક જૂથમાં ન જોડાઈ શક્યાં ?**

**ઉત્તર:** તત્પરતાના અભાવના કારણે જૂથમાં જોડાઈ ન શક્યા.

**૪. શાળામાં તમને કોની સાથે વધારે ગમે ? શા માટે ?**

**ઉત્તર:** શાળામાં મને શ્રેયા ટીચર સાથે વધુ ગમે છે. તે મારું ખૂબ જ ધ્યાન રાખે છે. મને તેઓ ઘણું બધું નવું નવું શીખવાડે છે.

**૫. તમારે કાયમ એકલાં રહેવાનું હોય તો કેવું લાગે ?**

**ઉત્તર:** અમારે કાયમ એકલાં રહેવાનું હોય તો બિલકુલ ગમે નહીં. મમ્મી, પપ્પા, ભાઈ, બહેનની ખૂબ જ યાદ આવે. રસોઈ બનાવવાનું કે અન્ય કામ કરવાનું ગમે નહીં.

**૬. સીતાના પરિવારમાં કોણ કોણ રહે છે ?**

**ઉત્તર:** સીતાના પરિવારમાં માતા-પિતા અને નાની બહેન ગીતા રહે છે.

**૭. અલગ અલગ સભ્યોના પરિવારમાં કેવા સંબંધો છે ?**

**ઉત્તર:** અલગ અલગ સભ્યોનો પરિવાર એક જ રસોડે જમવાનું બનાવે છે, સાથે જમે છે.

**૮. છેલ્લા વર્ષમાં તમારા કુટુંબ/પરિવારમાં શા બદલાવ આવ્યા છે ?**

**ઉત્તર:** છેલ્લા વર્ષમાં અમારા પરિવારના સભ્યો અલગ અલગ ઠેકાણે રહેવા ગયાં છે.

**૯. તારાની દેખભાળ કોણ રાખે છે ? કેવી રીતે ?**

ઉત્તરઃ તારાની દેખભાળ તેના દાદા રાખે છે. દાદા તારાને જમાડે છે અને ગૃહકાર્યમાં મદદ કરે છે.

**૧૦. કુટુંબના સભ્યો ભેગા મળીને શું વાતો કરે છે ?**

ઉત્તરઃ કુટુંબના સભ્યો ભેગા મળીને દૂર જગ્યાએ ફરવા જાય છે અને મજા માણે છે.

**૧૧. રેહાના અને હબીબના કુટુંબમાં બીજાં કોણ કોણ છે ?**

ઉત્તરઃ રેહાના અને હબીબના કુટુંબમાં હબીબના પિતાજી છે.

**૧૨. ટેલિવિઝનમાં તમને શું - શું જોવું ગમે છે ? કેમ ?**

ઉત્તરઃ ટેલિવિઝનમાં મને દેશભક્તિના ગીતો, દેશભક્તિની સિરિયલ તથા કૌન બનેગા કરોડપતિ સિરિયલ જોવી ગમે છે.

**૧૩. રેહાના અને હબીબના કુટુંબના સભ્યો કેવી રીતે ભેગા થઈ મજા કરે છે ?**

ઉત્તરઃ રેહાના અને હબીબના કુટુંબના સભ્યો પાસે રજાઓમાં પાડોશના બાળકો તેમના ઘરે આવે છે અને તેમની સાથે મજા કરે છે.

**૧૪. કેતનના કુટુંબના સભ્યો એકબીજા સાથે કેવી રીતે સંપર્કમાં રહે છે?**

ઉત્તરઃ કેતનના કુટુંબના સભ્યો ભેગા મળીને ઘરકામ કરે છે. કેતનની માતા, દાદા, દાદી, કાકી, મોટાભાઈ, બહેનો ગામડે રહે છે. વર્ષમાં એકવાર બધાં ગામડે મળે છે.

**૧૫. કેતનના કુટુંબના કયા સભ્યો શહેરમાં અને ક્યા સભ્યો ગામડાંમાં રહે છે ? કેમ ?**

ઉત્તરઃ કેતનના કુટુંબમાં સભ્યોમાંથી તેના પિતા, કાકા, પિતરાઈ ભાઈઓ અમદાવાદમાં જ્યારે તેની માતા, દાદા, દાદી, કાકી, મોટાભાઈ, બહેનો ગામડે રહે છે.

**૧૬. ક્રિષ્ના તેની બહેનનું ધ્યાન કેવી રીતે રાખે છે ?**

ઉત્તરઃ ક્રિષ્ના તેની બહેન કાવેરીને શાળાએ મૂકવા જાય છે. ક્રિષ્ના કાવેરીની સાથે જ જમે છે.

**૧૭. ક્રિષ્નાના કુટુંબમાં કઈ પ્રવૃત્તિમાં બધા જોડાય છે ?**

ઉત્તરઃ ક્રિષ્નાના કુટુંબમાં બધા સભ્યો જમવાની પ્રવૃત્તિમાં બધા સાથે જોડાય છે.

**૧૮. તમારા કુટુંબમાં શું - શું થતું હોય છે ? તે લખો.**

ઉત્તરઃ અમારા કુટુંબમાં દર રવિવારે બહાર ફરવા જવાનો પ્રોગ્રામ બને. દરરોજ રાત્રે એક કલાક અંતાક્ષરીની રમત રમીએ છીએ.

# મૂલ્યાંકનલક્ષી વિશેષ પ્રવૃત્તિઓ

**૧. નીચે આપેલાં ચિત્રોને ઓળખી તેનું નામ લખો.**

| | | | |
|---|---|---|---|
|  |  |  |  |
| ટીવી | પંખો | ચશ્માં | કોલેજ |
|  |  |  |  |
| લાકડી | કમ્પ્યૂટર | કેરમબૉર્ડ | ફૂલદાની |

**પંખો, ચશ્માં, ટીવી, લાકડી, કોલેજ, કમપ્યૂટર, ફૂલદાની, કેરમબૉર્ડ**

**૨. નીચેના પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરી તેનો ક્રમ લખો.**

**(૧) દિવ્યાના પિતાનું નામ શું છે ?**

(અ) રાઘવેન્દ્ર (બ) ગજેન્દ્ર **(ક) દેવેન્દ્ર** (ડ) રાજેન્દ્ર

**(૨) પપ્પાના નાના ભાઈને શું કહેવાય ?**

**(અ) કાકા** (બ) દાદા (ક) મોટા ભાઈ (ડ) ફુઆ

**(૩) કેટલાં રે કેટલાં શું છે ?**

(અ) ગણનપ્રક્રિયા **(બ) રમત** (ક) યોગ (ડ) દાવ

**(૪) માનવની માતાનું નામ શું છે ?**

(અ) લાભુ (બ) ચંપા (ક) રશ્મિ **(ડ) મંજુલા**

**૩. કૌંસમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલીજગ્યા પૂરો.**

(૧) **લંગડી** રમતમાં બે બાળકો રહી શકે ત્યાં સુધી રમત રમાય. (**લંગડી**, કેટલાં રે કેટલાં)

(૨) તારા **રાજકોટ**માં રહે છે. (**રાજકોટ**, વરમોર)

(૩) કેતન **અમદાવાદ**માં રહે છે. (**અમદાવાદ**, વડોદરા)

(૪) પપ્પાની બહેનને **ફોઈ** કહે છે. (**ફોઈ**, માસી)

(૫) તારાની સંભાળ **દાદા** રાખે છે. (દાદી, **દાદા**)

**૪. નીચે આપેલાં વિધાનો સામે ☑ ખરાં કે ☒ ખોટાંની નિશાની કરો.**

(૧) સીતા વડીલોના મકાનમાં રહે છે. – ☑

(૨) ક્રિષ્ના અને કાવેરી તેની માતા સાથે રહે છે. – ☒

(૩) રેહાના અને હબીબ અહેમદનગરમાં રહે છે. – ☒

(૪) શતરંજની રમત બે વ્યક્તિ રમી શકે છે. – ☑

(૫) રેહાનાના પિતા નિવૃત્ત થઈ ગયા છે. – ☑

**૫. ખોટા શબ્દ પર ચેકો મારો.**

(૧) સીતા ~~**અમદાવાદ**~~ / **સુરત** માં રહે છે.

(૨) ~~**તારા**~~ / **સીતા** ની માતા બધાં બાળકોને ભણાવે છે.

(૩) કેતનના **કાકા** / ~~**કાકી**~~ રસોઈ બનાવે છે.

(૪) ક્રિષ્ના અને કાવેરી સાથે ~~**રમે**~~ / **જમે** છે.

(૫) ~~**કેરમબોર્ડ**~~ / **સંતાકૂકડી** ની રમતમાં ઘણાં બધાં હોય છે.

**૬. યોગ્ય જોડકાં જોડો.**

| અ | | ઉત્તર | બ |
|---|---|---|---|
| (૧) માસા | – | **માસી** | (ક) કાકી |
| (૨) કાકા | – | **કાકી** | (ખ) માતા |
| (૩) દાદા | – | **દાદી** | (ગ) ફોઈ |
| (૪) પિતા | – | **માતા** | (ઘ) દાદી |
| (૫) ફુઆ | – | **ફોઈ** | (ચ) માસી |

**૭. દરેકનાં બે - બે નામ લખો.**

(૧) ટેલિવિઝનમાં જોવા મળતાં કાર્યક્રમો : (૧) **સિરિયલ** (૨) **સમાચાર**

(૨) પિતા સાથે રહેતી દીકરીઓ : (૧) **ક્રિષ્ના** (૨) **કાવેરી**

(૩) શતરંજની રમતમાં પ્યાદાંનાં નામ : (૧) **ઊંટ** (૨) **ઘોડો**

(૪) કેતનની સાથે રહેનારાં : (૧) **પિતા** (૨) **કાકા**

(૫) શતરંજની રમતમાં પ્યાદાંનાં કલર : (૧) **કાળાં** (૨) **સફેદ**

**૮. મને ઓળખી મારું નામ લખો.**

(૧) મેં તારાને દત્તક લીધી. : **મીનાક્ષી**

(૨) મારાં કાકી થોડા મહિના પહેલાં જ મૃત્યુ પામ્યાં. : **સીતા**

(૩) મારી માતા મીનાક્ષીએ લગ્ન કર્યાં નથી. : **તારા**

(૪) મારી રમતમાં નાની ગિલ્લી હોય છે. : **ગિલ્લીદંડો**

(૫) મારી રમત દડાથી રમાય છે તે વિદેશી રમત છે.: **ક્રિકેટ**

**૯. તફાવતના બે - બે મુદ્દાઓ લખો.**

| શહેર | ગામડું |
| --- | --- |
| ૧. ગીચ વસ્તી હોય છે. | ૧. ગીચ વસ્તી હોતી નથી. |
| ૨. વાતાવરણ થોડું અશુદ્ધ હોય છે. | ૨. વાતાવરણ શુદ્ધ હોય છે. |
| ૩. બહુમાળી મકાનો વધુ હોય છે. | ૩. બહુમાળી મકાનો હોતાં નથી. |
| ૪. વાહનો વધુ હોય છે. | ૪. વાહનો ઓછાં હોય છે. |

## ચાલો, પ્રવૃત્તિ કરીએ :

**૧. તમારા કુટુંબ સાથે થતું હોય એવા વાક્ય સામે ✓ કરો.**

(૧) ઘરના બધા સભ્યો કામ કરે છે. - ✓

(૨) કુટુંબના સભ્યો એક-બીજાને ખૂબ જ ચાહે છે. - ✓

(૩) ઘરના વડીલો જ કામ કરી નાણાં મેળવે છે. - ✗

(૪) કુટુંબના સભ્યો મોટેભાગે એકબીજાને મળવા આવતાં હોય છે.- ✓

(૫) કુટુંબના સભ્યો તેમની વચ્ચે લડાઈ થાય તો પણ સાથે જ રહે છે.- ✓

(૬) કુટુંબમાં ખાસ કરીને બાળકો અને વૃદ્ધોનું ધ્યાન રાખવામાં આવે છે.- ✓

(૭) કુટુંબના સભ્યો મોટેભાગે એક જ ઘરમાં સાથે રહે છે. - ✓

## પ્રોજેક્ટવર્ક

**૧. તમારું કુટુંબવૃક્ષ બનાવો.**




## આ એકમની વિશેષતાઓ

(૧) કુટુંબમાં સહઅસ્તિત્વની ભાવના કેળવે છે. (૨) વડીલોને માન આપીને બોલાવે છે. (૩) વિચારવિનિમય કરે છે. (૪) ઘરકામ અને ગૃહકાર્યમાં વડીલોની મદદ મેળવે છે. (૫) કુટુંબના સબંધીઓને શું કહેવાય તે જાણે છે.

# ૨૧. પાણી બચાવીએ

ચર્ચા ✻ કહો ✻ લખો ✻ વિચારો ✻ બનાવો ✻ શોધી કાઢો

માધો રાજસ્થાનના બાજલપુર ગામમાં રહે છે. ચારેતરફ રેતી જ દેખાય છે. ચોમાસામાં અહીં ક્યારેક વરસાદ પડે છે. ઉનાળામાં ચાલીને દૂર પાણી ભરવા જવું પડે છે. ગરમ રેતના કારણે પગે ફોલ્લા પડી જાય છે.

માધોના પિતાજી તેમની ઊંટગાડી લઈને પાણી ભરવા જાય છે. આ ગામમાં ક્યારેક પાણી ભરેલી ટ્રેન આવે છે. આ ગામના લોકો વરસાદના પાણીનો સંગ્રહ ટાંકામાં કરે છે.

અહીં ઘરનાં છાપરાં ત્રાંસાં હોય છે. જેથી પાણીનો સંગ્રહ કરી શકાય.

**● એકમની સમજ આપતી મુખ્ય પ્રશ્નોત્તરી :**

**૧. પાણીની તંગીના કારણે લોકોને કેવી મુસીબતોનો સામનો કરવો પડે છે ?**

**ઉત્તરઃ** પાણીની તંગીના કારણે લોકો ત્રણ-ચાર દિવસમાં એકવાર સ્નાન કરે છે અને કપડાં ધુએ છે. પીવા માટે જરૂરી પાણી લે છે. રેતીથી વાસણ સાફ કરે છે.

**૨. માધોના ઘરમાં પાણી કોણ લાવે છે ?**

**ઉત્તરઃ** માધોના ઘરમાં પાણી માધોના પિતાજી ઊંટગાડી મારફત લાવે છે.

**૩. શું પાણી સંગ્રહ કરવાની બીજી કોઈ પદ્ધતિ છે ?**

**ઉત્તરઃ** ધાબા ઉપરનું વરસાદનું પાણી ઝીલી લઈને નીચે જમીનમાં બનાવેલા મોટાં ટાંકામાં સંગ્રહ કરી શકાય.

**૪. ટાંકીનું પાણી મોટે ભાગે પીવામાં ઉપયોગમાં લેવાય છે કે કેમ ?**

**ઉત્તરઃ** વરસાદનું પાણી પાઈપ દ્વારા ટાંકીમાં ગળાઈને જાય છે. માટે તે પીવામાં ઉપયોગમાં લઈ શકાય.

**૫. શું તમારા ઘરમાં વરસાદના પાણીનો સંગ્રહ થાય છે ? જો હા તો કેવી રીતે ?**

**ઉત્તરઃ** અમારા ઘરમાં વરસાદના પાણીનો સંગ્રહ થતો નથી.

**૬. માધોના ગામમાં લોકો પીવાનું પાણી ક્યાંથી ભરી લાવે છે ?**

**ઉત્તરઃ** માધોના ગામના લોકો પીવાનું પાણી રેલવે સ્ટેશને પાણી ભરેલી ટ્રેન આવે છે ત્યાંથી પાણી લાવે છે.

૭. **ટીપે ટીપે લીક થાય તો પાણી કેટલું બગડે ?**

**ઉત્તર:** ટીપે ટીપે પાણી લીક થાય તો એક જ ઘરના ચાર પાંચ સભ્યો સ્નાન કરી શકે તેટલું પાણી બગડે છે.

૮. **પાણી ન હોય તો શી અગવડ પડે ?**

**ઉત્તર:** પાણી ન હોય તો વસ્તુઓ કાચી ખાવી પડે, કપડાં ધોયાં વગર જ પહેરવાં પડે. સ્નાન કરવાનું બંધ કરી દેવું પડે.

૯. **પાણી બચાવવાના ક્યા ક્યા રસ્તા વિચારી શકાય ?**

**ઉત્તર:** પાણી કરકસરથી વાપરવું જોઈએ. નળમાં પાણી ક્યારેય ટપકવું જોઈએ નહીં. વરસાદના પાણીનો સંગ્રહ કરી ભૂગર્ભ ટાંકામાં નાખવું જોઈએ.

## મૂલ્યાંકનલક્ષી વિશેષ પ્રવૃત્તિઓ

૧. **નીચે આપેલાં ચિત્રોને ઓળખી તેનું નામ લખો.**

| | | | |
|---|---|---|---|
|  |  |  |  |
| **ડોલ** | **માટલું** | **તપેલી** | **પાણીની ટાંકી** |
|  |  |  |  |
| **જગ** | **પાણીનું પીપ** | **બેડું** | **ટબલર** |

**માટલું, પાણીની ટાંકી, પાણીનું પીપ, ટબલર, ડોલ, જગ, બેડું, તપેલી**

૨. **નીચેના પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરી, ક્રમ લખો.**

(૧) **રાજસ્થાનના બાજલપુર ગામે વધુ શું જોવા મળે છે ?**

**(અ) રેતી** (બ) માટી (ક) વરસાદ (ડ) પહાડ

(૨) **રાજસ્થાનમાં વધુ શું પડે છે ?**

**(અ) ગરમી** (બ) ઠંડી (ક) વરસાદ (ડ) બરફના કરા

**(૩) અપાર રેતને શું કહેવાય ?**

(અ) અગર (બ) ખારોપાટ (ક) રણ **(ડ) ઢૂવા**

**(૪) રાજસ્થાનના લોકો કેવા છે ?**

(અ) ખર્ચાળ (બ) ઉદાર **(ક) કરકસરિયાં** (ડ) પૈસાદાર

**૩. કૌંસમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલીજગ્યા પૂરો.**

(૧) રાજસ્થાનના બાજલપુર ગામમાં બધે **રેતી** જોવા મળે છે. (**રેતી**, કાળી માટી)

(૨) રાજસ્થાનમાં **ઊંટ** પ્રાણી વધુ જોવા મળે છે. (**ઊંટ,** ગાય)

(૩) સરોજ **રામનગર** ગામમાં રહે છે. (**રામનગર,** બાજલપુર)

(૪) રાજસ્થાનમાં **ઓછો** વરસાદ થાય છે. (**ઓછો,** વધુ)

(૫) રાજસ્થાનમાં **ઉનાળામાં** પાણીની તંગી હોય છે. (શિયાળામાં, **ઉનાળામાં**)

**૪. નીચે આપેલાં વિધાનો સામે ☑ ખરાં કે ☒ ખોટાંની નિશાની કરો.**

(૧) રાજસ્થાનમાં લોકો પાણીનો સંગ્રહ કરે છે. – ☑

(૨) રાજસ્થાનમાં ગરમી ઓછી પડે છે. – ☒

(૩) રાજસ્થાનના લોકો ખડતલ હોય છે. – ☑

(૪) સરકાર રાજસ્થાનમાં ટ્રેન મારફત પાણી પહોંચાડે છે. – ☑

(૫) રાજસ્થાનમાં ભૂગર્ભટાંકા ઓછા છે. – ☒

**૫. ખોટા શબ્દ પર ચેકો મારો**

(૧) માધો **~~વિરમગામ~~** / **બાજલપુર** ગામનો હતો.

(૨) રાજસ્થાન સરહદે **~~નદી~~** / **રણ** છે.

(૩) ભૂગર્ભટાંકા **સિમેન્ટથી** / **~~ચૂનાથી~~** બનાવવામાં આવે છે.

(૪) રાજસ્થાનમાં કૂવા **ઊંડા** / **~~છીછરા~~** હોય છે.

(૫) **રાજસ્થાન** / **~~ગુજરાત~~** ના લોકો કરકસરિયા હોય છે.

## ૬. યોગ્ય જોડકાં જોડો.

| અ | | ઉત્તર | બ |
|---|---|---|---|
| (૧) ઊંટ | – | **ઊંટગાડી** | (ક) ઘોડાગાડી |
| (૨) ઘોડો | – | **ઘોડાગાડી** | (ખ) બાબાગાડી |
| (૩) બળદ | – | **બળદગાડું** | (ગ) બકરાગાડી |
| (૪) બકરો | – | **બકરાગાડી** | (ઘ) બળદગાડું |
| (૫) બાબો | – | **બાબાગાડી** | (ચ) ઊંટગાડી |

## ૭. દરેકનાં બે - બે નામ લખો.

(૧) પાણી બગડતું હોય તેવાં સ્થળ : (૧) **નદી**
(૨) **તળાવ (નળ)**

(૨) પાણી મળતું ન હોય તેવાં સ્થળ : (૧) **બોરવેલ**
(૨) **રણ**

(૩) પાણીના ઉપયોગો : (૧) **નહાવા**
(૨) **રસોઈ બનાવવામાં**

(૪) પાણી બચાવવાની પદ્ધતિ : (૧) **ભૂગર્ભટાંકા**
(૨) **વરસાદનાં પાણીનો સંગ્રહ**

(૫) ખળખળ વહેતું પાણી હોય
તેવાં નામ : (૧) **ઝરણાં**
(૨) **નદી**

## ૮. મને ઓળખી મારું નામ લખો.

(૧) મારે ત્યાં ઘરનાં છાપરાં ત્રાંસાં હોય છે. : **રાજસ્થાન**
(૨) હું ઊંટગાડી લઈને પાણી ભરવા જાઉં છું. : **માધોના પિતાજી**
(૩) હું વરસાદના પાણીનો સંગ્રહ કરું છું. : **ભૂગર્ભટાંકા**
(૪) મારામાંથી પાણી ટપક ટપક થાય છે. : **નળ**
(૫) અમે લોકો પાણી ઘી ની જેમ વાપરીએ છીએ. : **રાજસ્થાનવાસીઓ**

**૯. નીચેના પ્રશ્નોના જવાબ બે - ત્રણ વાક્યોમાં લખો.**

**(૧) રાજસ્થાનમાં ઊંટ કેમ વધુ જોવા મળે છે ?**

**ઉત્તરઃ** રાજસ્થાન રણપ્રદેશ છે. રણપ્રદેશમાં ઊંટ સારી મુસાફરી કરી શકે છે. માટે રાજસ્થાનમાં ઊંટ વધુ જોવા મળે છે.

**૧૦. નીચેનાં કારણો લખો.**

**(૧) રાજસ્થાનના લોકો સ્નાન કરવા ઓછું પાણી વાપરે છે, કારણ કે...** રાજસ્થાન રણપ્રદેશ છે. ત્યાં ચોમાસામાં વરસાદ ખૂબ જ ઓછો પડે છે. તેથી રાજસ્થાનના લોકો સ્નાન કરવા ઓછું પાણી વાપરે છે.

**(૨) રાજસ્થાનમાં ખેતીના પાકો ઓછા થાય છે, કારણ કે...** રાજસ્થાનમાં વરસાદ ઓછો થાય છે માટે ખેતીના પાકો ઓછા થાય છે.

**(૩) રાજસ્થાનમાં ભૂગર્ભટાંકીને ઢાંકીને રાખવામાં આવે છે, કારણ કે...** રાજસ્થાનમાં ભૂગર્ભટાંકીને ઢાંકીને રાખવામાં આવે છે, કારણ કે ઉનાળામાં પાણીનું બાષ્પીભવન ન થઈ જાય તેમજ ભૂગર્ભ ટાંકીના પાણીમાં કચરો ન પડે.

**(૪) ઉનાળામાં રેતી ઉપર ચાલવાથી પગે ફોલ્લાં પડી જાય છે, કારણ કે...** ઉનાળામાં રેતી જલદી ગરમ થઈ જાય છે. તેથી ગરમ રેતી ઉપર ચાલવાથી પગે ફોલ્લાં પડી જાય છે.

## ચાલો, પ્રવૃત્તિ કરીએ :

**૧. ટપકતાં નળનું ચિત્ર જોઈને બાજુમાં દોરો.**



૨.   પાણી ભરવાનું ગમે તે એક વાસણ દોરો.



## પ્રોજેક્ટવર્ક

૧. **વિવિધ રંગની લીટીથી જોડો.**
**કયું કામ કરવામાં આવે તો પાણી ફરી વપરાશમાં લઈ શકાય.**




## વિદ્યાર્થીઓ આ એકમમાંથી શું શીખે છે, જાણે છે.

૧. રાજસ્થાનના લોકો વિશે જાણે છે.
૨. પાણીની કેવી રીતે બચત કરવી જોઈએ તે સમજે છે.
૩. વરસાદના પાણીનો કઈ રીતે સંગ્રહ થાય તે સમજે છે.
૪. ભૂગર્ભટાંકો જોવાનો પ્રયત્ન કરે છે.
૫. ઊનાળામાં રાજસ્થાનનો પ્રવાસ કરવા વિચારે છે.
૬. ઘરમાં પાણીનો બગાડ થતો અટકાવવા પ્રયત્ન કરે છે.
૭. સ્નાન, શૌચ, કપડાં સાફ કરવા પાણી જરૂરિયાત પૂરતું વાપરવા વિચારે છે.
૮. પાણી ભરવાના પાત્રોના નામની જાણકારી મેળવે છે.
૯. પાણીના પ્રાપ્તિસ્થાનોના નામને જાણે છે.
૧૦. જીવનમાં પાણીની બચત કરવાનું વિચારે છે.
૧૧. ઘરના બધાં સભ્યોને પાણી બચાવવા સૂચન કરે છે.
૧૨. પાણીનું મહત્ત્વ સમજે છે.

# ૨૨. ડાબું - જમણું

ચર્ચા ✻ કહો ✻ લખો ✻ વિચારો ✻ બનાવો ✻ શોધી કાઢો

કાગળ પર ડાબા હાથનું ચિત્ર દોરો. તમારો બીજો હાથ કાગળ ઉપર મૂકો અને બીજા હાથથી રેખા દોરો અને જમણા હાથનું ચિત્ર બનશે.

જમણો હાથ ઊંચો કરો પછી ડાબો હાથ ઊંચો કરો હવે બંને હાથ એક સાથે ઊંચા કરો. બંને હાથને એકસાથે ગોળ ગોળ ફેરવો. હવે બંને હાથ નીચા કરીને થોડાઘણાં ઠેકડાં મારો.

**● એકમની સમજ આપતી મુખ્ય પ્રશ્નોત્તરી :**

**૧. તમારી આગળ શું છે ?**

**ઉત્તરઃ** મારી આગળ બ્લૅકબૉર્ડ છે.

**૨. તમારી ડાબી તરફ શું છે ?**

**ઉત્તરઃ** મારી ડાબી તરફ બૅન્ચ છે.

**૩. કઈ વસ્તુઓ તમારી પાછળ છે ?**

**ઉત્તરઃ** મારી પાછળ બૅન્ચ અને વર્ગની ભીંત છે.

**૪. તમે કોની ડાબી બાજુ બેઠાં છો ?**

**ઉત્તરઃ** હું ધ્વનિ, અંજની, પલકની ડાબી બાજુ બેઠી છું.

**૫. તમે કોની જમણી બાજુ બેઠાં છો ?**

**ઉત્તરઃ** હું ખ્યાતિ, શ્વેતા, મેઘાની જમણી તરફ બેઠાં છું.

**૬. તમારી જમણી બાજુ કોણ બેઠું છે ?**

**ઉત્તરઃ** મારી જમણી બાજુ મેઘા અને માનસી બેઠી છે.

**૭. રૂચિરાના ઘરથી શાળા તરફના રસ્તા ઉપર કઈ વસ્તુઓ અને જગ્યાઓ આવે છે ? તેનાં નામ લખો.**

**ઉત્તરઃ** રુચિરાના ઘરથી શાળા તરફના રસ્તા ઉપર ડાબી બાજુએ ઘર-મકાન, હૅન્ડપંપ, બસસ્ટોપ, હૉસ્પિટલ, દુકાન અને ઝાડ આવે છે. જ્યારે જમણી બાજુએ ઝાડ, બગીચો, કૂવો અને ટપાલકચેરી આવે છે.

## રુચિરાને ઘરેથી શાળાએ જવાનો રસ્તો :




**૮. રુચિરાની જમણી બાજુએ શું શું આવે છે ?**

**ઉત્તર:** રુચિરાની જમણી બાજુએ ઝાડ, બગીચો, કૂવો અને ટપાલકચેરી આવે છે.

**૯. રુચિરાની ડાબી બાજુએ શું - શું આવે છે ?**

**ઉત્તર:** રુચિરાની ડાબી બાજુએ ઘર, મકાન, હેન્ડપંપ, બસસ્ટેશન, હૉસ્પિટલ, દુકાન અને ઝાડ આવે છે.

**૧૦. રુચિરાએ તેના ઘરેથી શાળાના રસ્તા ઉપર કેટલા વળાંક લેવાના થાય છે ?**

**ઉત્તર:** રુચિરાએ તેના ઘરેથી શાળાના રસ્તા ઉપર પાંચ વળાંક લેવાના થાય છે.

**વાંચો અને લખો : નકશાને આધારે વિગત લખો.**




(૧) **નકશામાં કેટલાં ઘર છે ? ઉત્તર:** નકશામાં ચાર ઘર છે.

(૨) **નકશામાં કેટલી દુકાનો છે ? ઉત્તર:** નકશામાં એક દુકાન છે.

(૩) **નકશામાં કેટલાં વૃક્ષો છે ?**

**ઉત્તર:** નકશામાં પાંચ વૃક્ષો છે.

(૪) **નકશામાં કેટલા હૅન્ડપંપ છે ?**

**ઉત્તર:** નકશામાં એક હૅન્ડપંપ છે.

(૫) **પૉસ્ટ-ઑફિસ કે હૉસ્પિટલથી સૌથી નજીક શું છે ?**

**ઉત્તર:** હૉસ્પિટલથી નજીક દુકાન છે.

(૬) **બસસ્ટેશનની નજીક શું છે ?**

**ઉત્તર:** બસસ્ટેશનની નજીક હૅન્ડપંપ છે.

(૭) **નિશાનીઓની યાદી વગર તમે નકશો વાંચી શકો ખરાં ?**

**ઉત્તર:** નિશાનીઓની યાદી વગર નકશો વાંચી શકાય.

## મૂલ્યાંકનલક્ષી વિશેષ પ્રવૃત્તિઓ

**૧. નીચેના શબ્દો વાંચો અને તે માટેની નિશાની દોરો.**

| | | | |
|---|---|---|---|
|  |  |  |  |
| **ઘર** | **પોસ્ટ ઑફિસ** | **હૅન્ડપંપ** | **દુકાન** |
|  |  |  |  |
| **કૂવો** | **બૅન્ક** | **સરવાળા** | **ભાગાકાર** |
|  |  |  |  |
| **વૃક્ષ** | **હૉસ્પિટલ** | **દરવાજો** | **શાળા** |
|  |  |  |  |
| **બસ સ્ટોપ** | **બાદબાકી** | **ગુણાકાર** | **બરાબર** |

**૨. નીચેના પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરી તેનો ક્રમ લખો.**

**(૧) સૂર્ય કઈ દિશામાં ઊગે છે ?**

(અ) ઉત્તર (બ) પશ્ચિમ **(ક) પૂર્વ** (ડ) દક્ષિણ

**(૨) આપણે સૌ મૉર્નિંગવૉક કરવા ક્યારે જઈએ છીએ ?**

**(અ) સવાર** (બ) બપોરે (ક) સાંજે (ડ) રાત્રે

**(૩) સૂર્ય કઈ દિશામાં આથમે છે ?**

(અ) પૂર્વ **(બ) પશ્ચિમ** (ક) ઉત્તર (ડ) દક્ષિણ

૩. **કૌંસમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલીજગ્યા પૂરો.**

(૧) અંગૂઠો ટચલી આંગળી કરતાં **જાડો** હોય છે.(પાતળો, **જાડો**)

(૨) હૅન્ડપંપમાંથી **પાણી** નીકળે છે. (તેલ, **પાણી**)

(૩) ડૉક્ટર **હૉસ્પિટલ**માં જોવા મળે છે. (**હૉસ્પિટલ**, કૉલેજ)

(૪) કિલ્લાને દરવાજા **મોટા** હોય છે. (નાના, **મોટા**)

૪. **નીચે આપેલાં વિધાનો સામે ☑ ખરાં કે ☒ ખોટાંની નિશાની કરો.**

(૧) માળી શાળામાં જોવા મળે છે. – ☒

(૨) બસસ્ટેશનમાં ખટારા જોવા મળે છે. – ☒

(૩) પનિહારી કૂવા ઉપર જોવા મળે છે. – ☑

(૪) નર્સ ટપાલકચેરીમાં કામ કરે છે. – ☒

૫. **ખોટા શબ્દ પર ચેકો મારો**

(૧) હૉસ્પિટલમાં સરવાળાની નિશાનીમાં **લાલ** / **~~કાળો~~** કલર હોય છે.

(૨) આચાર્ય **~~હૉસ્પિટલમાં~~** / **શાળામાં** હોય છે.

(૩) દિશાઓ **ચાર** / **~~છ~~** છે.

(૪) પૂર્વ દિશાની સામેની દિશા **~~દક્ષિણ~~** / **પશ્ચિમ** છે.

(૫) **~~છાશ~~** / **દૂધ** ભરવા લોકો ડેરીએ જાય છે.

૬. **લીટી દોરીને યોગ્ય જોડકાં જોડો.**

| અ | બ |
|---|---|
| (૧) પર્વતની નિશાની | |
| (૨) નદીની નિશાની | |
| (૩) ઝાડની નિશાની | |
| (૪) વળાંકની નિશાની | |
| (૫) મંદિરની નિશાની | |



**૭. દરેકનાં બે - બે નામ લખો.**

(૧) હાથની આંગળીઓનાં નામ : (૧) **ટચલી આંગળી** (૨) **અંગૂઠો**

(૨) પાણી મેળવવાના સ્થળો : (૧) **તળાવ** (૨) **કૂવો**

(૩) હૉસ્પિટલમાં સેવા કરતા સેવકો: (૧) **નર્સ** (૨) **ડૉક્ટર**

(૪) બસમાં જોવા મળતાં સેવકો : (૧) **કંડક્ટર** (૨) **ડ્રાઈવર**

(૫) લીલાં પર્ણો હોય તેવાં વૃક્ષો : (૧) **લીમડો** (૨) **વડ**

**૮. મને ઓળખી મારું નામ લખો.**

(૧) હું સવારે પૂર્વ દિશામાં ઊગી પ્રકાશ આપું છું. : **સૂર્ય**

(૨) હું અંગૂઠા પાસેની આંગળી છું. : **અનામિકા**

(૩) હું કડવું ફળ આપતું વૃક્ષ છું. : **લીમડો**

(૪) હું હાથની છેલ્લી પાતળી આંગળી છું. : **ટચલી આંગળી**

**૯. નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.**

**(૧) તમારી નિશાળની સામે શું છે ?**

**ઉત્તર:** મારી નિશાળની સામે બગીચો, હૅન્ડપંપ અને લીમડાનું ઝાડ છે.

**(૨) તમારી નિશાળની પાછળ શું છે ?**

**ઉત્તર:** મારી નિશાળની પાછળ વડનું ઝાડ, ગ્રામપંચાયત, અને ગામનો કૂવો છે.

**(૩) તમારા ઘરની ડાબી બાજુએ કોનું ઘર છે ?**

**ઉત્તર:** મારા ઘરની ડાબી બાજુએ વાસુભાઈ પંચાલનું ઘર છે.

**(૪) તમારા ઘરની જમણી બાજુએ કોનું ઘર છે ?**

**ઉત્તર:** મારા ઘરની જમણી બાજુએ હરિભાઈ પટેલનું ઘર છે.

## ચાલો, પ્રવૃત્તિ કરીએ :

૧. **વાંચો અને કરો.**

- **નીચેના ચિત્રમાં રુચિરા ચિત્રની વચ્ચે છે.**
  - રુચિરાની પાછળ પુસ્તક દોરો.
  - એક ફૂલ રુચિરાની જમણી બાજુ દોરો.
  - ખુરશી રુચિરાની ડાબી બાજુ દોરો.
  - રુચિરાની સામે ઝાડનું ચિત્ર દોરો.



૨. **આ નિશાનીઓ શા માટે ઉપયોગમાં લેવાય છે ?**

તમારી પોતાની નિશાની બનાવો. આ નિશાની પહેલાંની નિશાની કરતાં અલગ હોવી જરૂરી છે. હવે તમે બનાવેલ નિશાની નીચે આપેલા નકશામાં મૂકો.



**નિશાની માટેની સૂચિ :**

| | | |
|---|---|---|
| રુચિરાનું ઘર | હૉસ્પિટલ | દુકાન |
| પૉસ્ટ ઑફિસ | બસ-સ્ટોપ | દરવાજો |
| વૃક્ષ | કૂવો | ઘર |

૧. તમારા ઘરથી શાળા સુધી પહોંચવાનો નકશો અહીં દોરો :



૨. નિશાનીઓ ઓળખો અને તેમનાં નામ લખો.




## આ એકમની વિશેષતાઓ

૧. ડાબાં-જમણાંનો ખ્યાલ આવે છે. ૨. દિશાઓ વિશેની જાણકારી મેળવે છે. ૩. નકશાઓની જુદી જુદી સંજ્ઞાઓને ઓળખે છે. ૪. નકશો બનાવતાં શીખે છે. ૫. ગણિતની સંજ્ઞાઓને ઓળખે છે. ૬. જીવનમાં નકશાનું મહત્ત્વ સમજે છે. ૭. શહેરમાં રસ્તા ઉપર સંજ્ઞાઓને ઓળખે છે.૮. હાથની બધી આંગળીઓનાં નામને જાણે છે. ૯. જુદી જુદી સંજ્ઞાઓનાં ચિત્રો બનાવે છે. ૧૦. બંને હાથનાં ચિત્રો કાગળ પર બનાવે છે. ૧૧. ગામનો નકશો જુએ છે તેનો અભ્યાસ કરે છે. ૧૨. ઘરનો નકશો બનાવે છે.

# ૨૩ સુંદર કપડાં

ચર્ચા ✻ કહો ✻ લખો ✻ વિચારો ✻ બનાવો ✻ શોધી કાઢો

સાજીદાને તેની મોટી બહેને સુંદર ઓઢણી આપી. તેમાં ભરતકામ અને આભલાં હતાં. સાંજના જમવાનું પૂરું કર્યા પછી સાજીદાએ ઓઢણી પહેરવાની ઘણી બધી કોશિશ કરી પણ તે પહેરી શકી નહીં, છેવટે તે થાકીને ઊંઘી ગઈ.

**● એકમની સમજ આપતી મુખ્ય પ્રશ્નોત્તરી :**

૧. **સાજીદાની ઓઢણી કેવી રીતે બનાવાઈ હશે ?**

**ઉત્તર:** સાજીદાની ઓઢણીમાં ભરતકામ કર્યા પછી તેમાં આભલાં ટાંકવામાં આવ્યા હશે.

૨. **ઓઢણી અથવા સીવ્યા વગરનું કાપડ લો. તેને અલગ રીતે પહેરો. તમે તેને કેટલી રીતે પહેરી શક્યા ?**

**ઉત્તર:** ઓઢણી અથવા સીવ્યા વગરનું કાપડ અલગ અલગ પાંચ રીતે પહેરી શકાય છે.

૩. **શું કોઈએ સીવ્યા વગરના કાપડને લુંગીની જેમ પહેરવા અથવા પાઘડી બાંધવા ઉપયોગમાં લીધું ? બીજી કઈ રીતે તેને પહેરી શકાય ?**

**ઉત્તર:** સીવ્યા વગરનું કાપડ, લુંગી, પાઘડી, ખેસ, ઉપરણ કે ફેંટા તરીકે પહેરી શકાય છે.

૪. **ઘરમાં કોઈપણ કપડાં જુઓ અને એની રચનામાં તેના રંગમાં અને તેની ભાતમાં શો ભેદ લાગે છે. તેની નોંધ કરો.**

| ક્રમ | કપડાંનું નામ | કપડાંની રચના | રંગ | ભાત / ડિઝાઈન |
|---|---|---|---|---|
| ૧ | લેંઘો | સુંદર | સફેદ | -- |
| ૨ | શર્ટ | સુઘડ | લાલ, પીળો, કાળો, વાદળી | આછી લાઈન, ટપકાં, જાડી લાઈન |
| ૩ | સાડી | લાંબી | લાલ, પીળો ભૂરો, જાંબલી | ફૂલ, ફળ, પાંદડાંની |
| ૪ | બ્લાઉઝ | ગોળ, ત્રિકોણ | ભૂરો, જાંબલી વાદળી, પીળો | ફૂલ, પાંદડાં, ફળ, લાઈન |
| ૫ | લુંગી | ગોળ | વાદળી, પીળો સફેદ | લાઈન, પાંદડાં, ટપકાં |

૫. જાડું કાપડ અથવા કોથળામાં લંબાઈ અને પહોળાઈમાં દોરાઓ જોઈ શકો છો ?

**ઉત્તર:** જાડું કાપડ અથવા કોથળામાં લંબાઈ અને પહોળાઈમાં દોરા જોઈ શકાય છે.

## મૂલ્યાંકનલક્ષી વિશેષ પ્રવૃત્તિઓ

૧. નીચે આપેલાં ચિત્રોને ઓળખી તેનાં નામ લખો.

| | | | |
|---|---|---|---|
|  |  |  |  |
| ઓઢણી | પેન્ટ | શર્ટ | કોટ |
|  |  |  |  |
| ચટાઈ | ટુવાલ | સાડી | બ્લાઉઝ |

ઓઢણી, પેન્ટ, શર્ટ, કોટ, ચટાઈ, ટુવાલ, સાડી, બ્લાઉઝ

૨. નીચેના પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરી તેનો ક્રમ લખો.

(૧) નીચેનામાંથી કયું વસ્ત્ર જૈન લોકો પહેરે છે ?

(અ) હલવાન (બ) રેજો (ક) શિરપેચ **(ડ) આંગી**

(૨) નીચેનામાંથી કયું કાપડ માથે બાંધવાનું હોય છે ?

**(અ) ફેંટો** (બ) ઊઢણ (ક) ડાંડિયું (ડ) ડગલો

(૩) ઘણાં વરસો પહેલાં વૃદ્ધો નીચેનામાંથી કયું વસ્ત્ર પહેરતાં ?

(અ) આંગી (બ) બરમૂંડો (ક) પિતાંબર **(ડ) ધોતિયું**

(૪) હાલના સમયમાં યુવાનો કયું વસ્ત્ર પહેરે છે ?

(અ) પિતાંબર (બ) આંગી (ક) ધોતી **(ડ) પેન્ટ-શર્ટ**

**૩. કૌંસમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલીજગ્યા પૂરો.**

(૧) સ્ત્રીઓ મોં ઉપર જે કપડું ઢાંકે છે તેને **ઘૂંઘટ** કહે છે.(પાલવ, **ઘૂંઘટ**)

(૨) ઘરડા લોકો માથે **પાઘડી** પહેરે છે. (**પાઘડી,** ટોપો)

(૩) ઘરમાં બારીએ **પડદો** જોવા મળે છે. (**પડદો,** ઘૂંઘટ)

(૪) લગ્ન વખતે માંડવે **ચંદરવો** જોવા મળે છે. (**ચંદરવો,** રેજો)

**૪. નીચે આપેલાં વિધાનો સામે ✓ ખરાં કે ✗ ખોટાંની નિશાની કરો.**

(૧) સાજીદાને ઓઢણી નાની બહેને આપી હતી. – ✗

(૨) ગાદલાં ઢાંકવાનું વસ્ત્ર પાગરણ છે. – ✗

(૩) રાત્રે પુરુષો મોટેભાગે લુંગી પહેરે છે. – ✓

(૪) ઘાસ બાંધવાના વસ્ત્રને ચારિયું કહે છે. – ✓

(૫) દોઢ પને સીવેલા વસ્ત્રને દોઢિયું કહે છે. – ✓

**૫. ખોટા શબ્દો પર ચેકો મારો**

(૧) માથે બાંધવાના કપડાંને ~~**સૂફ**~~ / **ફેંટો** કહે છે.

(૨) કન્યા પરણતી વખતે ધોળું વસ્ત્ર **પાનેતર** / ~~**મોરબુટ્ટી**~~ પહેરે છે.

(૩) **નાની** / ~~**મોટી**~~ છોકરીઓ ગંજીફરાક પહેરે છે.

(૪) શણના કાપડને ~~**બનાત**~~ / **કંતાન** કહે છે.

(૫) **ઓછાડ** / ~~**રજાઈ**~~ ગાદલા ઉપર જોવા મળે છે.

**૬. યોગ્ય જોડકાં જોડો.**

| | અ | ઉત્તર | | બ |
|---|---|---|---|---|
| (૧) | ટૂંકી ચોરણી | **લેંઘો** | (ક) | રૂમાલ |
| (૨) | ટૂંકી બાયનું પહેરણ | **સદરો** | (ખ) | ગાઉન |
| (૩) | કપડાંનો ટુકડો | **રૂમાલ** | (ગ) | ખેસ |
| (૪) | ખભે નાખવાનું વસ્ત્ર | **ખેસ** | (ઘ) | સદરો |
| (૫) | સ્ત્રીઓનો લાંબો ખૂલતો ઝભ્ભો | **ગાઉન** | (ચ) | લેંઘો |

**૭. દરેકનાં બે - બે નામ લખો.**

(૧) સાજીદાની ઓઢણીમાં : (૧) **ભરતકામ** (૨) **આભલાં**

(૨) વણાટવાળા કપડાંમાં હોય છે. : (૧) **તાણો** (૨) **વાણો**

(૩) સાડીમાં જોવા મળતી ડિઝાઈન : (૧) **ફૂલની** (૨) **પાંદડાંની**

(૪) સાડીમાં જોવા મળતા કલર : (૧) **પીળો** (૨) **લાલ**

(૫) સાડીમાં જોવા મળતી ફળની ડિઝાઈન: (૧) **સફરજન** (૨) **ટમેટું**

**૮. મને ઓળખી મારું નામ લખો.**

(૧) હું કપડાંની પટ્ટી છું. છોકરીઓ માથામાં મારો ઉપયોગ કરે છે. : **રીબિન**

(૨) હું જાડું કાપડ છું. ચિત્રકારો મારો ઉપયોગ કરે છે. : **કેનવાસ**

(૩) હું ઊનનું કાપડ છું. : **સૂફ**

(૪) હું વહાણને ગતિ આપવામાં કામ લાગું છું. : **સઢ**

(૫) હું ફાડ્યા વિનાનું લાંબું કાપડ છું. : **પનો**

**૯. નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.**

**(૧) વસ્ત્રો શાનાં બનેલાં હોય છે ?**

**ઉત્તર:** વસ્ત્રો રેશમ, સુતરાઉ, શણ, ઊનના તારમાંથી બનાવેલા હોય છે.

**(૨) નાના બાળકને ક્યાં કપડાં પહેરાવાય છે ?**

**ઉત્તર:** નાનાં બાળકને ઝભલું, લેંઘી, ચડ્ડી, પહેરણ, ગંજી, પેન્ટ, ઝભ્ભો વગેરે પહેરાવાય છે.

**૧૦. તફાવતના બે - બે મુદ્દાઓ લખો.**

| સુતરાઉ કાપડ | રેશમી કાપડ |
|---|---|
| **૧.** સુતરાઉ કાપડમાં સૂતરના કપાસના તાર હોય છે. | **૧.** રેશમી કાપડમાં રેશમના તાર હોય છે. |
| **૨.** સુતરાઉ કાપડમાં ગરમી ઓછી લાગે છે. | **૨.** રેશમી કાપડમાં ગરમી વધુ લાગે છે. |
| **૩.** સુતરાઉ કાપડ સસ્તું હોય છે. | **૩.** રેશમી કાપડ મોંઘુ હોય છે. |
| **૪.** સુતરાઉ કાપડ ઓછું ટકાઉ હોય છે. | **૪.** રેશમી કાપડ વધુ ટકાઉ હોય છે. |

## ચાલો, પ્રવૃત્તિ કરીએ :

**૧. તમારી મનપસંદ ડીઝાઈન દોરો.**

## પ્રોજેક્ટવર્ક

૧. **તમારા ઘરની કોઈ એક ચીજ પડદો, ઓછાડ, શેતરંજી જુઓ. તેમાં દેખાતી ડિઝાઈન અહીં બનાવો અથવા છાપ પાડો.**



## વિદ્યાર્થીઓ આ એકમમાંથી શું શીખે છે, જાણે છે.

૧. જુદાં જુદાં કાપડની માહિતીને જાણે છે.
૨ જુદાં જુદાં કાપડનો તફાવત જાણે છે.
૩. તાણો અને વાણો એટલે શું તે સમજે છે.
૪. શણનું કાપડ, રેશમી કાપડ, સુતરાઉ કાપડ જુએ છે - સમજે છે.
૫. કપડાંના જુદા જુદા રંગો વિશે જાણે છે.
૬. માથે બાંધવાનાં કપડાં વિશે જાણે છે.
૭. નાનાં બાળકોને પહેરવાનાં કપડાં વિશે જાણે છે.
૮. મોટી ઉંમરના લોકો જે પહેરે છે તે કપડાં વિશે જાણે છે.

# ૨૪. જીવનનું જાળું

**ચર્ચા ✕ કહો ✕ લખો ✕ વિચારો ✕ બનાવો ✕ શોધી કાઢો**

વૃક્ષ, પાણી, ઘર, હવા, સૂર્ય, ઘણી બધી વસ્તુઓ આપણા જીવનની સાથે સંકળાયેલી છે.

ઘણી બધી વસ્તુઓ ઘર સાથે સંકળાયેલી છે. બીજી ઘણી બધી વસ્તુઓ ખોરાક સાથે સંકળાયેલી છે.

### ● એકમની સમજ આપતી મુખ્ય પ્રશ્નોત્તરી :

**૧. ઘર શાનું (કઈ કઈ વસ્તુઓથી) બનેલું છે ?**

**ઉત્તરઃ** લાકડું, માટી, ઈંટ, સિમેન્ટ, પાણી, રેતી, લોખંડ, ટાઈલ્સ, પથ્થર વગેરેનું બનેલું છે.

**૨. ખાટલો બનાવવા કઈ કઈ સામગ્રીની જરૂર પડે છે ?**

**ઉત્તરઃ** લાકડું, સૂતરની દોરી (વાણ), કરવત, વાંસલો, વગેરે વસ્તુઓની ખાટલો બનાવવા જરૂર પડે.

**૩. ખાટલાને બદલે બીજી કઈ વસ્તુ વાપરી શકાય ?**

**ઉત્તરઃ** ખાટલાને બદલે પલંગ, સોફા, ડબલબેડ વાપરી શકાય.

## મૂલ્યાંકનલક્ષી વિશેષ પ્રવૃત્તિઓ

**૧. નીચેનાં ચિત્રોને ઓળખી તેનું નામ લખો.**

| | | | |
|---|---|---|---|
|  |  |  |  |
| **ચંદ્ર** | **ખિસકોલી** | **છોડ** | **પાણી** |

| | | | |
|---|---|---|---|
|  |  |  |  |
| સૂર્ય | ઘાસ | ફૂલ | નાગ |

ખિસકોલી, પાણી, સૂર્ય, ઘાસ, ચંદ્ર, ફૂલ, છોડ, નાગ

**૨. નીચેના પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરી તેનો ક્રમ લખો.**

**(૧) નીચેનામાંથી કયું માટીનું વાસણ છે ?**

**(અ) દોણી** (બ) ખાંડણી (ક) બાજોઠ (ડ) લોઢી

**(૨) નીચેનામાંથી કયું કાચનું વાસણ છે ?**

(અ) ઢોચકી **(બ) રકાબી** (ક) દાબડી (ડ) દોણી

**(૩) નીચેનામાંથી કઈ લાકડાની વસ્તુ છે ?**

(અ) ચશ્માં (બ) બાલદી (ક) મિજાગરું **(ડ) પટારો**

**૩. કૌંસમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલીજગ્યા પૂરો.**

(૧) ઉંદર **દર**માં રહે છે. (માળો, **દર**)

(૨) **ચાંદા**નો પ્રકાશ શીતળ છે. (**ચાંદા**, સૂર્ય)

(૩) ખિસકોલી **બે** પગથી ખોરાકને પકડે છે. (**બે**, ચાર)

(૪) **હવા** વગર માણસ રહી શકતો નથી. (ખોરાક, **હવા**)

(૫) **ચકલી** જીવ-જંતુઓ ખાય છે. (**ચકલી**, ખિસકોલી)

**૪. નીચે આપેલાં વિધાનો સામે ☑ ખરાં કે ☒ ખોટાંની નિશાની કરો.**

(૧) લાકડું આપણને વૃક્ષમાંથી મળે છે. – ☑

(૨) ખાટલો લાકડાંમાંથી બને છે. – ☑

(૩) ઈંઢોણી ઘાસમાંથી બનતી નથી. – ☒

(૪) કંકાવટીમાં ગુલાલ હોય છે. – ☒

(૫) દોણી પ્લાસ્ટિકમાંથી બને છે. – ☒

**૫. ખોટા શબ્દ પર ચેકો મારો**

(૧) ખજૂરીનાં પાંદડાંમાંથી **~~સાવરણી~~** / **સાવરણો** બને છે.

(૨) પીંછી **~~ગાય~~** / **ખિસકોલીના** વાળમાંથી બને છે.

(૩) સાણસી **~~પ્લાસ્ટિકમાંથી~~** / **લોખંડમાંથી** બને છે.

(૪) ખાટલાની દોરી **કપાસ** / **~~કપડાં~~** માંથી બને છે.

(૫) બારણાનું ચોકઠું, બારસાખ **~~પ્લાસ્ટિકમાંથી~~** / **લાકડામાંથી** બને છે.

**૬. યોગ્ય જોડકાં જોડો.**

| | અ | ઉત્તર | | બ |
|---|---|---|---|---|
| (૧) | ખાનાંવાળી કોથળી | **ખલેચી** | (ક) | ગલ્લો |
| (૨) | નાણું રાખવાનું ઠામ | **ગલ્લો** | (ખ) | દીવી |
| (૩) | પાણી ગરમ કરવાનું ઠામ | **ઉનામણિયું** | (ગ) | કાંઠલો |
| (૪) | દીવો મૂકવાની ઘોડી | **દીવી** | (ઘ) | ઉનામણિયું |
| (૫) | ઘડાનું ગળું | **કાંઠલો** | (ચ) | ખલેચી |

**૭. દરેકના બે - બે નામ લખો.**

(૧) જીવનમાં જરૂરી હોય તેવી વસ્તુઓ: (૧) **હવા** (૨) **પાણી**

(૨) ઈંટ બનાવવા વપરાતી વસ્તુઓ : (૧) **માટી** (૨) **પાણી**

(૩) પાણી મળે તેવાં સ્થળો : (૧) **તળાવ** (૨) **કૂવો**

(૪) ઢોરનો ખોરાક : (૧) **ઘાસ** (૨) **દાણા**

(૫) જમીનમાંથી મળતી વસ્તુઓ : (૧) **અનાજ** (૨) **પાણી**

**૮. મને ઓળખી મારું નામ લખો.**

(૧) હું માણસને રહેવાનું સ્થળ છું. : **ઘર**

(૨) હું પૂર્વમાં ઊગું છું અને પશ્ચિમમાં આથમું છું. : **સૂર્ય**

(૩) મારાં બચ્ચાંને વાછરડું કહે છે. : **ગાય**

(૪) પક્ષીઓ મારામાં ઈંડાં મૂકે છે. : **માળો**

**૯. નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.**

**(૧) પહેલાંના વખતમાં લોકો અનાજ શામાં ભરતાં હતાં ?**

**ઉત્તર:** પહેલાંના વખતમાં લોકો અનાજ માટીની કોઠીમાં ભરતાં હતાં.

**(૨) પાંદડાંમાંથી બનાવેલા વાટકાને શું કહેવાય ?**

**ઉત્તર:** પાંદડાંમાંથી બનાવેલા વાટકાને પડિયો કહેવાય છે.

## ચાલો, પ્રવૃત્તિ કરીએ :

૧. ઈંટ દોરો અને તેની ઉપર તમારું નામ લખો.




## પ્રોજેક્ટવર્ક

૧. નીચેની વસ્તુઓ પ્લાસ્ટિક, લોખંડ કે લાકડું શામાંથી બનેલ છે. તેનું વર્ગીકરણ કરો.

(ડોલ, સોય, સાવરણો, ટબ, ખાંડણી, લોઢી, કાંસકી, કંપાસ બૉક્સ, સાણસી, પરાઈ, સૂડી, ચાખડી, કાંસકો, ફૂટપટ્ટી, ટબ, બ્રશ, શીશી, વૉટરજગ, બારણું, ખાટલો, પલંગ, ડબ્બો, ઓરસિયો, વેલણ, ચીપિયો, તવેથો)

| લોખંડની વસ્તુઓ | પ્લાસ્ટિકની વસ્તુઓ | લાકડાની વસ્તુઓ |
|---|---|---|
| ડોલ, સોય, ખાંડણી, લોઢી, કંપાસબોક્સ, સાણસી, પરાઈ, સૂડી, પલંગ, ચીપિયો, તવેથો | ડોલ, સાવરણો, ટબ, કાંસકી, કંપાસ, કાંસકો ફૂટપટ્ટી, બ્રશ, શીશી વૉટરજગ, ડબ્બો | કાંસકી, કાંસકો ચાખડી, ફૂટપટ્ટી, તવેથો બારણું ખાટલો, વેલણ ઓરસિયો, વેલણ, |

## વિદ્યાર્થીઓ આ એકમમાંથી શું શીખે છે, જાણે છે.

૧. વૃક્ષ, પાણી, ઘર, સૂર્ય, હવા આપણને ઉપયોગી બને છે તે જાણે છે.
૨. ચિત્રોને ઓળખી તેનાં નામ લખી શકે છે.
૩. ખાટલો, ઈંઢોણી, ચટાઈ, શામાંથી બને છે તે જાણે છે.
૪. ઈંટ કઈ રીતે બનાવાય તે સમજે છે.
૫. પ્લાસ્ટિક, લોખંડ, લાકડાની વસ્તુઓનાં નામને જાણે છે.
૬. પહેલાંના વખતના અને આજના લોકો વિશે જાણકારી મેળવે છે.
૭. માટીનાં વાસણો વિશે જાણકારી મેળવે છે.
૮. ઘરની નાનીમોટી વસ્તુઓનાં નામને જાણે છે.

# ૨૫ મારો તાલુકો

**ચર્ચા ✻ કહો ✻ લખો ✻ વિચારો ✻ બનાવો ✻ શોધી કાઢો**

ઋચન જેપુર ગામમાં રહે છે. જેપુરની ઉત્તરે ફૂલું, દક્ષિણે હરિપુરા, પૂર્વે, હાથીપુરા, પશ્ચિમે આગલોડ ગામો આવેલાં છે.

ગુજરાતમાં બસો પચાસ તાલુકાઓ છે. ગામોના સમૂહથી તાલુકો બને છે.

રતન વડોદરા જિલ્લાની છે. વડોદરાની ઉત્તરે સાવલી, દક્ષિણે કરજણ, પૂર્વે પાદરા અને પશ્ચિમે વાઘોડિયા તાલુકાઓ છે.

કેટલાક તાલુકાના સમૂહથી જિલ્લો બને છે.

**● એકમની સમજ આપતી મુખ્ય પ્રશ્નોત્તરી :**

**૧. તમે રહો છો ત્યાં આસપાસ કયા ગામ છે ?**

**ઉત્તરઃ** અમારી આસપાસ ભુવાલડી, ઝાણું, સીંગરવા ગામો આવેલાં છે.

**૨. તમારું ગામ કયા તાલુકામાં આવેલું છે ?**

**ઉત્તરઃ** મારું ગામ દસક્રોઈ તાલુકામાં આવેલું છે.

**૩. તમારા ગામની આસપાસ કયા ગામો આવેલાં છે.**

**ઉત્તરઃ** અમારા ગામની આસપાસ દાહોદ, વીંઝવાડા, દસાડા, માંડલ વગેરે ગામો આવેલાં છે.

**૪. વડોદરા જિલ્લામાં કયા કયા તાલુકાઓ છે ?**

**ઉત્તરઃ** વડોદરા જિલ્લામાં વાઘોડિયા, કરજણ, પાદરા, સાવલી વગેરે તાલુકાઓ આવેલાં છે.

**૫. તમારા તાલુકાની આસપાસના તાલુકાઓના નામ લખો.**

**ઉત્તરઃ** મારા તાલુકાની આસપાસના તાલુકાઓ, ગોંડલ, સાણંદ, વિરમગામ, પાટડી છે.

## મૂલ્યાંકનલક્ષી વિશેષ પ્રવૃત્તિઓ

૧. નીચે આપેલ ગુજરાતના નકશામાં તમારા તાલુકામાં ::: ટપકાં કરીને દર્શાવો.




૨. નીચેના પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરી તેનો ક્રમ લખો.

(૧) ઋચન ક્યાં રહે છે ?

**(અ) જેપુર** (બ) જેતપુર (ક) જયપુર (ડ) જમિયતપુર

(૨) અમદાવાદ કઈ નદીના કિનારે આવેલું છે ?

(અ) ખારી (બ) નર્મદા (ક) તાપી **(ડ) સાબરમતી**

(૩) ઘણાં બધાં ગામના સમૂહથી શું બને છે ?

**(અ) તાલુકો** (બ) જિલ્લો (ક) રાજ્ય (ડ) દેશ

(૪) હનુમાનજીનું પ્રખ્યાત મંદિર ક્યાં આવેલું છે ?

(અ) શાંતિપુર **(બ) સાળંગપુર** (ક) અમદાવાદ (ડ) વડોદરા

૩. કૌંસમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલીજગ્યા પૂરો.

(૧) **ગરમ** પાણીના કુંડ લસુંદ્રામાં આવેલા છે. (ઠંડા, **ગરમ**)

(૨) દાદા હરિની વાવ **અમદાવાદ**માં આવેલી છે. (રાજકોટ, **અમદાવાદ**)

(૩) તાલુકાના સમૂહથી **જિલ્લો** બને છે. (**જિલ્લો**, રાજ્ય)

(૪) રતન **વડોદરા** જિલ્લામાં રહે છે. (અમદાવાદ, **વડોદરા**)

૪. **નીચે આપેલાં વિધાનો સામે ☑ ખરાં કે ☒ ખોટાંની નિશાની કરો.**

(૧) બાંઠીવાડા મેઘરજ તાલુકામાં આવેલું છે. – ☑

(૨) જિલ્લાના સમૂહથી રાજ્ય બને છે. – ☑

(૩) દૂધિયું તળાવ આણંદમાં આવેલું છે. – ☒

(૪) સુરત શહેર નર્મદા નદીના કિનારે આવેલું છે. – ☒

(૫) વડોદરા પાસેથી વિશ્વામિત્રી નદી વહે છે. – ☑

૫. **ખોટા શબ્દ પર ચેકો મારો**

(૧) મહેમદાવાદ **વાત્રક** / **~~સાબરમતી~~** નદીના કાંઠે આવેલું છે.

(૨) અમદાવાદ **અહમદશાહ** / **~~શાહજહાં~~** એ વસાવ્યું હતું.

(૩) મોરબી શહેર **મચ્છુ** / **~~નર્મદા~~** નદીકાંઠે છે.

૬. **યોગ્ય જોડકાં જોડો.**

| | અ | | ઉત્તર | | બ |
|---|---|---|---|---|---|
| (૧) | વઢવાણ | – | **સ્વામિનારાયણ મંદિર** | (ક) | આયના મહેલ |
| (૨) | વડનગર | – | **તાનારીરીની સમાધિ** | (ખ) | મુનસર તળાવ |
| (૩) | વિરમગામ | – | **મુનસર તળાવ** | (ગ) | અમૂલ ડેરી |
| (૪) | આણંદ | – | **અમૂલ ડેરી** | (ઘ) | સ્વામિનારાયણ મંદિર |
| (૫) | ભુજ | – | **આયના મહેલ** | (ચ) | તાનાગીરીની સમાધિ |

૭. **દરેકનાં બે - બે નામ લખો.**

(૧) ભાવનગરનાં જોવાલાયક સ્થળો : (૧) **માળનાથ**
(૨) **બોરતળાવ**

(૨) અમદાવાદનાં જોવાલાયક સ્થળો : (૧) **સીદીસૈયદની જાળી**
(૨) **કાંકરિયા તળાવ**

(૩) ગાંધીનગરનાં જોવાલાયક સ્થળો : (૧) **અક્ષરધામ મંદિર**
(૨) **ઇંદ્રોડા નેચર પાર્ક**

૮. **મને ઓળખી મારું નામ લખો.**

(૧) હું રાજ્ય છું. મારા બસો પચાસ તાલુકાઓ છે.: **ગુજરાત**

(૨) ગુજરાતમાં સૌથી વધુ જૈન મંદિરો મારે ત્યાં છે.: **પાલિતાણા**

(૩) મારે ત્યાં અશોકનો શિલાલેખ આવેલો છે. : **જૂનાગઢ**

**૯. નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.**

**(૧) સૌરાષ્ટ્રમાં આવેલાં ધાર્મિક સ્થળો કયા-કયા છે ?**

**ઉત્તર:** વીરપુરમાં જલારામ મંદિર, સોમનાથ-શિવમંદિર, દ્વારકા શ્રીકૃષ્ણ મંદિર, સત્તાધાર-આપાગીગાની સમાધિ વગેરે સૌરાષ્ટ્રમાં આવેલાં છે.

**(૨) ભાવનગરનું શું શું વખણાય છે ?**

**ઉત્તર:** ભાવનગરના ગાઠિયાં વખણાય છે.

**(૩) વડોદરાનું શું - શું વખણાય છે ?**

**ઉત્તર:** વડોદરાના ઢોકળાં, ચેવડો વગેરે વખણાય છે.

**૧૦. ચિત્ર જોઈને પ્રશ્નોના જવાબ લખો.**




(૧) જેપુરની પૂર્વ દિશામાં કયું ગામ છે ? - **ફલુ ગામ**

(૨) જેપુરની પશ્ચિમ દિશામાં કયું ગામ છે ? - **હીરપુરા ગામ**

(૩) જેપુરની ઉત્તર દિશામાં કયું ગામ છે ? - **હાથીપુરા ગામ**

(૪) જેપુરની દક્ષિણ દિશામાં કયું ગામ છે ? - **આગલોડ ગામ**

**૧૧. નીચેનામાં તમારી માહિતી લખો.**

(૧) તમારું નામ : **જીતેન્દ્ર પ્રહ્લાદભાઈ પંચાલ**

(૨) તમારું ગામ : **વરમોર**

(૩) તમારો તાલુકો : **માંડલ**

(૪) તમારો જિલ્લો : **અમદાવાદ**

(૫) તમારા ગામની આસપાસનાં ગામો : **દાલોદ, વીંઝવાડા, દસાડા, માંડલ**

(૬) તમારા ગામનાં જોવાલાયક સ્થળો : **પખાણિયાનો કૂવો, શિવમંદિર**

**૧૨. ચિત્ર જોઈને પ્રશ્નોના જવાબ લખો.**




**(૧) વડોદરા એ શું છે ?**

**ઉત્તરઃ** વડોદરા એ જિલ્લો છે.

**(૨) વડોદરા જિલ્લાની પૂર્વ દિશામાં કયો તાલુકો છે ?**

**ઉત્તરઃ** વડોદરાની જિલ્લાની પૂર્વ દિશામાં સાવલી તાલુકો આવેલો છે.

**(૩) વડોદરા જિલ્લાની પશ્ચિમે કયો તાલુકો છે ?**

**ઉત્તરઃ** વડોદરાની જિલ્લાની પશ્ચિમે કરજણ તાલુકો આવેલો છે.

**(૪) વડોદરા જિલ્લાની ઉત્તરે કયો તાલુકો છે ?**

**ઉત્તરઃ** વડોદરાની જિલ્લાની ઉત્તરે પાદરા તાલુકો આવેલો છે.

**(૫) વડોદરા જિલ્લાની દક્ષિણે કયો તાલુકો છે ?**

**ઉત્તરઃ** વડોદરાની જિલ્લાની દક્ષિણે વાઘોડિયા તાલુકો છે.

## ચાલો, પ્રવૃત્તિ કરીએ :

**૧. દસક્રોઈ તાલુકાની વિગત જાણો અને લખો.**

**પશુ :** ૧૨૫૦,

**વાહન :** દ્વિચકી - ૩૬૮૦, ચાર પૈડાંવાળાં - ૬૮૯૦

**ધાર્મિક સ્થળો :** ઝાણું ગામે શિવમંદિર, લાંભાશીતળા માતાજીનું મંદિર,

**જોવાલાયક સ્થળો :**

## પ્રોજેક્ટવર્ક

૧. વિચારો અને લખો. (તમારા સગા-સંબંધીની વિગત લખો.)

| ક્રમ | તાલુકાનાં નામ | ગામનું નામ | કોણ રહે છે ? | તેઓ શું કરે છે ? |
|---|---|---|---|---|
| ૧ | મેઘરજ | બાંઠીવાડા | મોટાભાઈ | નોકરી |
| ૨ | માંડલ | વરમોર | ભગવતીબેન | શિક્ષિકા |
| ૩ | દસક્રોઈ | ભુવાલડી | વનિતાબેન | શિક્ષિકા |
| ૪ | દસક્રોઈ | પસુંજ | જગદીશભાઈ | તલાટી |
| ૫ | સાણંદ | બોળ | દાદા | ગ્રામસેવક |

## વિદ્યાર્થીઓ આ એકમમાંથી શું શીખે છે, જાણે છે.

૧. ચાર દિશાઓની ઓળખ મેળવે છે.
૨. ગામની આસપાસનાં ગામોના પરિચય કેળવે છે.
૩. બાળકનું ગામ, કયા તાલુકામાં અને કયા જિલ્લામાં છે તે જાણે છે.
૪. તાલુકો ક્યારે બને છે તે જાણે છે.
૫. જિલ્લો ક્યારે બને છે તે જાણે છે.
૬. તાલુકાના પશુ, વાહન, ધાર્મિક સ્થળો, જોવાલાયક સ્થળોની માહિતી મેળવે છે.
૭. ગુજરાતના કેટલા તાલુકાઓ છે તે જાણે છે.
૮. ગામના લોકજીવન વિશે જાણે છે.

# ✻ મૂલ્યાંકનલક્ષી નમૂનારૂપ આદર્શ પ્રશ્નપત્ર-૧

**સમય : ૨ કલાક** | **અભ્યાસક્રમ : એકમ ૧૩ થી ૨૫** | **કુલ ગુણ : ૪૦**

**પ્ર-૧. (અ) નીચેના પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરી તેનો ક્રમ ☐ માં લખો.** (૪)

**(૧) બ્રેઈલલિપિની શોધ કોણે કરી ?** – ☐

(અ) ગેલેલિયો (બ) લુઈઝ બ્રેઈલ

(ક) આર્કિમિડિઝ (ડ) એડવર્ડ જેનર

**(૨) ભારતનું પાટનગર કયું છે ?** – ☐

(અ) અમદાવાદ (બ) કાશ્મીર (ક) દિલ્હી (ડ) ગાંધીનગર

**(૩) ઈગ્લુ એટલે શું ?** – ☐

(અ) બરફનું ઘર (બ) લાકડાંનું ઘર

(ક) ઘાસ-પાંદડાંનું ઘર (ડ) ઝાડ ઉપરનું ઘર

**(૪) સામ-સામે વાતચીત કરવાનું સાધન નીચેનામાંથી કયું છે ?** – ☐

(અ) કમ્પ્યૂટર (બ) ટીવી (ક) રેડિયો (ડ) મોબાઈલ

**(બ) મને ઓળખી મારું નામ લખો.** (૪)

(૧) હું ઘરમાં જોવા મળતું પાલતું પ્રાણી છું.

(૨) મારું ટૂંકું નામ ટી.વી. છે.

(૩) મારાં બચ્ચાને ગલુડિયું કહે છે.

(૪) હું માધોના ઘરમાં પાણી લાવું છું.

**(ક) કૌંસમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલીજગ્યા પૂરો.** (૪)

(૧) .................... ફૂટબૉલની ટીમમાં પસંદ થઈ. **(સીમા, હેમા)**

(૨) કુંભાર .................... બનાવે છે. **(ખુરશી, ઘડો)**

(૩) મિતાલી .................... થી આવી હતી. **(રાજકોટ, અમદાવાદ)**

(૪) ટપાલપેટીનો રંગ .................... હોય છે. **(વાદળી, લાલ)**

**પ્ર-૨ (અ) દરેકનાં બે - બે નામ લખો.** (૪)

(૧) પોસ્ટ ઑફિસમાંથી મળતી વસ્તુઓ

(૨) જૂથમાં રમવાની રમતો

(૩) વાડામાં રહેતાં પ્રાણીઓ

(૪) પંખીઓનો ખોરાક

**(બ) આપેલાં વિધાનો સામે ☑ ખરાં કે ☒ ખોટાંની નિશાની કરો.** (૪)

(૧) વડોદરા એ તાલુકો છે. – ☐

(૨) જલારામ બાપાનું પ્રખ્યાત મંદિર જૂનાગઢમાં આવેલું છે. – ☐

(૩) ઈંટ માટીમાંથી બને છે. – ☐

(૪) સાજીદાની ઓઢણીમાં ચોરસ ડિઝાઈન છે. – ☐

**(ક) ખોટા શબ્દ ઉપર ચેકો મારો.** (૪)

(૧) હાથની નાની પાતળી આંગળીને **અંગૂઠો** / **ટચલી આંગળી** કહે છે.

(૨) **માધો** / **માધવ** બીજલપુરમાં રહે છે.

(૩) **રાજસ્થાન** / **ગુજરાતમાં** ભૂગર્ભટાંકા વધુ છે.

(૪) **ભૂંડ** / **કૂતરો** પાલતું પ્રાણી છે.

**પ્ર-૩ (અ) યોગ્ય જોડકાં જોડો.** (૪)

| (અ) | (બ) |
|---|---|
| (૧) વણકર | (અ) ગાદલાં બનાવે |
| (૨) પીંજારો | (બ) ઘાણી ફેરવે |
| (૩) સુથાર | (ક) ફર્નિચર બનાવે |
| (૪) ઘાંચી | (ડ) કાપડ વણે |

**(બ) નીચેના પ્રશ્નોના જવાબ એક જ વાક્યમાં લખો.** (૪)

(૧) સાજીદાની ઓઢણી કેવી રીતે બનાવાઈ હશે ?

(૨) કઈ કઈ વસ્તુઓ તમારી પાછળ છે ?

(૩) શાળામાં તમને કોની સાથે વધારે ગમે છે ?

(૪) સીતાના પરિવારમાં કોણ કોણ છે ?

**પ્ર-૪ (અ) નીચેનાં કારણો લખો.** **(૪)**

(૧) બહુમાળી મકાનમાં લિફ્ટ હોય છે, કારણ કે...

(૨) કાગડાએ પાણી પીધું ખરું, કારણ કે...

(૩) અમદાવાદને અહમદાબાદ પણ કહે છે, કારણ કે...

(૪) ગાદલાં ઉપર ઓછાડ પથરાય છે, કારણ કે...

**(બ) તફાવતના બે - બે મુદ્દાઓ લખો.** **(૪)**

(૧) ગંદાં કપડાં --- સુંદર કપડાં

પ્રવૃત્તિઓ અને લેખન-વાચન મહાવરા દ્વારા સરળતાથી અંગ્રેજી શીખવતી પુસ્તક શ્રેણી...

# Alankar ENGLISH STEP BOOK

(પાઠ્યપુસ્તક અને સ્વાધ્યાયપોથી)

ચાર ભાગમાં
ઉપલબ્ધ




**નોંધપાત્ર વિશેષતાઓ :**

- ખૂબ જ સુંદર ચિત્રો દ્વારા અંગ્રેજી શીખવતાં પુસ્તકો.
- મૌલિકતા ખીલવતાં પુસ્તકો.
- લેખન મહાવરા માટે પુરતી જગ્યા.
- સેમેસ્ટર પદ્ધતિ મુજબ અભ્યાસક્રમનું વિભાજન.
- યુનિટ ટેસ્ટ અને પુનરાવર્તન વડે ક્રમશઃ અભ્યાસક્રમ.
- ABCD થી પાયાના વ્યાકરણ સુધીનો સમાવેશ.
- અંગ્રેજી વિષય રસપૂર્વક શીખે તેવી જ્ઞાનવર્ધક પ્રવૃત્તિઓ.
- લેખન માટે જરૂર જણાય ત્યાં ફોરલાઇનમાં લેખન.
- પ્રશ્નપત્રના માળખાની સમજ અને પુનરાવર્તન હેતુ એકમ કસોટીઓ.
- વર્કશીટ પેટર્નથી અભ્યાસક્રમની સાતત્યપૂર્ણ ગોઠવણી.
- હોમવર્ક શીટના માધ્યમથી ગૃહકાર્યની નોંધ.

*Very unique to learn...*

Alankar™
Publication